કિં. ₹૨૦/-
પાના નં.૧

ડિસેમ્બર ૨૦૧૯
જાન્યુઆરી ૨૦૨૦

સળંગ અંક: ૮૪
વર્ષ : ૧૪

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
શ્રેષ્ઠાનિ વિદ્યા દાનાનિ સર્વદા



## સંયુક્ત સમાજ
## સબળ અવાજ

## ॥ માતા સરસ્વતી શારદા ॥
## વસંતનાં વધામણા

૩૩મો સમુહ લગ્ન સમારોહ ભુજ...૮ | એલ. એમ. પોમલ માર્ગ- ભુજ...૩૨ | ITTF World Vetrans Tournament આંતરરાષ્ટ્રિય વિરલ સિદ્ધિ ..૪૪

Bhartbhai Soni | Bhaumik Soni | Nishant Soni

The original (TM) Since 1973

# Shree Ambica Touch

Gold Testing Lab. | Bullion | Refiners

## Now we are NABL Accredited Lab. (Indian Gov. Approved)

**Special Services Available**

**Manual Gold Testing Lab. | Computerized Gold Testing Lab.**
**Fire Assay Gold Testing Lab. | Gold Bullion (Online Gold Rate)**
**Gold Melting & Refining Services | Gold Bar Making Service**

આપનાં સોનાની સામે ૯૯.૯૦% ની શુધ્ધતા વાળા ગોલ્ડબાર દરેક સાઈઝમાં ઉપલબ્ધ રહેશે.




"Gold Bars with Security Code"

**"Bhaumik Jewellers"**

First Ever in Gujarat - Online Gold Booking / Live Rate from Website & Mobile App

**www.shreeambicabullion.com**

Available on the App Store | Available on the Android App Store

We Provide "POWDER FREE" 99.90% Purity Reg. Gold Bars

| C. G. Road | Satellite | Vaadaj | Manekchowk |
|---|---|---|---|
| (079) 26461281 | (079) 26751281 | (079) 27642281 | (079) 22153581 |

**Corporate Office:** GF-01, Gold Souk Complex, B/h. Sapphire Tower, Nr. Iscon Arcade, C.G. Road, Ahmedabad-6, Gujarat. **Phone:** 26461281, 30001281 | **Help Line No.: 94287 39422**

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૪ ● અંક : ૫

ડિસેમ્બર-૨૦૧૯ / જાન્યુઆરી-૨૦૨૦

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**ડિઝાઈન / મુદ્રણ આયોજન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

**જ્ઞાતિ પ્રમુખ**

ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧

● **ભુજ**
મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

● **આદિપુર**
સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧

● **ગાંધીધામ**
કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧

● **માંડવી**
વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦

**માનદ્ સંયોજક (ભુજ)**

સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય** : ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨

**વેબ સાઈટ** : www.gnyatisetu.com

**ઈ-મેલ** : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



*ઈ.સ. ૨૦૨૦ના વર્ષારંભે, સર્વે વાચકોને નવ-વર્ષ શુભેચ્છા. આ અંકમાં પૃષ્ઠ ૨૭ પર આદિપુરના કવિતાબેન સોલંકીનું એક કાવ્ય છે, એની એક પંક્તિ અત્રે પ્રસ્તુત છે :*

***"નવ-વર્ષે 'નવ-મિલન'નો છે પ્રયાસ થયો***
***વાવેલા એક સ્વપ્નાનો, છે આ વિકાસ થયો."***

*આ નવ-વર્ષે, એટલે કે એકવીસમી સદીના ત્રીજા દાયકાના ઉંબરે, આપણા સમાજે સામાજીક ઐક્ય અને સર્વાંગી વિકાસના સેવેલા સ્વપ્નને યાદ કરી, એને સાકાર કરવાના, સમાજના સંગઠિત પ્રયાસોની એક ઝલકનો આ અંકમાં ગૌરવસભર અહેસાસ કરીએ.*

*કેશોદની સંવેદના-૨૦૧૯ શિબિર, અમદાવાદના ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અને સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ તેમજ જુનાગઢ અને ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ તથા અમદાવાદ, આદિપુર, રાયપુર આદિ સ્થળોએ સક્રિય આપણા સમાજના મંડળોના, આ અંકમાં પ્રકાશિત અહેવાલો, આપણી સામાજીક ઐક્ય સાધવાની ઉત્કટ ભાવના અને વિકાસોન્મુખ પ્રવૃત્તિઓની પ્રતીતિ કરાવે છે. સાથે સાથે માંડવીની જન-કલ્યાણ સોસાયટીનો પરિચય આપતો ભુજના શ્રી મહેશભાઈ કંસારાનો લેખ, અન્ય સંસ્થાઓ સાથે સક્રિય સહયોગ સાધવાની આપણી ભાવના અને પ્રયાસ ઉજાગર કરે છે. સોનામાં સુગંધ સમાન આ અંકમાં આપણા સમાજ સમર્પિત સ્વજનોના પરિચય લેખ પ્રેરણાદાયક છે. 'આપણા પરિવારો' અને 'સત્સંગ' આદિ લેખમાળામાં પણ સામાજીક ઐક્યની પ્રેરક અને સંસ્કૃતિની પોષક વિગતો મનનીય છે.*

*'સેતુ'નો આ અંક, વર્ષ ૨૦૦૫ના પ્રવેશાંક, જેમાં 'સેતુ'નો 'હેતુ' વ્યક્ત થયો હતો તેની યાદ અપાવે છે. છેલ્લા પંદર વર્ષથી એ નિયમિત પ્રકાશિત થાય છે. કચ્છ ઉપરાંત સમસ્ત ભારત તેમજ વિદેશમાં પણ, જ્યાં જ્યાં આપણા પરિવારોનો વસવાટ છે, ત્યાં, મહદાંશે એવું કહી શકાય કે, આપણા સમાજના આ પારિવારીક સામાયિકનું દૃશ્ય-અદૃશ્ય સાક્ષ્ય અવશ્ય હશે.*

*અંગ્રેજી ભાષાનો એક શબ્દ છે 'FUSION'. એનો શાબ્દિક ભાવાર્થ છે : "....Uniting of different things into one..." આપણા સમાજના સંદર્ભે, આ 'Uniting'નું વિશેષ મહત્ત્વ છે. સામાજીક, આર્થિક, ભૌગોલિક, ભાષાકીય, રાજકીય તેમજ વંશાનુગત કારણોવશાત સદીઓથી આપણો સમાજ સમયાંતરે વિભિન્ન ઘટકોમાં વિભાજીત થયો છે, પરંતુ આ બધા ઘટકોની સંસ્કૃતિ સદૈવ એક સમાન રહી છે. અને એટલે જ, આ ઘટકો પોતાના આગવા અસ્તિત્વ અને અલગ ઓળખને જતનથી જાળવીને સંયુક્ત થવા સતત પ્રયત્નશીલ રહ્યા છે, જેનું છેલ્લા પંદર વર્ષથી સેતુ સક્રિય સાક્ષી છે. સમાજનું ઐક્ય સાધવાના ગત પંદર વર્ષના આ ગાળાને 'FUSION FIFTEEN'નું વિશેષણ ચોક્કસ આપી શકાય.*

*આપણા સંયુક્ત સમાજના આ વૈવિધ્યસભર ઐક્યના વિચારને વાચા આપવામાં અને એનું વ્યાપક વહન કરવામાં 'સેતુ'એ એનું નમ્ર યોગદાન આપ્યું છે. પરિણામે સંયુક્ત સમાજની સકારાત્મક અને સર્વતોમુખી વિકાસ પ્રક્રિયા વેગવંતી થઈ છે.*

*'સેતુ'નું માનવું છે કે એના આ અંકમાં પ્રતિબિંબિત સમાજનું વર્તમાન FUSION (સંયુક્તીકરણ) ભાવિ UNITY (ઐક્ય)નું સચોટ સંકેત છે.*

***'સંયુક્ત સમાજ, સબળ અવાજ.' અસ્તુ.***

***હંસરાજ કંસારા***

# હિંદુઇઝમ – (૧૨)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*'જ્ઞાતિસેતુ'ના સ્વાસ્થ્ય વિશેષ અંકમાં સાત પ્રશ્નો (૨૪થી ૩૧)ના ઉત્તરમાં આપણે જીવનનો અંતિમ ધ્યેય શું છે, જીવનના ચાર પુરૂષાર્થો કયા છે, કર્મ એટલે શું, મૃત્યુ પછી જીવન અને પુનઃજન્મની હિંદુ વિભાવના, હિંદુઓ શા માટે પવિત્ર છબીઓની અથવા તો મૂર્તિઓની પૂજા કરે છે, ઉત્પત્તિની હિંદુ વિભાવના અને હિંદુઓ ધર્મને કેવી રીતે જુએ છે, વગેરે બાબતો વિશે જાણ્યું. હવે, આ અંકમાં આપણે અન્ય આઠ પ્રશ્નોમાં હિંદુ ધર્મ વિશે વિશેષ જાણીશું.*

*સવાલ-૩૩ : પીપળાના વૃક્ષનું મહત્ત્વ શું છે?*

*જવાબ* : બૌધ્ધો અને જૈનો આ વૃક્ષને પવિત્ર માને છે. ભારતનું તે એક હંમેશાં કે મોટેભાગે લીલુંછમ રહેતું વૃક્ષ છે. તે શ્રીલંકા, નેપાલ તેમજ ચાઇનામાં થાય છે. તે ૩૦ મીટર સુધી ઊંચું હોય છે અને તેની ડાળીઓ ૩ મીટરના વ્યાસ સુધી ફેલાય છે. આ એક વડના પ્રકારનું જ વૃક્ષ છે.

એવું માનવામાં આવે છે કે ભગવાન બુદ્ધને આ પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્તિ મળેલ. જેથી તેને બોધિ વૃક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. એને સુખ, સમૃદ્ધિ અને લાંબા આયુષ્ય તેમજ શુભ શુકનના પ્રતીક તરીકે જોવામાં આવે છે. હિંદુ સાધુઓ પીપળાના વૃક્ષ નીચે ધ્યાન કરે છે. કેટલાક બૌધ્ધો માટે તો આ વૃક્ષ એક ધાર્મિક સ્થાન છે.

*સવાલ-૩૪ : બિલી પત્રનું મહત્ત્વ શું છે?*

*જવાબ* : બિલી પત્રનું વૃક્ષ એક મધ્યમ ઊંચાઈનું, પાતળું સુગંધી વૃક્ષ છે. તે એક ફળ આપતું, ભારત, શ્રીલંકા, નેપાલ, મ્યાનમાર, પાકિસ્તાન, બાંગ્લાદેશ, લાઓસ, કંબોડિયા અને થાઈલેન્ડમાં થતું વૃક્ષ છે. શિવલિંગની પૂજા માટે બિલીપત્રનો વપરાશ થાય છે. શિવરાત્રી પર્વ વખતે શિવભક્તો ''ઓમ નમઃ શિવાય''ના મંત્રજાપ જપીને બિલીપત્ર શિવલિંગને અર્પણ કરીને પૂજા કરે છે. બિલીપત્રને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. શ્રાવણના પવિત્ર મહિનામાં અનેક શિવભક્તો ભગવાન શિવને રીજવી તેમના આશિર્વાદ મેળવવા માટે બિલીપત્રો અર્પણ કરે છે.

*સવાલ-૩૫ : યજ્ઞ કરવાનો મતલબ શું છે?*

*જવાબ* : યજ્ઞ ત્યાગ સાથે જોડાયેલ છે. જેમાં દેવો દ્વારા ભગવાનને જવ, ચોખા, ઘઉં અને ઘીની વૈદિક મંત્રોચ્ચાર સાથે અગ્નિમાં આહૂતિ આપવામાં આવે છે. જેના વળતર રૂપે દેવો યજ્ઞ કરનાર તેમજ કરાવનાર બંનેને તંદુરસ્તી, સમૃદ્ધિ, શાંતિ અને ઐશ્વર્ય આપે છે. આમ, આ એક લેવડ-દેવડ જેવી વ્યવસ્થા છે. દેવો તેમજ માનવી બંને વચ્ચે અગ્નિ એક માધ્યમ છે.

અનેક પંડિતો કે પુરોહિતો યજ્ઞ કુંડ ફરતે બેસીને વૈદિક મંત્રોનો ઉચ્ચાર કરે છે અને તે પ્રમાણે તેમના યજમાનને મંત્રોચ્ચાર કરવા કહે છે. મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતી વખતે, કોઇ ઇચ્છા ફળીભૂત થઈ હોય, ગૃહપ્રવેશ વખતે ઘરને પવિત્ર કરવા માટે, લગ્ન પ્રસંગે, દીક્ષા પ્રસંગે, જગતનો ત્યાગ કરતી વખતે વગેરે સમયે યજ્ઞ કરવામાં આવે છે. યજ્ઞનો સાર પોતા પાસેની મૂલ્યવાન વસ્તુનો ત્યાગ કરીને ભગવાનને અર્પણ કરી તેમના આશિર્વાદ મેળવવાનો છે.

*સવાલ-૩૬ : હિંદુઓ શા માટે ઘરમાં પ્રાર્થના માટે મંદિર રાખે છે?*

*જવાબ* : હિંદુઓ માને છે કે દરેક વસ્તુઓ ઉત્પન્ન કરનાર તેમજ આપનાર ભગવાન જ છે. તેથી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે ઘરમાં દેવસ્થાનની સ્થાપના કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરમાં દરેક રૂમની જરૂરિયાત પ્રમાણે ચોક્કસ અગત્યતા છે (બેડરૂમ, કિચન, ડ્રોઈંગ રૂમ વગેરે). આવી જ રીતે પ્રાર્થના અને ધ્યાન માટે હિંદુઓ એક પૂજા રૂમ બનાવે છે. જેમાં નાની મૂર્તિની સ્થાપના કરેલ હોય છે. ગૃહ મંદિરમાં દરરોજ સવારે અને સાંજે એક દીવી પ્રગટાવવામાં આવે છે અને આધ્યાત્મિક પ્રક્રિયા જેવી કે નામ જપ, ધાર્મિક પુસ્તકનું વાંચન, ધ્યાન, પ્રાર્થના, ભજન, ભોગ ચઢાવવો તેમજ આરતી કરવી વગેરે કુટુંબના સભ્યો દ્વારા સમૂહમાં કરવામાં આવે છે.

આધ્યાત્મિક વિચારો અને દરરોજની પૂજા અર્ચના, ધ્યાન, પ્રાર્થના અને મંત્રોચ્ચાર પૂજારૂમમાં તેમજ ઘર આખામાં ફરી વળતાં એક ભક્તિમય વાતાવરણ ઊભું થાય છે. જેથી આવા ઘર મંદિરમાં બેસવાથી વ્યક્તિ શાંતિ અનુભવે છે અને આધ્યાત્મિક શક્તિનો સંચાર થવાથી પોતાની જાતને ધન્ય માને છે.

*સવાલ-૩૭ : દીપનું મહત્ત્વ શું છે?*

*જવાબ* : દરેક હિંદુના ઘરના મંદિરમાં ભગવાન પાસે દીપક પ્રગટાવવામાં આવે છે. કેટલાક લોકો અખંડ દીપ પ્રગટાવેલ રાખે છે. દીપકનો પ્રકાશ ઈશ્વરની દિવ્યતાનું સ્વરૂપ છે. તે અજ્ઞાનને દૂર કરતાં જ્ઞાનરૂપી પ્રકાશને દર્શાવે છે. તે ખરેખર તો હું પદ અને મારાપણાને દૂર કરે છે.

બીજી એક માન્યતા એવી છે કે દીપકનું અંદરનું તેલ વાસનાનું સ્વરૂપ દર્શાવે છે. જ્યારે તેને આધ્યાત્મિક જ્ઞાન દ્વારા પ્રગટાવવામાં આવે છે, ત્યારે વાસના બળી જાય છે અને અહંકાર ધીમે ધીમે નાશ પામે છે. દીપકની વાટ હંમેશાં ઉર્ધ્વગામી બળતી હોય છે. તેવી જ રીતે આધ્યાત્મિક જ્ઞાન વ્યક્તિને ઉર્ધ્વગામી બનાવે છે.

દીપક દરેક શુભ પ્રસંગોએ તેમજ દરરોજની પ્રાર્થના સમયે પ્રગટાવવામાં આવે છે. તે શૈક્ષણિક અને સામાજિક પ્રસંગે જેવા કે ઉદ્‌ઘાટન વગેરે સમયે પણ પ્રગટાવવામાં આવે છે.

***સવાલ-૩૮ : હિંદુઓ તેમના કપાળ પર પવિત્ર તિલક શા માટે કરે છે?***

*જવાબ* : સવારની પૂજા કરતી વખતે, ધાર્મિક વિધિ વખતે ઘરમાં કે મંદિરમાં તિલક સાથે ચાંદલો કે માત્ર ચાંદલો કરવામાં આવે છે. જે મુખ્યત્વે ચંદનની પેસ્ટ કે અન્ય માટીમાંથી બનાવવામાં આવેલ હોય છે. ચાંદલો કે તિલક ભગવાનની મૂર્તિ તેમજ ગુરૂને પણ પૂજા સ્વરૂપે કરવામાં આવે છે. તે મહેમાનોને આવકારતી વખતે, તેમના પ્રત્યેનો આદરભાવ દર્શાવવા માટે પણ કરવામાં આવે છે. તેમજ કોઇને શુભેચ્છા પાઠવવા કે કુટુંબની કોઈ વ્યક્તિ યાત્રાએ જતી વખતે, પરીક્ષા આપવા કે કોઈ હરીફાઈમાં ભાગ લેવા જતી હોય ત્યારે શુભેચ્છાના પ્રતીકરૂપે કરવામાં આવે છે.

ચાંદલો અને તિલક એક પવિત્રતાની ભાવના જગાડે છે અને તે વ્યક્તિને અનિષ્ટ વિચારો તેમજ કામોથી દૂર રાખે છે. તે વ્યક્તિની ધાર્મિક માન્યતાઓની ઓળખ પણ આપે છે. વૈષ્ણવો યુ-આકારનો તિલક કરે છે જ્યારે મહાદેવને માનનારાઓ ત્રિપુંડ તિલક કરે છે. તિલક અને ચાંદલો આજ્ઞા ચક્ર ઉપર કરવામાં આવે છે, જે બંને આંખોની ભ્રમર વચ્ચે આવેલ છે. જેમાં યાદ શક્તિ અને વિચાર શક્તિ આવેલ છે. તે માનસિક અને આધ્યાત્મિક શક્તિનો વ્યય થતો અટકાવે છે અને ત્રીજું નેત્ર, જે આત્મજ્ઞાન અને શાણપણનું કેન્દ્રબિંદુ છે, તે ખોલવામાં મદદરૂપ થાય છે.

***સવાલ-૩૯ : લલાટ પર પવિત્ર ભસ્મ લગાવવાનું મહત્ત્વ શું છે?***

*જવાબ* : યજ્ઞમાં હોમવામાં આવતા કાષ્ટ, ઘી, અનાજ તેમજ તલ, જવ વગેરેમાંથી ભસ્મ બને છે. તે કોઈ સામાન્ય બળી ગયેલ લાકડા કે વસ્તુની રાખ નથી. તેનો સામાન્ય રીતે કપાળ પર ચાંદલો કરવામાં આવે છે. કેટલાક તપસ્વી, વૈરાગી કે સંન્યાસીઓ, ખાસ કરીને નાગા બાવાઓ તે પોતાના આખા શરીર પર ભૂંસે છે અને આમ તે પોતાના શરીરને નાદુરસ્તીથી બચાવે છે. એવું માનવામાં આવે છે કે ભસ્મ લગાવવાથી અનિષ્ટોનો નાશ થાય છે, ત્યાગની ભાવનાને પુષ્ટિ મળે છે અને પ્રભુ પ્રત્યેની જાગરૂકતા માટે માનસિક રીતે બળ મળે છે, પ્રેરણા મળે છે.

***સવાલ-૪૦ : હિંદુઓ શા માટે નમસ્તે કે નમસ્કાર કરે છે?***

*જવાબ* : નમસ્તે એટલે હું તમને નમું છું. તેમાં નમ્રતાની ભાવના સાથે સત્કારની ભાવનાનો પણ સમાવેશ થાય છે. હિંદુઓ પોતાના બે હાથ જોડીને પોતાની છાતી પાસે લઈ જઈને માથું નમાવેછે. જેને નમસ્તે કે નમસ્કાર કહેવામાં આવે છે. માથું નમાવવાની ક્રિયા વિનમ્રતા દર્શાવે છે. જ્યારે બે હાથ જોડવા મતલબ 'આપણા મનનો મિલાપ થાય.' તે એક ઈશ્વર કે ભગવાન, ગુરૂ, વડીલો, મિત્રો, મહેમાનો અને અજાણી વ્યક્તિ પ્રત્યે અભિવાદન વ્યક્ત કરવાની રીત છે.

આનો અર્થ આધ્યાત્મિક સંદર્ભમાં ખૂબ જ ગહન છે કારણકે સામેની વ્યક્તિના આત્મામાં રહેલ પોતાનામાં રહેલા જેવા જ પરમાત્માનો સ્વીકાર કરે છે અને તેને માન આપે છે, તેનો આદર કરે છે. નમસ્કાર કરતી વખતે આવી પ્રેમ અને આદર આપવાની ઊંડી સમજ એક દૈવી ભાવનાથી જોડવાનો રસ્તો બનાવે છે. આવી અભિવ્યક્તિ સામાન્ય રીતે ભાવિકો દ્વારા "જય સીયારામ", "જયશ્રીકૃષ્ણ", "જય સ્વામિનારાયણ" કે "ઓમ શાંતિ" જેવા ઉચ્ચારોથી થતી હોય છે.

■ ***End Piece :***

*I am a Hindu, I am proud to belong to a religion which has taught the world both tolerance and universal acceptance. We believe not only in universal toleration, but we accept all religious as true.*

***– Swami Vivekananda***

# કંસારા સમાજના સંત શિરોમણી : મોરબી નિવાસી ઉજમશીભાઈ કંસારા

**અમિત કંસારા - વઢવાણ**



સમસ્ત કંસારા સમાજ ગૌરવ લઈ શકે તેવા વ્યક્તિત્વ વિશે વઢવાણના કાનજીભાઈ લક્ષ્મીચંદભાઈ દંગીએ જણાવ્યું કે, મોરબી નિવાસી ઉજમશીભાઈ કંસારાને મોરબીમાં વાસણના વેપારની દુકાન હતી. પહેલેથી જ તેઓ વેપારમાં એક જ ભાવ રાખતા. ગ્રાહકને વ્યાજબી ભાવે સારો માલ આપતા અને વ્યાજબી ભાવે ભંગાર લેતા. ગ્રાહક આવે અને માલ લે તો આનંદ, ન લે તો શોક નહીં. આમ તેઓ વેપારમાં રહી જલકમલવત રહેતા. તેઓના સ્વભાવમાં હરખ અને શોકની રેખા બદલાતી નહીં.

ઉજમશીભાઈ તેમના સહપરિવાર સાથે યાત્રાએ ગયા. યાત્રામાં તેઓ એકાંત જીવન ગાળતા અને પ્રભુ સ્મરણમાં રત રહેતા. થોડોક સમય યાત્રામાં વ્યતીત કર્યા પછી પોતાના કુટુંબના સભ્યોને કહ્યું કે, મારે હજી થોડોક સમય અહિંયા રહેવું છે. તમે સર્વે મોરબી જાવ. યાત્રામાં તેઓ સાધુ સંતો સાથે સત્સંગ કરતા. પ્રાતઃકાળે નિત્યકર્મ કર્યા પછી દેવદર્શન કરતા. માળા ફેરવતા, ધ્યાન કરતા અને એક વખત સાદું ભોજન લેતા. થોડોક ટાઈમ યાત્રામાં વિતાવ્યા પછી તેઓએ યાત્રાના સ્થળેથી મોરબી પોતાના ઘેર પત્ર લખ્યો કે, હવે હું સંસારમાં પડવા માંગતો નથી. મારી રાહ જોવી નહીં.

ઘર છોડી સંન્યાસ લીધો. સાધુ જીવનમાં તેમનું નામ "મૌનુ વાસુદેવ મહારાજ." હુલામણું નામ "જગતભિખારી મહારાજ" તરીકે ઓળખાયા.

આમ તેઓ અનેક યાત્રાના સ્થળોએ વિચરતા, વૈષ્ણવો સાથે પ્રભુની લીલા અને સત્સંગમાં રત રહેતા અને પોતાની જ્ઞાનરૂપી વાણીથી લોકોને મંત્રમુગ્ધ કરી દેતા.

ઉજમશીભાઈ કંસારાના સંન્યાસી જીવનમાં અનેક પ્રસંગો બન્યા.

યાત્રા કરતા એક યાત્રા સ્થળે એક શેઠ સાધુ સંતોને પ્રસાદ લેવડાવી દક્ષિણા આપતા. તેમાં સંત શિરોમણી શ્રી ઉજમશીભાઈને પણ પ્રસાદ લેવાનું નિમંત્રણ આપ્યું. સંત શિરોમણી ઉજમશીભાઈ તેમના નિમંત્રણને માન આપી પ્રસાદ લેવા ગયા. પ્રસાદ લઈ તેઓ ચાલવા લાગ્યા. શેઠશ્રીએ કહ્યું, 'મહારાજ, દક્ષિણા લેતા જાવ.' ત્યારે મહારાજે કહ્યું કે ભાઈ, હું પરિગ્રહી છું. હું દક્ષિણા લેતો નથી. લક્ષ્મીને - પૈસાને અડતો નથી. તેઓએ આ નિયમ અંતકાળ સુધી એટલે કે જીવ્યા ત્યાં સુધી પાળેલ.

*"તીન વસુકે કૌપીન લીના-લણ-ભાજી*
*તુલસી ઉર રઘુનાથ વસે, તો ઈન્દ્ર બાપડો ક્યાં"*

*(રામાયણ ઉત્તરકાંડ ઉપરથી)*

આમ તેઓ જીવનમાં ઉપરની રામાયણની ચોપાઈનું પાલન કરતા.

***બીજો પ્રસંગ :***

તેઓ વિચરતા વિચરતા સારસા ગામે પધાર્યા. ત્યાં એક લોહાણા કુટુંબ ગરીબી રેખા નીચે જીવન જીવતું હતું. છતાં પણ દારૂણ સ્થિતિમાં પણ તેઓ પ્રભુમય જીવન ગાળતા. રાત્રે રામાયણ વાંચતા અને સત્સંગ કરતા. સંત શિરોમણી ઉજમશી મહારાજને એવો નિયમ કે એક ટંક ભોજન લેવું અને તેઓ મધુકરી (ભીક્ષા) માંગીને પાંચ ઘરે જવું. ત્યાંથી મળે તો ઠીક નહિંતર પ્રભુ સ્મરણ કરીને ઉપવાસ કરવો. એક દિવસ ગરીબ લુહાણા પરિવારને ત્યાં ગયા. ત્યાં રોજ સત્સંગ કરતા સંત શિરોમણી ઉજમશીભાઈ મંદિરમાં રહેતા. રોજ લુહાણા પરિવાર ઉજમશીભાઈની અમૃતવાણીનો લાભ લેતા. રોજ ભજન કરતાં લુહાણા પરિવારના મોભી બાબુભાઈ અને મુળજીભાઈ એક વખત ઉજમશી મહારાજને જણાવ્યું કે આ કુટુંબ અત્યંત ગરીબ છે. તેઓ રોજ ગામડામાં (ગાડુ) જઈ ગાડામાં માલ મૂકી ફેરી કરે છે. મહારાજે તે ગરીબ પરિવારને બોલાવી કહ્યું, સારસામાં એક કાપડની દુકાન કરો. એક જ ભાવ રાખવાનો, સારો માલ વેચવાનો. વ્યાજબી નફો અને રોકડેથી વેચવાનું. ઉજમશી મહારાજનું વચન પાળી, દુકાન કરી. ઉજમશી મહારાજના સિધ્ધાંતોથી દુકાન સરસ ચાલે. ઉજમશી મહારાજના અંગત શિષ્ય બાબુભાઈને કોઈ સંતાન ન હતું. તેમના કુટુંબે સંતાન માટે બાબુભાઈએ બીજા લગ્ન કરવા તેમ ઈચ્છા છે, તેવી ઈચ્છા ઉજમશી મહારાજને દર્શાવી. ઉજમશી મહારાજે કડક શબ્દોમાં કહ્યું, સંતાન માટે બીજી પત્ની ન કરાય. બીજી પત્નીને સંતાન ન થાય એટલે ત્રીજી પત્ની કરશો. ઉજમશી મહારાજની નારાજગીથી બાબુભાઈએ બીજા લગ્ન કરવાનું માંડી વાળ્યું.

ઉજમશી મહારાજ વિચરતા વિચરતા એક ગામમાં ગયા. એક મંદિરમાં રોકાયા. બપોરના સમયે ભીક્ષા લેવા ગયા. એક ઘેરથી એક બહેને ભીક્ષામાં રોટલો આપ્યો. રોટલો ઘી ચોપડ્યા વગરનો હતો. તેથી ઉજમશી મહારાજે ઘી ચોપડીને આપવા

જણાવ્યું. બહેન રોટલો પાછો લઇ, ઘરમાં જઈ, રોટલો અડધો કરી ઉપરા ઉપરી મૂકી પરત આપ્યો. જમતી વખતે ઉજમશી મહારાજે જોયું તો રોટલો ઘી ચોપડ્યા વગરનો હતો. તેથી ઉજમશી મહારાજને પસ્તાવો થયો. અરે મેં બહેનને ઘરમાં ઘી ન હોવાથી મુશ્કેલીમાં મૂકી. તે દિવસથી ઉજમશી મહારાજે હંમેશ માટે ઘી ખાવાનું બંધ કર્યું.

ઉજમશી મહારાજ વિચરતા વિચરતા એક ગામમાં ગયા. એક સ્વજને તેમનું ભવ્ય સ્વાગત કર્યું. મહારાજશ્રીને ભોજન લેવડાવ્યું અને પગમાં પસા ધર્યા. મહારાજશ્રીએ કહ્યું, હું પૈસા લેતો નથી, પૈસા આપ પાછા લઇ લો.

ઉજમશી મહારાજે સુરેન્દ્રનગર જીલ્લાના લખતર ગામે ઘણો જ વખત ગાળ્યો. લખતર જગદીશ મંદિરના મેડા ઉપર રહેતા. તેમના શિષ્ય મુળજીભાઈ લખતર આવ્યા. મહારાજને કીધા વગર મુળજીભાઈ રાત્રે ધ્રાંગધ્રા ગયા. સવારે મહારાજે કહ્યું કે મુળજીભાઈ, રાત્રે કઈ જગ્યાએ હતા? મુળજીભાઈએ કહ્યું કે હું ધ્રાંગધ્રા મારી દીકરી બીમાર છે તેથી ત્યાં ગયો હતો. મહારાજે કહ્યું, દીકરી સારી થઈ જશે. ને દીકરી સાજી થઈ ગઈ.

સંત શિરોમણી ઉજમશીભાઈ કંસારા લખતરમાં જયંતીભાઈ સોનીના ઘરે રહેતા હતા. મહારાજશ્રીની તબિયત બરાબર રહેતી નહોતી. મુળજીભાઈ તેમના શિષ્ય ઓચિંતા લખતર આવી પહોંચ્યા. રોજ રાત્રે સત્સંગ થતો. સંત શિરોમણી ઉજમશી મહારાજ સુંદર પ્રવચન આપતા, ધૂન બોલાવતા. મુળજીભાઈએ કહ્યું, મહારાજ આપ સારસા પધારો, આપની તબિયત સારી રહેતી નથી. મુળજીભાઈએ ઉજમશી મહારાજને લઇ જવા ખૂબ જ વિનંતી કરી. મહારાજે ના પાડી. પણ રાત્રે બે વાગે ઉજમશી ભગતે કહ્યું કે, મુળજી, તારા પ્રેમ આગળ મારી હાર થઈ છે. જા, હું સારસા આવીશ. મહારાજને રેલ્વેમાં બેસાડી સારસા લઈ ગયા. જે રસ્તામાં મળે તેમને મહારાજ પધાર્યા તેથી દસ રૂપિયાની નોટ દરેકને દેતા જતા. સારસા પધારવાથી મુળજીભાઈ ખૂબ જ આનંદિત થયા. પોતાના ઘેર તો ભગવાન પધાર્યા તેટલા ભાવવિભોર થઈ ગયા.

લખતરમાં કંસારા કાંતિલાલ મોહનલાલ ધ્રાંગધ્રાવાળા ઉજમશી ભગતની સેવા કરતા અને સવારે મહારાજના દર્શન કરીને મહારાજશ્રીની રૂમ સાફ કરીને દુકાન ખોલતા.

મહારાજશ્રી ઉજમશી ભગતના અંતિમ દિવસો નજીક આવતા ગયા. ઘણા સેવકોનો ખૂબ આગ્રહ હતો કે મહારાજશ્રી ઉજમશી ભગત પોતાના ગામ આવે. પરંતુ મહારાજશ્રી કહેતા કે મારે આ લખતરમાં જયંતીભાઈ સોનીની મેડીએ દેહ છોડવો છે. તેમની ખાંધ નનામિ સ્ત્રીઓ ઉપાડે. મારી પાછળ કોઈ મારી ચીજ રહે નહીં તે આપી દેવી. મહારાજનું મૃત્યુ ૧૯૭૩માં લખતરમાં થયું. તેમની ઇચ્છા અનુસાર સ્ત્રીઓએ કાંધ આપી. જેમણે આ માહિતી આપી છે તેવા વઢવાણના કાનજીભાઈ એલ. દંગીની પત્નીએ પણ કાંધ આપી હતી.

સંત શિરોમણી ઉજમશી ભગત મૃત્યુ પછી ભંડારો એટલે ગામ આખાને જમવાનું. આજુબાજુ ગામમાંથી કોઈપણ વ્યક્તિ આવે તેને ભંડારો કહેવાય. મોરબીથી તેમના દીકરા માણેકલાલ તથા કંસારા સમાજના સમાજરત્ન એવા લાલજીભાઈ ગોકળભાઈ ઉદ્યોગપતિએ ભંડારામાં હાજરી આપેલ. તેમના મેનેજમેન્ટ નીચે સુંદર ભંડારો કર્યો.

ઉજમશીભાઈ કંસારા (મૌની વાસુદેવ - દેહદમન - રસનારિપુ - જગત ભિખારી મહારાજ)નો સ્વર્ગવાસ સંવત ૨૦૨૯, આસો વદ-૧, શનિવાર, તા. ૧૩-૧૦-૧૯૭૩ના રોજ થયો. આજે પણ લખતરમાં તેમની તિથિ ઉજવાય છે. તિથિના દિવસે ધૂન, ગાયને ઘાસચારો, કૂતરાને લાપસી વગેરે દાન પુણ્ય કરી ઉજવાય છે. પૂજ્ય "મૌની વાસુદેવ" દેહદમન - રસનારિપુ - જગત ભિખારી મહારાજના ચરણોમાં સમસ્ત કંસારા સમાજના કોટી કોટી વંદન.

પૂજ્ય મૌની વાસુદેવ મહારાજના દીકરી સૂરજબેને પણ જૈન ધર્મની દીક્ષા લીધી. જૈન ધર્મનો ખૂબ જ અભ્યાસ કરી, તપ કરી જૈન ધર્મના વ્યાખ્યાનો (પ્રવચનો) આપતા. ધર્મ વિષય સમજાવવાની તેમની સરળ પધ્ધતિના હિસાબે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા. એક જ પરિવારમાંથી ત્રણ વ્યક્તિએ દીક્ષા લીધી તેવા મોરબીના કંસારા ઉજમશીભાઈ એટલે (મૌની વાસુદેવ મહારાજ) તેમના પુત્રી સૂરજબેને જૈન દીક્ષા લીધી. તેમને માણેકલાલ ઉજમશીભાઈના પુત્રી સરોજબેન એટલે હાલમાં પાલિતાણા બિરાજતા શ્રેયસ્કરજી મહારાજ. એક જ પરિવારના ત્રણ સંતને સમસ્ત કંસારા સમાજના કોટી કોટી વંદન. ■

*ઘડિયાળમાં ગોઠવાયેલા બંને કાંટા જેવા આપણે છીએ. હું નાનો છું અને તમે મોટા છો એવો પ્રશ્ન કરવો નકામો છે. એક જ મધ્યબિંદુ સાથે સંકળાઈને આપણે ફરી રહ્યા છીએ. જુદા જુદા છતાં પણ એક મધ્યબિંદુ છોડીને જો આપણે જુદા પડી જઈશું તો તમે, તમે નહીં રહો, અને હું, હું નહીં રહું. આજે તો લોકો આપણી સામે જુએ છે પણ જુદા પડી ગયા તો 'આ ઘડિયાળ તદ્દન નકામું છે' એમ કહીને આવતીકાલે જરૂર ગટરમાં ફેંકી દેશે.*

***બોલો શું કરવું છે?***

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

ચેતનભાઈ આઈ. બારમેડા, સહ કન્વીનર - સમૂહ લગ્ન સમિતિ

## ૩૩મો સમૂહ લગ્ન સમારોહ




શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા તા. ૧-૧૨-૨૦૧૯ રવિવારના રોજ ભાનુશાલી નગર સામે ટીન સીટી મધ્યે ૩૩મા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ. આ સમૂહ લગ્નમાં ૯ દંપતીઓ લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ પ્રસંગે કચ્છ ઉપરાંત છેક દાર્જીલિંગ, ઇંદોર, રાયપુર, મુંબઈ, વડોદરા વગેરે સ્થળેથી અંદાજીત પાંચ હજાર જ્ઞાતિ બંધુઓની વિશાળ હાજરીએ સમાજ સંગઠિત હોવાની પ્રતીતિ કરાવી હતી. ૩૩મા સમૂહ લગ્નના ટાંકણે અંદાજીત ૪૦ ભેટ આઈટમો ઉપરાંત રૂા. ૫,૨૦૦/-ની ગૌદાનની રકમ દરેક કન્યાઓને સુપ્રત કરાઈ હતી. જ્ઞાતિના પૂજ્ય ગોરશ્રી મૈત્રેય સુમનલાલ વ્યાસ અને એમની ટીમે સુચારૂ ઢબે શાસ્ત્રોક્ત વિધિથી લગ્નો સંપન્ન કરાવ્યા હતા. આયોજક ટીમે સમગ્ર દિવસ દરમ્યાન વ્યવસ્થા સાથે ભોજન સમારંભ પણ સારી રીતે પાર પાડ્યો હતો. તમામ કાર્યકરો દરેક ક્ષેત્રે વ્યવસ્થામાં ખંત અને નિષ્ઠાપૂર્વક ખડેપગે સેવામાં ઉપસ્થિત રહ્યા હતા.

બપોરે ૩ કલાકે વિશાળ સ્ટેજ પર યોજાયેલા સત્કાર તેમજ સન્માન સમારંભના પ્રારંભ પ્રસંગે સમારોહના અધ્યક્ષ અને જ્ઞાતિના પ્રમુખ શ્રી હિતેશભાઈ પ્રભુદાસભાઈ ગુજરાતી, જ્ઞાતિના ગૌર શ્રી મૈત્રેય સુમનલાલ વ્યાસ, શ્રી જશવંતભાઈ ગાંગજીભાઈ મૈચા (લંડન), જૈમિનભાઈ બારમેડા (અમદાવાદ), અરૂણભાઈ વીસાપરમાર (અંજાર), ભુજ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી લતાબેન ઈન્દુલાલ સોલંકી, 'સમાજશ્રેષ્ઠી' શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી, શ્રી પ્રકાશભાઈ ભગતભાઈ બારમેડા (રાયપુર) મંચસ્થ મહેમાનોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ સમૂહ લગ્નના સહકન્વીનર ચેતનભાઈ આઈ. બારમેડા દ્વારા મહાનુભાવોનો પરિચય આપી તેમને સ્ટેજ ઉપર આમંત્રિત કર્યા હતા. આ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત શ્રી રાહુલભાઈ ચનાણી અને મહેશભાઈ કંસારા દ્વારા કરવામાં આવેલ હતું. ત્યારબાદ શાબ્દિક સ્વાગત જ્ઞાતિ મંત્રી શ્રી મહેશભાઈ કંસારા દ્વારા કરવામાં આવેલ અને જ્ઞાતિના પ્રમુખ શ્રી હિતેશભાઈ પી. ગુજરાતી, કન્વીનર શ્રી ભરતભાઈ એચ. બગ્ગા, ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળા અને ધર્મેન્દ્રભાઈ બારમેડા, યુવક મંડળ પ્રમુખ શ્રી ભાવેશ હિંમતલાલ બગ્ગા, મહિલા મંડળ પ્રમુખ શ્રી સુધાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટી, હિતેશભાઈ ડી. પોમલના હસ્તે દાતાઓનું ચાંદીના મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવેલ.

ડૉ. ડી.એન. બારમેડા તથા લગ્નમાં જોડાયેલ કન્યાઓ શ્રીમતી રોશનીબેન રવિભાઈ હેડાઉ અને શ્રીમતી માનસીબેન અર્જુનભાઈ પોમલે જણાવેલ કે વધુમાં વધુ પક્ષકારો સમૂહ લગ્નમાં જોડાય તોજ સમાજને અને સમાજના પક્ષકારોને ફાયદો થાય. તેથી સમૂહ લગ્નમાં જોડાવાની અપીલ કરી. તેમજ CA પૂનમબેન મહેશભાઈ મૈચાએ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે દરેક પરિસ્થિતિમાં પોતાની આગવી સુઝબુઝ સાથે જો આપણે કાર્ય કરીએ તો આપણે તકલીફોનો સામનો કરવો પડતો નથી.

ત્યારબાદ રૂા. ૧૧,૦૦૦/-થી વધુ દાન દેનાર દાતાઓનું સન્માન કરવામાં આવેલ. આ વર્ષે ભોજન સમારંભના મુખ્ય દાતા જશવંતભાઈ જી. મૈચા (લંડન) તરફથી મળેલ હતું. જેનું પ્રમુખ અને મંત્રી દ્વારા પાઘડી સાથે વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ હતું.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી શ્રી હિતેશભાઈ પી. ગુજરાતીએ સૌ દાતાઓની દિલેરીને બિરદાવી હતી. તેમણે નવદંપતિઓને આશિર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા હતા. જ્ઞાતિ પ્રત્યે ઉચ્ચ ભાવના કેળવવા તેમણે જ્ઞાતિજનોને અપીલ કરેલ તથા

વધુમાં વધુ જ્ઞાતિજનોને સમૂહલગ્નમાં જોડાવા વિનંતી કરી હતી.

આ સમારંભ પ્રસંગે ગણેશ પૂજન સ્વ. મગનલાલ વલમજી બારમેડા પરિવાર દ્વારા કરવામાં આવેલ. તથા સમારોહના મુખ્ય મહેમાનોમાં શ્રી જશવંતભાઈ ગાંગજીભાઈ મૈચા (લંડન), ભુજ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી લતાબેન ઈન્દુલાલ સોલંકી, 'સમાજશ્રેષ્ઠી' શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી, શ્રી પ્રકાશભાઈ ભગતલાલ બારમેડા (રાયપુર) તથા અતિથિ વિશેષશ્રીઓ શ્રી રસીકભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી - ભુજ, શ્રી મુકેશભાઈ લખમશી બારમેડા - માધાપર, શ્રી ધીરજભાઈ ઓધવજી બારમેડા - ભુજ, શ્રી બુદ્ધિલાલ લખમશી કટ્ટા - ભુજ, શ્રી ભરતભાઈ ધીરજભાઈ (વેલજીભાઈ) કટ્ટા - ભુજ, શ્રી જગદીશભાઈ મોતીલાલ બુધ્ધભટ્ટી - ભુજ, શ્રી જગદીશભાઈ વેલજી સાકરિયા - માધાપર, પૂનમબેન મહેશભાઈ મૈચા - ભુજ, ડૉ. હેતલબેન ઈશ્વરલાલ બારમેડા - સુરત, શ્રી પ્રશાંતભાઈ જગદીશ બગ્ગા - અમદાવાદ, ડૉ. ડી.એન. બારમેડા - જુનાગઢ, શ્રી નારાણભાઈ મોહનલાલ પરમાર - ખોંભડી, શ્રી સુરેશભાઈ શંભુલાલ લાયચા - આદિપુર, શ્રી જયેશભાઈ કલ્યાણજી સોલંકી - અમદાવાદ વગેરે મહેમાનો હાજર રહ્યા હતા.

આ આયોજનમાં જ્ઞાતિના વડીલ અમૃતલાલ જે. સોલંકી તેમજ જ્ઞાતિ શિરોમણિ પરિવારના ચંદ્રકાંતભાઈ જે. ચનાણી, પ્રમુખ હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી, જ્ઞાતિ મંત્રી શ્રી મહેશભાઈ મોહનલાલ ગુજરાતી, સહકન્વીનર ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા, સમૂહલગ્ન મંત્રીશ્રી રાહુલભાઈ સી. ચનાણી, કન્વીનર શ્રી ભરતભાઈ એચ. બગ્ગા, ખજાનચી હિતેશભાઈ પોમલ, સહમંત્રી શ્રી સંજીવભાઈ બુધ્ધભટ્ટી, રાજેન્દ્ર વી. બુધ્ધભટ્ટી, કિશોરભાઈ ચૌહાણ, શિશિર હેડાઉ, અરૂણાબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, અશોકભાઈ જે. બુધ્ધભટ્ટી, દીપક ડી. પોમલ, ગિરીશભાઈ એ. સોલંકી, ભાવેશભાઈ એચ. બગ્ગા, નીલેશભાઈ વી. બુધ્ધભટ્ટી, સંજયભાઈ બુધ્ધભટ્ટી, હસમુખભાઈ મૈચા, મુળજીભાઈ કટ્ટા, દયારામભાઈ પોમલ, જીગર એમ. બુધ્ધભટ્ટી તથા સત્કાર સમારંભનું સંચાલન ચેતનભાઈ આઈ. બારમેડા, રાહુલભાઈ ચનાણી, સત્યમભાઈ પ્રાણલાલ બારમેડા, સંજીવબાઈ બુધ્ધભટ્ટીએ અને આભારવિધિ રાહુલભાઈ ચનાણીએ કરી હતી.

## સરસ્વતી સન્માન સમારોહ - ભુજ

**ચેતનભાઈ આઈ. બારમેડા – કન્વીનર**



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ. જેમાં સૌપ્રથમ શિક્ષણ તેમજ સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ચેતનભાઈ આઈ. બારમેડા દ્વારા મહેમાનોનો પરિચય આપી સ્ટેજ ઉપર બોલાવવામાં આવેલ. સમારોહના અધ્યક્ષપદે જ્ઞાતિના પ્રમુખ શ્રી હિતેશભાઈ પી. ગુજરાતી તથા અતિથિ વિશેષમાં ચંદ્રકાંતભાઈ ઓ. બારમેડા, નવીનબાઈ ઈન્દરજી હેડાઉ, ડૉ. મેહુલભાઈ શાહ, હાર્દિક બગ્ગા, ભાઈલાલભાઈ વી. પોમલ, શ્રીમતી અનિતાબેન એચ. ગુજરાતી, શ્રીમતી લતાબેન સોલંકી (નગરપાલિકા પ્રમુખશ્રી), ગં.સ્વ. નિર્મળાબેન એચ. બગ્ગા, જોગેશભાઈ એમ. છત્રાળા, મુક્તાબેન બુધ્ધભટ્ટી, હર્ષદભાઈ પોમલ, પશ્ચિમ કચ્છ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના મંત્રી હીરાલાલ બગ્ગા, ગાંધીધામ ઉત્કર્ષ મંડળના ભરતભાઈ બગ્ગા, યુવક મંડળ પ્રમુખ શ્રી ભાવેશભાઈ બગ્ગા, નિમેષ વિનોદભાઈ ચનાણીનું પુષ્પ ગુચ્છથી સ્વાગત જ્ઞાતિ મંત્રી શ્રી મહેશભાઈ કંસારા, શિક્ષણ સ.મ. ભરતભાઈ હિંમતલાલ બગ્ગા દ્વારા કરવામાં આવેલ. શાબ્દિક સ્વાગત કન્વીનર જ્ઞાતિમંત્રી શ્રી મહેશભાઈ કંસારા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં સ્ટેજ ઉપર પધારેલા મહાનુભાવ દ્વારા દીપ પ્રગટાવીને કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ સ્વાગત નૃત્ય દીતી દીપેશભાઈ ગુજરાતી દ્વારા કરવામાં આવેલ.

ધોરણ-૧થી ધોરણ-૧૨ના ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન પરેશભાઈ ગુજરાતી, ધર્મેન્દ્રભાઈ બારમેડા, સંજયભાઈ બારમેડા દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ મહિલા મંડળના પ્રમુખશ્રી સુધાબેન દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કાર્યક્રમોની માહિતી આપવામાં આવેલ અને તેમાં ભાગ લેનાર વિજેતાને ઈનામો આપવામાં આવેલ.

શિક્ષણ સમિતિનો અહેવાલ પ્રો. કમલેશભાઈ કે. બુધ્ધભટ્ટી દ્વારા આપવામાં આવ્યો. યુવક મંડળના મંત્રી શ્રી સત્યમભાઈ બારમેડા દ્વારા યુવક મંડળ દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમોની વિગતો આપેલ અને ચાલુ વર્ષે યુવક મંડળ દ્વારા ભવ્ય નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ, જેમાં જ્ઞાતિજનો દ્વારા પૂર્ણ સહયોગ આપવા અને નવરાત્રીનાં કાર્યક્રમમાં ભાગ લેવા અપીલ કરવામાં આવેલ.

શૈક્ષણિક કાયમી ફંડ અંગે ચંદુભાઈ ચનાણી દ્વારા વિશેષ માહિતી આપવામાં આવેલ અને મેડિકલના મંત્રી શ્રી મહેશભાઈ કંસારા આયુષ્માન કાર્ડ તેમજ કેન્સર અંગેના કેમ્પ થયેલ તેની માહિતી આપેલ. ત્યારબાદના પ્રોગ્રામમાં ધોરણ-૧થી ધોરણ-૧ના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવેલ. જેમાં ધોરણ-૧૦માં સૌથી વધુ ઈનામો એક જ વિદ્યાર્થીને મળેલ.

વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર જ્ઞાતિના મહેશભાઈ કંસારાનું સન્માન ગુજરાત રાજ્ય ટેકનિકલ કર્મચારી મહામંડળ - ગુજરાતના મંત્રી બનવા બદલ તથા તા. ૨૬-૧-૨૦૧૯ના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે બેસ્ટ કર્મચારી મેડિકલ સામાજીક કામ કરવા બદલ, ભરત નાટ્યમમાં પ્રથમ ક્રમાંક માટે મૈત્રી અનિલભાઈ પોમલ, રીયા ધીરજભાઈ બારમેડા, સાકરીયા ધરતી વિજયભાઈ, પાવર લીફ્ટીંગમાં ઓલ ઈન્ડિયામાં ૧૨૦ કિ.ગ્રા. પ્રથમ ક્રમે વિજેતા સાગર એમ. પોમલ - ધ્યાના કૌશિક ચનાણી નેશનલ મ્યુઝીક ચેર સ્કેટીંગ કોમ્પિટીશન નાની વયે ૨૦૧૯માં ૩ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ ઈન્ટરનેશનલ કક્ષાએ વિજેતા બનતા, કટ્ટા ઉર્વશી પી. પાવર લિફ્ટીંગમાં રાજ્ય કક્ષાએ ૫૭ કિ.ગ્રા.માં વિજેતા બનતા, દર્શી દિલીપ બુધ્ધભટ્ટી નેશનલ ટીચીંગમાં પ્રથમ ક્રમાંક મેળવતા, ધ્રુવ ચંદ્રકાંત સોની પાવર લિફ્ટીંગમાં વિજેતા બનતા સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ દેશના ખ્યાતનામ તસવીરકાર શ્રી સ્વ. એલ. એમ. પોમલ તા. ૧૮-૮-૨૦૧૯ના રોજ ૧૦૦ વર્ષની જન્મ શતાબ્દી સ્મરણાંજલિ દ્વારા કરવામાં આવેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી દ્વારા જ્ઞાતિના જે વિદ્યાર્થીઓ સારા માર્ક મેળવી અને સમાજનું નામ રોશન કરવા બદલ શુભેચ્છા પાઠવી અને સમાજ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલ કેરિયર માર્ગદર્શન સેમિનાર તેમજ સમાજ વિકાસ માટે થતા વિવિધ કામો અંગે માહિતગાર કરેલ.

ત્યારબાદ ડૉ. મેહુલભાઈ શાહ જેને શિક્ષણવિદ્ તરીકે સમાજને ઉપયોગી થાય તેવી વિવિધ દેશોમાં ચાલતી કેળવણી વિશે સમજુતી આપેલ અને ભારત દેશમાં જે કેળવણી અપાઈ રહી છે તેમાં દરેક સમાજ પોતાની નવીનતા ઉમેરીને ફેરફારો લાવવા જોઈએ તેવું જણાવેલ.

ત્યારબાદ ઉચ્ચ ડિગ્રીવાળા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. જેમાં M.A. (English) માં ગોલ્ડ મેડલ મેળવનાર નીકિતા આર. બારમેડાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. તેવીજ રીતે M.E. (Physiotherapy), M.Com. – આમ પાંચ મેડલો જ્ઞાતિ તરફથી આપવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમમાં ઈનામો સહયોગી દાતામાં શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી તેમજ શ્રી ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અપાયા. ત્યારબાદ ચંચળબેન વેલજી ભગવાનજી ટ્રસ્ટ (આફ્રિકાવાળા) શ્રી નવીનભાઈ ઈ. હેડાઉ દ્વારા આપવામાં આવેલ. ઉપરોક્ત સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી હ. પ્રાણલાલભાઈ એમ. સોલંકી દ્વારા સહયોગ આપવામાં આવેલ. ઉપરોક્ત જ્ઞાતિ શિરોમણી પરિવાર તરફથી તેમજ ભાઈલાલ વેલજી પોમલ, હિંમતલાલ કાનજી બગ્ગા, ઓધવજી રતનશી બારમેડા, સ્વ. મણિલાલ જેરામ છત્રાળા, વિજયભાઈ બુધ્ધભટ્ટી પરિવાર, મુકેશભાઈ એલ. બારમેડા તરફથી દાન મળેલ.

આ ઉપરાંત અન્ય પ્રોત્સાહક ઈનામોમાં સ્વ. અમૃતલાલ વાલજી હેડાઉ, સ્વ. વાલજી નારાણ હેડાઉ, વિજય દયારામ બુધ્ધભટ્ટી, સ્વ. વાલજી ખેતશી ગુજરાતી, સ્વ. માવજી ખીમજી બારમેડા, બુધ્ધિલાલ કટ્ટા, સ્વ. રસીકલાલ બીજલાણી દ્વારા અન્ય ઈનામો આપવામાં આવેલ.

સ્ટેજ ઉપર પધારેલા મહેમાનો ઉપરાંત અંજારમાં યુવક મંડળનાં નંદનભાઈ પોમલ, નખત્રાણાથી હેમેન્દ્રભાઈ એમ. કંસારા હાજર રહ્યા હતા. આ પ્રોગ્રામમાં કાર્યકરો ચંદુભાઈ જે. ચનાણી, અમૃતભાઈ જે. સોલંકી, હિતેશભાઈ પોમલ, દીપકભાઈ પોમલ, અશોકભાઈ જયંતીભાઈ બુધ્ધભટ્ટી, અનિલ છત્રાળા, સંજીવ એ. બુધ્ધભટ્ટી, મુળજીભાઈ કટ્ટા, મનોજભાઈ બારમેડા, ધર્મેન્દ્રભાઈ બારમેડા, સત્યમભાઈ પી. બારમેડા, પ્રો. કમલેશભાઈ બુધ્ધભટ્ટી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણ સમિતિનાં કન્વીનર ચેતનબાઈ આઈ. બારમેડા દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ ખજાનચી શ્રી હિતેશભાઈ પોમલ દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. જેમાં અલગ અલગ ૧૦ કૃતિઓ રજૂ કરવામાં આવેલ. જેમાં ભરત નાટ્યમ, અન્ય ડાન્સ દ્વારા ખૂબ જ સુંદર પ્રતિભાવો મળ્યા અને દરેક કલાકારોને સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કવિતાબેન બારમેડા, ચેતનભાઈ બારમેડા, સુધાબેન બુધ્ધભટ્ટી જોડાયા હતા. છેલ્લે પરેશભાઈ ગુજરાતી દ્વારા રાષ્ટ્રગીતનું ગાન કરી છૂટા પડ્યા હતા.

# વાર્ષિક સ્નેહ મિલન : અમદાવાદ

**અતુલ સોની**

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ દ્વારા ગત તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ વાર્ષિક સ્નેહ મિલન યોજવામાં આવેલ. અમદાવાદમાં વસતા ૧૨૫ જેટલા જ્ઞાતિ પરિવારોએ આ કાર્યક્રમમાં ઉત્સાહ અને ઉમંગભેર ભાગ લીધેલ. અમદાવાદના મણિનગર - કાંકરીયા વિસ્તારમાં યોજાયેલ આખા દિવસના કાર્યક્રમમાં મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત શહેરના ખ્યાતનામ વક્તા દ્વારા પ્રેરણાદાયક પ્રવચન રજૂ કરવામાં આવેલ. આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીતથી કરવામાં આવેલ. ત્યારબાદ ગણેશ વંદના રજૂ થયેલ. સમાજના કલાકારો દ્વારા ડાન્સ, શિવ નૃત્ય, રીમીક્ષ સોંગ તેમજ બોલીવુડ ગીતો પર સુંદર આઈટમ્સ રજૂ કરવામાં આવેલ. સમાજની મહિલાઓના વિવિધ સમૂહ દ્વારા સુંદર ગરબા રજૂ કરવામાં આવેલ. સર્વે જ્ઞાતિજનોએ સમગ્ર કાર્યક્રમ રસભેર માણ્યો. કાર્યક્રમનું સંચાલન સમાજના યુવા વર્ગના કુ. દીતી સોની, કુ. પ્રિન્સી સોની અને શાલીન સોની દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સમાજના બે યુવાનો મોહિત સોની અને ફાગુન સોની દ્વારા ખૂબ ઝડપથી રોહબિક ક્યુબની પઝલ સોલ્વ કરી દર્શાવવામાં આવેલ. સમાજે તેમના ટેલેન્ટની નોંધ લઈ પ્રશંસા કરેલ.

વર્તમાન સમયમાં સમાજના યુવાવર્ગને યોગ્ય માર્ગદર્શન મળે અને સૌને જીવનમાં સારા કાર્યો કરવાની પ્રેરણા થાય તેવા સંદેશ સાથે યુવા મોટીવેશનલ સ્પીકર અને કોર્પોરેટ ટ્રેઈનર શ્રી જીત રતનધારાએ એક સુંદર વક્તવ્ય રજૂ કરેલ. તેમની સ્પીચ ખૂબ પ્રેરણાદાયક બની રહી.

અમદાવાદ જ્ઞાતિ દ્વારા સમસ્ત સમાજ વચ્ચે સેતુરૂપ બની રહેલ મેગેઝીન ''જ્ઞાતિસેતુ''નું છેલ્લા ૧૫ વર્ષથી અવિરત પ્રકાશન થાય છે. સમયાંતરે વિશેષાંક દ્વારા સમાજ અને પરિવાર ઉપયોગી માહિતી પ્રસિદ્ધ કરાય છે. અગાઉ મહિલા વિશેષાંક, પરિવાર વિશેષાંક, કારકિર્દી વિશેષાંક, સ્વર્ણિમ સમાજ વિશેષાંક ઉપરાંત રાયપુર અને સાબરકાંઠા વિશેષાક પ્રકાશિત થયેલ છે. ગત દીપોત્સવી પર સમાજના તબીબોને સાંકળીને ''સ્વાસ્થ્ય લાભ વિશેષાંક'' પ્રકાશિત કરવામાં આવેલ. સમાજના ૬૦ જેટલા ડોક્ટરોનો સમાજને પરિચય થયો. આ પ્રકાશન હેતુ સમાજના વિવિધ ડૉક્ટરોને મળવાનું થયું ત્યારે એક વિશેષ પરિચય થયો. અમદાવાદની પ્રખ્યાત ઝાયડસ હોસ્પિટલના ગેસ્ટ્રો સર્જન ડૉ. વિશાલ સોનીનો અને તેમના સેવાભાવી પિતાશ્રી ત્રંબકભાઈનો પરિચય થયો. સમાજ માટે વિશેષ લાગણી ધરાવતા ડૉ. વિશાલભાઈએ આ કાર્યક્રમમાં હાજરી આપી, ખૂબ લાગણીસભર રીતે સ્વાસ્થ્ય ક્ષેત્રે સમાજને ઉપયોગી થવા તત્પરતા દર્શાવેલ. સમાજના પૂર્વ પ્રમુખ શ્રી તુલસીદાસ કંસારાએ સમાજના પરિવારોના પરિચય મેળવવા ફેસબુક પેજ બનાવવાની વાત કરેલ.

સમાજના તેજસ્વી તારલાઓને દાતાશ્રી અરવિંદભાઈ મારૂ, તુલસીદાસ કંસારા, સમાજના પ્રમુખ શ્રી ગિરીશભાઈ સોની તેમજ અતિથિ વિશેષ શ્રી ત્ર્યંબકભાઈ સોની દ્વારા સન્માનિત કરી ઈનામ વિતરણ કરવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમના સર્વે કલાકારો માટે સમાજ દ્વારા રૂા. ૨૧૦૦/- તેમજ શ્રી જશવંત પરમાર દ્વારા રૂા. ૧૧૦૦/- પ્રોત્સાહનરૂપે આપવામાં આવેલ.

***વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે સમાજને મળેલ વિશેષ દાનનો સાભાર સ્વીકાર***

| | |
|---|---|
| ૬,૧૦૦/- | શ્રી અરવિંદભાઈ મારૂ |
| ૫,૦૦૦/- | શ્રી ગિરીશભાઈ સોની |
| ૫,૦૦૦/- | ડો. વિશાલ ત્ર્યંબકભાઈ સોની |
| ૫,૦૦૦/- | શ્રી તુલસીદાસ કંસારા |
| ૨,૫૦૦/- | શ્રી કનુભાઈ બીજલાણી હ. અમિત બીજલાણી |
| ૨,૫૦૦/- | શ્રી સુનીલભાઈ બીજલાણી |
| ૫,૦૦૦/- | શ્રીમતી માયાબેન પ્રવીણભાઈ સોની (મેડ-એઇડ ફંડ) |
| ૧,૦૦૦/- | કુ. દિતી સોની (મેડ-એઇડ ફંડ) |
| ૫૦૦/- | શ્રી પ્રફુલભાઈ કે. સોની (મેડ-એઇડ ફંડ) |

***સર્વે દાતાઓનો ધન્યવાદ અને આભાર.***

**અમદાવાદ જ્ઞાતિમાં જોડાયેલ નવા સભ્યો**

★ શ્રી ધવલ હરીશભાઈ સોની (મહીચા)

★ શ્રી અનિલભાઈ રણછોડભાઈ બારમેડા

★ શ્રી પરાગ જયંતીલાલ બીજલાણી

★ શ્રી દીપકભાઈ ધારશીભાઈ મહીચા

★ શ્રી શામજીભાઈ શંકરભાઈ સોની

★ શ્રી પરેશ ચંદ્રકાંત પોમલ (વડોદરા)

આ પ્રસંગે સાબરકાંઠાના તલોદથી શ્રી દિનેશભાઈ સોની, શ્રી રશ્મિનભાઈ સોની, શ્રી મેહુલભાઈ સોની, શ્રી ધર્મેન્દ્રભાઈ સોની, શ્રી શૈલેષભાઈ સોની તેમજ વડોદરાથી શ્રી પરેશભાઈ પોમલ વિશેષ ઉપસ્થિત રહેલ. શ્રી કાંતિભાઈ હેડાઉ હાલમાં અમેરિકા પ્રવાસે હોઈ તેમણે શુભેચ્છા સંદેશ સાથે સમાજ માટે વિશેષ દાન આપેલ છે.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખશ્રી ગિરીશભાઈ સોની, ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ઘડિયાળી, ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયા, માનદ્ મંત્રી શ્રી અતુલ સોની, શ્રી જયમીનભાઈ સોની, શ્રી સુનીલભાઈ બીજલાણી, શ્રી રાજેન્દ્રભાઈ સોની, શ્રી પ્રશાંતભાઈ બીજલાણી, શ્રી અરવિંદભાઈ મારૂ, યુવક મંડળના પ્રમુખ શ્રી હર્ષદભાઈ સોની, શ્રી પરેશભાઈ મહીચા, અનિસભાઈ મહીચા વગેરેએ ખૂબ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમ માટે મહિલા મંડળના સભ્યોએ વિશેષ તૈયારી કરી કાર્યક્રમને સફળતા અપાવેલ. ■

## સમસ્ત કંસારા સમાજ - ગુજરાત આયોજિત અષ્ટમ પરિચય મેળો

*– વસંતભાઈ એસ. કંસારા*




તા. ૦૫-૦૧-૨૦૨૦ને રવિવારના રોજ અમદાવાદ મુકામે ડી.કે. પટેલ હોલમાં ૪૫૦થી અધિક યુવક-યુવતીઓ સહિત ૧૫૦૦થી અધિક વાલી / વડીલો અને કંસારા જ્ઞાતિના અગ્રણીઓની વિશાળ સંખ્યામાં હાજરીમાં અષ્ટમ પરિચય મેળો સંપન્ન થયેલ છે. કંસારા સમાજના ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા જ્ઞાતિના વિવિધ ગોળ ઘટકમાં સમરસતા, એકતા અને સંગઠનને સાર્થક કરવા તેમજ વિવિધ સ્થાનો પર વસવાટ કરતા કુટુંબોને સામાજીક સંબંધો જોડવામાં પડતી મુશ્કેલીના નિવારણ માટે સંસ્થા છેલ્લા ૨ દાયકાથી દર ત્રણ વર્ષે પરિચય મેળાના આયોજન કરે છે અને જ્ઞાતિના દરેક ગોળ ઘટકના કંસારા સમાજના યુવાન યુવતીઓ માટે સમરસતા સાથેનું એક પ્લેટફોર્મ આપવાનો પ્રયાસ કરે છે. સમાજ દ્વારા પરિચય મેળામાં સામેલ દરેક યુવક / યુવતીઓના સંપૂર્ણ બાયોડેટાની ફોટા સહિતની રંગીન પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ, જે એક સંપર્ક માટે ઉપયોગી સાબિત થયેલ છે. સંસ્થા મેરેજ બ્યુરોનું પણ સંચાલન કરે છે. આજના આ પરિચય મેળામાં કંસારા સમાજના ગુજરાતભરમાં વસતા તેમજ મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને NRI કંસારા યુવક યુવતીઓએ પણ ઉપસ્થિત રહી પરિચય મેળાના ઉદ્દેશને સફળતા અપાવવામાં સહભાગી બનેલ. સંસ્થા દ્વારા આગામી દિવસોમાં મહિલા કલ્યાણ માટે એક સંમેલન અને એક વિશેષાંક બહાર પાડી મહિલા જાગૃતિ તેમજ બિઝનેસ મીટના આયોજનથી યુવાનોને તેમજ વેપાર, વ્યવસાય સાથે સંકળાયેલ વહેપારીઓ માટેના આયોજનનો નિર્ધાર પ્રગટ કરવામાં આવેલ. આઠમા પરિચય મેળાના કન્વીનર તરીકે શ્રી હસમુખભાઈ ખાખી અને વસંતભાઈ શેઠ દ્વારા પ્રશંસનીય કામગીરી અને સમસ્ત કંસારા સમાજના કાર્યવાહક પ્રમુખ શ્રી વસંતભાઈ કંસારાના નેતૃત્વમાં સમગ્ર કારોબારી સભ્યો અને ભગીની સંસ્થાઓ – શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અને મહિલા કલ્યાણી ટ્રસ્ટના સાથ સહકારથી આ કાર્યક્રમ સફળ અને સાર્થક થયેલ છે. અષ્ટમ પરિચય મેળાને કંસારા સમાજના જ્ઞાતિજનો, આગેવાનો દ્વારા અભૂતપૂર્વ સાથ - સહકાર પ્રાપ્ત થવા બદલ સંસ્થા સર્વે પ્રત્યે પ્રેમ અને આદર સહ આભાર વ્યક્ત કરે છે.

La Pino'z Pizza — GANDHIDHAM BHUJ
Kekiz The Cake Shop — AHMEDABAD
The Shake Maker — GANDHIDHAM

Mukesh Soni - 98792 03529

---

**PrabhuKrupa Jewellers**

BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments

Symbol of Trust & Beauty

5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

---

Pinack. S. Halaie
99225 79995

Vipul. S. Halaie
94221 02427

**Macken Jeweller's**
**Macken Gift**
**Vipul Wooden Art.**
(Govt. Contractor)

Abhyankar Road sitabuldi Nagpur

---

**GAYATRI JEWELLERS**

GOLD & SILVER ORNAMENTS

Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com

KISHOR P. SONI
98255 33371

NIKUNJ K. SONI
85114 67588

---

M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in

Er. Ghanshyam Soni
B. E. Civil

**HI-RISE CONSULTANT**

- Architectural Designer
- Structure Designer
- Consulting Civil Engineer
- Approved Valuer

Let's Live Better...

Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)

---

Kiranbhai Soni 94269 21470
Deven Soni 98253 74977

**Soni Kiran Kanjibhai**

Manufacturer & Dealers of Gold & Silver Ornaments




Shivaji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch. Ph.: (R) 241070, 653628

---



**કંસારા નવનીતલાલ જગજીવનદાસ**

સોના ચાંદીના વહેપારી

૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

---

Cell: 98254 14935

Pravinchandra Choksi

**P Himatlal**

Lagdi, Coins, Notes & 92.5 Silver Items

366/1 Ketarpal's Pole, Manek Chawk, Ahmedabad-1
Tel.: 079 2211 0540 | Email: p_himatlal5@yahoo.com

# શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી મગનભાઈ વલમજીભાઈ બારમેડા

શોકાતુર પરિવારજનો

રંજનબેન મગનભાઈ બારમેડા (ધર્મપત્નિ)
પ્રફુલ્લભાઈ મગનભાઈ બારમેડા (પુત્ર)
ટીના પ્રફુલ્લભાઈ બારમેડા (પુત્રવધુ)
પરેશભાઈ મગનભાઈ બારમેડા (પુત્ર)
વિદ્યા પરેશભાઈ બારમેડા (પુત્રવધુ)
સરોજબેન સોની (પુત્રી)
નીતાબેન જગદીશકુમાર બગ્ગા (પુત્રી-જમાઈ)
જાગૃતિબેન નીશીશકુમાર કટ્ટા (પુત્રી-જમાઈ)

ગં. સ્વ. પુષ્પાબેન મનસુખભાઈ બારમેડા (નાનાભાઈનાં ધર્મપત્નિ)

મયુરભાઈ મનસુખભાઈ બારમેડા (ભત્રીજો)
યોગિતા મયુરભાઈ બારમેડા (ભત્રીજા-વહુ)
જીગ્નેશ પ્રફુલ્લભાઈ બારમેડા (પૌત્ર)
દિવ્યાંશ પરેશભાઈ બારમેડા (પૌત્ર)
ઐશ્વર્યા પ્રફુલ્લભાઈ બારમેડા (પૌત્રી)
ભાવિશા પરેશભાઈ બારમેડા (પૌત્રી)

તથા સમસ્ત બારમેડા પરિવાર

# શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ - અમદાવાદ

**મહેન્દ્રકુમાર જે. કંસારા**

## સમાજના સરસ્વતીના સાધકો, ઉપાસકો એવા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ




સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના સાંનિધ્યમાં શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા આપણી પરંપરા મુજબ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા તેમજ અન્ય વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ તા. ૨૨-૯-૨૦૧૯ના રોજ અમદાવાદ અતિ આધુનિક અને શાનદાર ડી.કે. પટેલ હોલમાં આનંદ ઉલ્લાસ અને વિદ્યાર્થીઓ માટે ગૌરવશાળી અને પ્રોત્સાહક માહોલમાં સંપન્ન થયો. સન્માનિય અતિથિ વિશેષ સર્વશ્રી ડૉ. અતુલભાઈ કંસારા, E.N.T. Surgeon (કંસારા હોસ્પિટલ - પાલડી, અમદાવાદ), શ્રી વિનોદભાઈ જમનાદાસ કંસારા, C.A. (વડોદરા), શ્રી જશવંતભાઈ આર. કરથિયા, સિનિયર ઍડવોકેટ (રાજકોટ) તેમજ શ્રી પ્રો. કનુભાઈ એન. શેઠ, HOD of Civil Engg., ડી. ડી. યુનિવર્સિટી - નડિયાદની પ્રેરક ઉપસ્થિતિ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓ, તેઓના વડીલો, સમસ્ત કંસારા સમાજ અને મહિલા કલ્યાણી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો તેમજ વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરી નોંધનીય રહી.

કાર્યક્રમની શરૂઆત સુશ્રી ઉર્મિલાબેન અને સુશ્રી જશુબેનના મંગલાચરણ તેમજ સંગીત વિશારદ અને ગીનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડઝના સહભાગી એવા હેતલબેન કાગડા, પ્રિયંકાબેન અને તબલા વાદક કેયુરભાઈના વૃંદ દ્વારા સંગીતમય પ્રાર્થના અને મહાનુભાવાનો હસ્તે દીપ પ્રાગટ્યથી મંગલમય અને પાવન થયેલ ખુશનુમા માહોલ વચ્ચે પ્રારંભ થયેલ. શ્રી બટુકભાઈ કંસારા, ભૂ.પૂ. પ્રમુખ સમસ્ત કંસારા સમાજ દ્વારા સ્વાગત આવકાર પ્રવચન અને સમાજના સદ્ગત જ્ઞાતિજનોને બે મિનિટ મૌન રાખી શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. આજનો આ કાર્યક્રમ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો હતો. જેમાં સોનામા સુગંધ ભળે તેવા આપણા જ સમાજના ડૉક્ટર, વકીલ અને શિક્ષણ જગત સાથે વર્ષોથી સંકળાયેલ મહાનુભાવો અતિથિ વિશેષરૂપે હાજર રહેલ હતા, જેઓનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ. જેઓના જ્ઞાન અને અનુભવનો લાભ તેઓના અભિવ્યક્તિ અને કર્તૃત્વથી પ્રાપ્ત થયેલ.

ધોરણ-૧૦, ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચ અભ્યાસક્રમ, ડિગ્રી, માસ્ટર ડિગ્રી, વિશેષ સિદ્ધિ અને રમતગમત ક્ષેત્રે પારંગત એવા કુલ ૧૪૨ વિદ્યાર્થી મિત્રો દ્વારા એન્ટ્રી મળેલ. પરંતુ સન્માનિત કરવાના માપદંડ મુજબ કુલ ૬૪ વિદ્યાર્થીઓને સન્માનપત્ર, મેડલ અને દાતાશ્રીઓના રોકડ પુરસ્કારથી વિશેષ સન્માનિત કરવામાં આવેલ.

મેરીટ મુજબ : ધોરણ ૧૦ના ૧૦ વિદ્યાર્થી, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ ૪ વિદ્યાર્થી તથા વિજ્ઞાન પ્રવાહના ૩ વિદ્યાર્થી, વિવિધ ઉચ્ચ ડિગ્રી ધરાવતા ૪૪ વિદ્યાર્થીઓ. જેમાં ૭ મેડિસીન લાઈન થકી સર્જન, M.B.B.S. અને B.A.M.S. કક્ષાના. ૧૮ વિવિધ બેન્ચના એન્જીનિયરીંગની ડિગ્રી મેળવેલ વિદ્યાર્થીઓ હતા. જે આપણા સમાજમાં કેળવણી ક્ષેત્રે જે રીતે પ્રગતિ થઈ રહી છે તેનું સચોટ દર્શન કરાવનાર ગૌરવપ્રદ બાબત છે. વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ૩ — આમ કુલ ૬૪ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ. સમસ્ત કાર્યક્રમનું આયોજન અને સંકલન અત્યંત પ્રભાવશાળી રીતે કરવામાં આવેલ. જે તે વિભાગના વિદ્યાર્થીઓનું સન્માન, વચ્ચે વચ્ચે અતિથિ વિશેષ મહેમાનનું પ્રવચન, વિદ્યાર્થીઓને સંઘર્ષ અને વિપરીત સંજોગોમાં મળેલ સફળતાનું રહસ્ય અને મહેનતની પરાકાષ્ટાની અજાણી રસપ્રદ પ્રેરક માહિતી, સન્માનિત વિદ્યાર્થીઓના પ્રતિભાવ અને મુખપત્ર 'ધ કંસારા ટાઈમ્સ'ના તંત્રી શ્રી ભરતભાઈ શેઠ સંસ્થાના વિવિધ આયામો અને તેના થકી થતી સમાજસેવાની પ્રવૃત્તિઓ, સર્વેના સાથ સહકારની સાભાર નોંધ લીધેલ. સંસ્થાને દાન ભેટ સ્વરૂપે આપેલ યોગદાનની માહિતી અને જે રીતે સેવાકાર્ય કરવાને સતત સમાજ તરફથી મળતી હૂંફ અને આશિર્વાદની હૃદયપૂર્વક યાદ અપાયેલ.

ધાતુ પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી રાજેશભાઈ કંસારા દ્વારા આજના આ મંગલ દિને વિદ્યાર્થીઓનું સન્માન થતું હોય, શિક્ષણ, કેળવણી અને સંસ્કાર સિંચનનું મંથન થતું હોય તેવા આ સભાખંડમાં ઉપસ્થિત રહેવું મંદિરમાં આવ્યો હોય તેવી અનુભૂતિ

કરાવે છે. પોતાના સંસ્થા સાથેના ભૂતકાળના સેવાકાર્યોના જેમાં ૧૯૭૯ના મોરબી પૂર રાહતના પ્રસંગો અને ૨૦૦૧ના કચ્છના ભૂકંપના સેવાકાર્યો વગેરેનો ઉલ્લેખ કરી સમાજ સંગઠિત થાય, સમાજને જોડવાનું અને એકતા સ્થાપિત કરવી એક કંસારા બ્રાન્ડ નિર્માણ કરવાની ભાવના વ્યક્ત કરેલ. સમગ્ર આયોજનના Micro Management અને એક એક વિદ્યાર્થીનો સંપર્ક કરવા સુધીની વિગતો આપેલ. આવી સેવા કરવા માટે તેઓ માત્ર નિમિત્ત માત્ર છે તેવી લાગણી વ્યક્ત કરી સૌનો આભાર વ્યક્ત કરેલ. આ રીતના ક્રમબદ્ધ કાર્યક્રમના આયોજનથી સભાખંડ પ્રારંભથી અંત સુધી એકદમ જીવંત અને ઉલ્લાસમય રહેલ. શ્રી ડૉ. અતુલભાઈ કંસારા દ્વારા પ્રેરક અને મુદ્દાસર પ્રવચન આપેલ. સફળતા માટે સખત મહેનત આવશ્યક છે અને સફળતાનો કોઈ શોર્ટ કટ ન હોય તેમ જણાવેલ. સમય, ધ્યેય, શિક્ષણ અને સમસ્યા વિશે તેમજ ધ્યેય સિદ્ધિ માટે સતત અને સખત મહેનત કરવા પર ભાર આપેલ. કોઈપણ સમસ્યા સોલ્વ કરવા મક્કમ મનોબળ અને શ્રદ્ધા અનિવાર્ય છે. આ પરીક્ષા પાસ કરીને સંતોષ ન માનવો તેવી શીખ આપતા જણાવેલ કે શિક્ષણમાં પહેલા અભ્યાસ અને તાલીમ આપવામાં આવે છે અને પછી પરીક્ષા હોય છે. જીવનમાં આથી વિપરીત બને છે. પહેલા પરીક્ષા થાય છે, પછી શિક્ષણ કે સમજ મળે છે. એક સરસ વાત કરેલ કે જો તમને કોઈ સમયે એમ થાય કે સમસ્યાના નિવારણમાં ભગવાન આપણને મદદ કેમ નથી કરતા? તો આવા સમયે શ્રધ્ધા રાખવી અને સકારાત્મક રીતે વિચારવું કે ભગવાનને તમારા પર શ્રદ્ધા છે કે તમે જાતે સમસ્યાનું સમાધાન કરવા સક્ષમ છો. અંતમાં સંસ્કૃતનું એક સુભાષિત કરીને વિદ્યારૂપી ધનનું મહત્ત્વ સમજાવી, વિદ્યાર્થીઓને સફળતા અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવેલ.

શ્રી વિનોદભાઈ જમનાદાસ કંસારા, C.A. - વડોદરા – જેઓ વાણિજ્ય અને વેપાર જગત સાથે સંકળાયેલ છે, તેઓ સખત મહેનત અને પરિશ્રમથી સ્વબળે આગળ વધેલ જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જીવનમાં એક ચોક્કસ ધ્યેય નક્કી કરી તે પ્રાપ્ત કરવા નક્કર આયોજન અને પરિશ્રમ કરવા આહ્વાન કરેલ તેમજ સફળતા માટે કદાપિ શોર્ટ કટ ન લેવા સલાહ આપેલ. જ્યાંથી મળે ત્યાંથી માર્ગદર્શન, વાંચન અને વાર્તાલાપ દ્વારા જ્ઞાન વર્ધન કરતા રહેવું, સોશિયલ મીડિયાના વિવેક પૂર્વક ઉપયોગ કરવાની ખાસ તો અભ્યાસના સમયમાં દૂર જ રહેવું હિતાવહ છે તેમ જણાવેલ. તેમજ આપણા સમાજના વાણિજ્યના વિદ્યાર્થી મિત્રો માટે જરૂરી માર્ગદર્શન, મદદ કે સેવા આપવાની પોતાની તત્પરતા દર્શાવેલ. આવી પ્રશંસનીય અને આવકારદાયક પહેલ સમાજ માટે અતિ ઉપયોગી રહેશે.

શ્રી જશવંતભાઈ આર. કરથિયા, સિનિયર ઍડવોકેટ - રાજકોટ – જેઓ રાજકોટના સિનિયર ઍડવોકેટ છે. પ્રથમ વખત કાર્યક્રમમાં હાજરી આપવાનો અનેરો ઉત્સાહ અને આયોજકોના અભિવાદન અને આભાર સાથે પોતાની આગવી શૈલીમાં પ્રાસંગિક સંબોધન કરેલ. પોતે વકીલાતના વ્યવસાયમાં છે. ઉપરાંત પોતાનો એક પુત્ર ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરે છે તે અનુભવ અને પોતાની પ્રેક્ટિસના અનુભવને આધારે જણાવેલ કે આ વ્યવસાય કોઈપણ રોકાણ વિના શરૂ કરી શકાય છે અને માત્ર આત્મવિશ્વાસ અને સચ્ચાઇપૂર્વક વ્યવસાય કરવાથી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. વકીલાતના અભ્યાસની વિશાળ તકો ઉપલબ્ધ છે અને કારકિર્દી બનાવી શકાય છે. વકીલ માટે દરેક ક્ષેત્રનું સામાન્ય જ્ઞાન મેળવવું જરૂરી હોય છે અને પોતાની મહેનત અને આત્મવિશ્વાસથી સફળતા મળે જ છે. વ્યવસાયમાં Arguments કરવાની હોય છે, પરંતુ 'સમાજમાં પ્રભાવથી નહીં, સદ્‌ભાવથી સફળ થવાય છે.' આવા One liner વાક્યથી સૌને પ્રભાવિત કરેલ. સન્માનિત વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવેલ.

શ્રી પ્રો. કનુભાઈ એન. શેઠ, HOD of Civil Engg. ડી.ડી. યુનિવર્સિટી - નડિયાદ વર્ષોથી શિક્ષણના વ્યવસાયમાં કાર્યરત એવા શ્રી પ્રો. કનુભાઈ શેઠ દ્વારા પ્રેરક ઉદ્‌બોધન આપવામાં આવેલ. પોતે વિદ્યાર્થીઓને સન્માનિત કરવા આવેલ છે પણ પ્રથમ પોતાનું સન્માન થવાથી અભિભૂત થઇ જણાવેલ કે પોતાના સમાજ દ્વારા સમાજની વચ્ચે આ રીતનું સન્માન પામવું એક ગૌરવપ્રદ છે. વિદ્યાર્થીઓને જીવનભર મહેનત કરવા અને પરીક્ષા આપવા સંકલ્પબધ્ધ રહેવાની સોનેરી સલાહ આપેલ. જેમકે ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા સખત મહેનત, પછી ધોરણ-૧૨ માટે આગળ મનપસંદ અભ્યાસમાં પ્રવેશ માટે પરીક્ષા, વળી GATE, NITT, GRE, TOFEL વગેરની તૈયારી – આમ સતત પરીક્ષાની મહેનત કરવાથી એક પ્રકારની ટેવ પડી જાય, જે જીવનભર ઉપયોગી રહેશે. ઇનામ મળે કે ન મળે તે મહત્ત્વનું નથી, સારી સફળતા આવકાર્ય છે પરંતુ નિષ્ફળતાને કારણે હતાશ કે નિરાશ થવાની જરૂર નથી. નિષ્ફળતા એ માત્ર ધીમી ગ્રહણ શક્તિનું કારણ છે જે સતત અભ્યાસથી વિકસિત કરવાની આવશ્યક્તા છે. આજના હરીફાઈના યુગમાં પોતાની જાતને કોમ્પિટીશનમાં અપડેટ રાખવા ચીલાચાલુ પદ્ધતિ નહીં ચાલે. માત્ર ૧૧થી ૫ નોકરી કરવી તેવી મનોદશામાંથી બહાર નીકળી એક ધ્યેય નક્કી કરી વ્યવસ્થિત આયોજન અગાઉથી જ કરવું પડશે. એક કોર્ષનું વાંચન કરવા માત્રથી વિકાસ સંભવ નથી, અભ્યાસની પ્રવૃત્તિ માટે દિવસના જો ૪-૫ કલાક ફાળવતા હશો તો તે નહીં ચાલે, ઓછામાં ઓછા ૧૦-૧૨ કલાક સતત મહેનત કરવી જરૂરી છે. પોતાના આ ક્ષેત્રના ૩૫ વર્ષના અનુભવ અને વર્તમાન ગ્લોબલાઇઝેશનના યુગમાં સર્વાંગી વિકાસ અને સફળતા માટે

શિક્ષણ પ્રાપ્ત કરવાની ૩ ફોર્મ્યુલા બતાવેલ : (૧) Curriculum – અભ્યાસક્રમ, (૨) Co-Curriculum – સહ અભ્યાસક્રમ અને (૩) Extra-Curriculum – વિશેષ અભ્યાસક્રમ.

સામાન્ય રીતે અભ્યાસક્રમ એટલે સ્કૂલ કોલેજમાં જે તે વર્ષનો વિષયનો કોર્ષ, જે દરેક વિદ્યાર્થી માટે પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે અગત્યનો છે. પરંતુ વર્તમાનમાં માત્ર અભ્યાસક્રમ ઉપરાંત અભ્યાસને અનુરૂપ અન્ય જ્ઞાન જેમ કે જે તે વિષયની સોફ્ટવેર અને અન્ય તકનીકી જાણકારી અને અભ્યાસ સાથે પૂરક માહિતી મેળવવી અને Extra Activity કસરત, યોગા અને ધ્યાન થકી એકાગ્રતાના માનસિક મજબુતાઈ પ્રાપ્ત કરવાના પ્રયાસ કરવા જોઈએ. આમ, સંપૂર્ણ શિક્ષણ ઉપયોગી બની રહેશે. કોઈ પણ વ્યવસાયીક કાર્યક્ષેત્રમાં સફળ થવા માટે ઉપયોગી બનવું, Trustworthy અને Hardworking બનવાના ઉમદા સુત્ર અપનાવવા અનુરોધ કરેલ.

ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઇગર - સુરત દ્વારા પણ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા અંગે ઉપયોગી ટીપ્સ આપેલ. વ્યવસ્થિત આયોજન, ટાઇમ મેનેજમેન્ટ, સ્થાન પસંદગી, અભ્યાસકાળમાં સોશિયલ મીડિયાનો યોગ્ય ઉપયોગ કરવા સલાહ આપેલ. સ્વાસ્થ્ય અંગે કસરત, વ્યાયામ, યોગ જેવી પ્રવૃત્તિ કરવા અનુરોધ કરેલ. બાળકોની કેળવણી અને સંસ્કાર વર્ધન માટે વાલી દ્વારા પણ પોતાનો સમય આપવા સૂચન કરેલ. વર્તમાન રાષ્ટ્રની સમસ્યા, પર્યાવરણ જાગૃતિ, ટ્રાફિકના નિયમો, રક્તદાન-ચક્ષુદાન જેવી સમાજ ઉપયોગી બાબતોનો પણ ઉલ્લેખ કરી ગાગરમાં સાગર સમાન ટૂંકું સચોટ માર્ગદર્શન આપેલ.

સન્માનિત વિદ્યાર્થી મિત્રોએ પણ આવા આયોજન થકી જે રીતે પોતાના જ સમાજ વચ્ચે સન્માનિત થવું અને પ્રેરણા તેમજ પ્રોત્સાહન મેળવવું ગૌરવપ્રદ છે, ભવિષ્યમાં સંસ્થાને મદદરૂપ બની ઋણ અદા કરવાની કટીબદ્ધતા વ્યક્ત કરેલ. સન્માનિત ડૉ. બગ્ગા નેહા હસમુકભાઈ, M.S. (ENT Surgeon) ના અભ્યાસકાળના પ્રોફેસર તરીકે આપણા જ અતિથિ વિશેષ ડૉ. અતુલભાઈ કંસારા (ENT Surgeon) હતા. આ રહસ્ય સમારંભ દરમ્યાન જાણવા મળ્યું, જે બાબત આપણા કંસારા સમાજ માટે અતિ ગૌરવપ્રદ અને પ્રતિષ્ઠાને દ્યોતક રહેલ.

કાર્યક્રમના સમાપનમાં સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ના મંત્રીશ્રી સુજલભાઈ કંસારા દ્વારા સર્વે મહેમાનો, વિદ્યાર્થી મિત્રો, આયોજનમાં સહકાર આપનાર સર્વે પ્રતિ સંસ્થા વતી આભાર દર્શન કરવામાં આવેલ. અંતે સમૂહમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ અને સ્વાદિષ્ટ સ્વરૂચિ ભોજન બાદ સમારંભની મધુર યાદો લઈ સૌ વિદાય થયેલ. ■

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - રાયપુર

*નીતા નીલેશ બુધ્ધભટ્ટી*

આપણી જ્ઞાતિના રાયપુર ઘટકના વરિષ્ઠ જ્ઞાતિજનો માટે વારાણસી - શ્રી કાશી વિશ્વનાથ ધામની ધાર્મિક યાત્રાનું આયોજન થયું. રાયપુર છત્તીસગઢથી અંદાજે ૧૨૦૦ કિ.મી. દૂરની આ સફળ યાત્રા સંપૂર્ણપણે નિઃશુલ્ક હતી. ૮૪ જ્ઞાતિજનોમાં વડીલ મહિલા - પુરૂષો તથા યુવાનો સામેલ હતા. જે ૧૫ ઓગસ્ટ શ્રાવણ માસની રાખડી પૂનમથી શરૂ થઇને ૧૮ ઓગસ્ટના પૂર્ણ થયેલ. વારાણસી કાશી વિશ્વનાથ મહાદેવ જ્યોતિર્લિંગના દર્શન બધાએ સમૂહમાં કર્યા. ત્યારબાદ ગંગા નદીના ઘાટના દર્શન તથા ગંગા આરતીના દર્શનનો લહાવો સૌએ સાથે લીધો. ૧૫ ઓગસ્ટના રોજ રાયપુરથી રેલવેના એ.સી. કોચમાં યાત્રા શરૂ થઇ. ત્યાં બધા માટે રહેવાની અને જમવાની બધી વ્યવસ્થા કેવલ જ્ઞાન મંદિર ભવનમાં કરવામાં આવી હતી. ખૂબ જ યાદગાર એવી આ ધાર્મિક યાત્રાનો સંપૂર્ણ ખર્ચ જ્ઞાતિના એક જ પરિવાર દ્વારા કરવામાં આવેલ હતો.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - રાયપુરના ભૂતપૂર્વ પ્રમુખ, મહામંડળના માજી ઉપપ્રમુખ શ્રી પ્રફુલભાઈ મગનભાઈ બારમેડા અને રાયપુર જ્ઞાતિ યુવક મંડળના માજીપ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવા આપેલ. શ્રી પરેશભાઈ મગનભાઈ બારમેડા દ્વારા આ સંપૂર્ણ યાત્રાનો ખર્ચ કરવામાં આવેલ (શ્રી મગનભાઈ વલમજીભાઈ બારમેડાના સુપુત્રો).

જ્ઞાતિના કાર્યકર્તા યુવકોએ યાત્રા દરમિયાન પ્રત્યેક વરિષ્ઠોને થોડી પણ તકલીફ ન થાય એ માટે સતત પ્રયત્નો કરેલ. જેમાં મુખ્યત્વે ચિ. ચિરાગ પોમલ, વરૂણ બુધ્ધભટ્ટી, જીજ્ઞેશ બારમેડા, ભાવિક મૈચા, નિખિલ કટ્ટા, તનિષ્ક પોમલ, અભિષેક, દિવેશ મૈચા, મીનલ બારમેડા, વંશિકા બીજલાણી – આ બધા યુવક યુવતીઓએ ખડેપગે રહીને સંપૂર્ણ યાત્રા દરમ્યાન સમગ્ર વ્યવસ્થા સંભાળવામાં પૂર્ણ યોગદાન આપેલ તથા વડીલોની સેવા કરેલ.

યાત્રા પૂર્ણ કરીને રાયપુર સ્ટેશન પર પહોંચ્યા ત્યારે ભજન મંડળની બહેનો દ્વારા અને પ્રવીણભાઈ પોમલ, હર્ષદભાઈ પોમલ દ્વારા ફૂલહાર તથા શાલ ઓઢાડીને બહુમાન કરીને મગનભાઈ બારમેડાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. ■

*ઓળખાણથી મળેલ કામ થોડો સમય રહે છે,*
*પરંતુ કામથી મળેલ ઓળખાણ જિંદગી સુધી રહે છે!*

# શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ - અમદાવાદ

## સુવર્ણ જયંતિ મહોત્સવ - ૨૦૧૯



વર્ષ ૧૯૬૯ સુધીમાં મારૂ કંસારાના ઘણા પરિવારો સૌરાષ્ટ્રમાંથી અમદાવાદ આવીને અલગ અલગ વિસ્તારમાં વસેલા. આ તમામ પરિવાર કંસારાના પારીવારિક વ્યવસાયક તાંબા પિત્તળના વાસણના ઉત્પાદન તેમજ મજૂરીનું કામ કરી આજીવિકા મેળવતા હતા. આ તમામ પરિવારો ઘણી મુસીબતોનો સામનો કરી રહ્યા હતા. તેમાં પણ ખાસ કરીને તેમના બાળકોના અભ્યાસ માટે વધુ તકલીફ પડતી હતી. બાળકોના અભ્યાસ તથા સૌરાષ્ટ્ર મારૂ કંસારાના પુનરોત્થાન માટે તમામ સૌરાષ્ટ્રથી આવેલા મારૂ કંસારાને એક મંચ ઉપર ભેગા થવાની જરૂરિયાત હતી.

આ ભગીરથ કાર્ય માટે શ્રી ચુનીલાલ લાલદાસ પરમાર, શ્રી વિનુભાઈ સુંદરજીભાઈ પવાર, શ્રી મનુભાઈ દામોદરદાસ કંસારા, શ્રી મનસુખલાલ માધવજીભાઈ ભૂત, શ્રી ચમનભાઈ ઝવેરદાસ પરમાર, શ્રી જયંતભાઈ હંસરાજભાઈ બુધ્ધ, શ્રી પ્રમોદભાઈ લક્ષ્મીદાસ પરમાર, શ્રી બાબુભાઈ ન્યાલચંદભાઈ પરમાર, શ્રી નવનીતલાલ જગજીવનદાસ પરમાર, શ્રી બિહારીભાઈ અનોપલાલ પવાર, શ્રી હીરાભાઈ નારણદાસ પવાર, શ્રી નંદલાલ જગજીવનદાસ ગુજરાતી, શ્રી બાલકૃષ્ણભાઈ પ્રભુદાસ પવાર, શ્રી શંભુભાઈ ઓધવજીભાઈ કંસારા, શ્રી જયંતીલાલ ચત્રભુજભાઈ કંસારા, શ્રી અનિરૂધ્ધભાઈ બાબુભાઈ પરમાર, શ્રી હરિવલ્લભદાસ ત્રિભોવનદાસ કંસારા તથા અન્ય અગ્રગણ્ય વડીલોએ ૧૯૬૯માં "શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ - અમદાવાદ"ની વિધિસર સ્થાપના કરી.

વર્ષોવર્ષ મંડળના સભ્યો વધતા ગયા. રૂા. ૧૦૧/-થી મંડળના આજીવન સભ્યો બનાવવાનું ચાલુ કરેલ, જે આજ પર્યંત ચાલુ રહેલ છે.

૧૯૯૪માં મંડળે રજત જયંતી વર્ષ બહુ જ ભવ્યતાથી ઉજવ્યો.

શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ - અમદાવાદ વર્ષ ૨૦૧૯માં ૫૦ વર્ષ પૂર્ણ કરીને ૫૧મા વર્ષમાં યશસ્વી પ્રવેશ કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૯ને સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવવું તેમ સર્વે જ્ઞાતિજનો દ્વારા સામાન્ય સભામાં નક્કી કરવામાં આવ્યું હતું.

સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૯ના ભાગરૂપે જાન્યુઆરી ૨૦૧૯માં મંડળના ૬૦ વડીલોનો એક સમૂહ શ્રી ચંપારણ ધામ ૫ દિવસની જાત્રાએ ગયા અને ચંપારણમાં ધામધૂમથી અલગ અલગ મનોરથ કરેલ. દરેક સભ્યોએ જારી ચરણ સ્પર્શ કરી સુવર્ણ જયંતી મહોત્સવ-૨૦૧૯ને ધામધૂમથી ઉજવવાનો દ્રઢ સંકલ્પ કરેલ.

ત્યારબાદ તા. ૨૨-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ શુભ દિવસે સુવર્ણ જયંતિ મહોત્સવ - ૨૦૧૯ ઉજવવાનું ચંપારણ ધામ ખાતે જ નક્કી કરવામાં આવ્યું. જેના માટે દરેક અગિયારસના રોજ રાબેતા મુજબ માંડવીની પોળ તથા સેટેલાઇટની બહેનો દ્વારા અલગ અલગ જગ્યાએ સત્સંગનું આયોજન કરવામાં આવતું હતું.

કારોબારી સભ્યો દર ૧૫ દિવસે ભેગા થઈ ઉજવણીના અનુસંધાનમાં ચર્ચા વિચારણા કરતા તથા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરતા હતા.

તા. ૧-૬-૨૦૧૯ને રવિવારના રોજ મંડળ દ્વારા મંડળના અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને પાઠ્યપુસ્તક, નોટબુક તથા ફૂલ સ્કેપનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

તા. ૨૧-૭-૨૦૧૯ને રવિવારના રોજ નરોડા મહાપ્રભુજીની બેઠક ખાતે ભવ્ય મંગલ મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે સવારથી જ મંગલા દર્શન, જારીજી ભરવા, શણગાર દર્શન, ગિરીરાજની પૂજા, રાજભોગ દર્શન, ફૂલના હિંડોળા, નંદ ભયો, રાસ-ગરબા ઢોળ, કીર્તનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લહાવો મંડળના દરેક સભ્યોએ લીધો હતો.

ત્યારબાદ અસારવા શ્રી શ્રીનાથજીની હવેલી ખાતે સભ્યો દ્વારા સાવન-ભાદોના દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મંડળના દરેક પરિવારે દર્શનનો આનંદ લીધો હતો.


તા. ૧૩-૯-૨૦૧૯ને શુક્રવારના રોજ કારોબારી સમિતિની મિટીંગ સૌપ્રથમવાર શ્રી નાથદ્વારા મુકામે શ્રી શ્રીનાથજીના સાનિધ્યમાં મળેલ. કારોબારી સમિતિની મિટીંગમાં બધા જ સભ્યો

હાજર રહ્યા હતા અને અત્યંત આનંદિત થઈ ચર્ચામાં ભાગ લીધો હતો. સૌ કારોબારી સભ્યોએ શ્રી શ્રીનાથજીને સુવર્ણ જયંતિ મહોત્સવ ૨૦૧૯માં હાજરી આપવા નમ્ર વિનંતી કરેલ.

તા. ૧૩-૧૦-૨૦૧૯ને રવિવારના શરદ પૂર્ણિમાના દિવસે ભુદરપુરા કોમ્યુનિટી હોલ ખાતે રાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંડળમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા તથા આ કાર્યક્રમ દરમ્યાન મંડળના તમામ પરિવારે ખૂબ જ મોટી સંખ્યામાં સુવર્ણ જયંતિ મહોત્સવ-૨૦૧૯ની ઉજવણી માટે જંગી રકમનો ફાળો જમા કરાવેલ.

તા. ૨૧-૧૨-૨૦૧૯ના રોજ શાહીબાગ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરીયલ સોસાયટી ખાતે "શ્રી સમસ્ત મારૂ કંસારા કેળવણી ઉત્તેજક મંડળ - જામનગર"ની કારોબારી સમિતિની મિટીંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં મુંબઈ, પૂના, જામનગર, રાજકોટ, સુરત, ગોંડલ, જેતપુર, વડોદરા, જુનાગઢ દરેક ગામના કેળવણી મંડળના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.




તા. ૨૨-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ શાહીબાગ ખાતે મંડળની સામાન્ય સભા શ્રી કંસારા હર્ષદભાઈ ગોપાલદાસના પ્રમુખપદ હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંડળની સ્થાપનાથી આજ દિન સુધી સેવા આપતા અનમોલ જ્ઞાતિરત્ન કંસારા અનિરૂધ્ધભાઈ બાબુલાલ, કંસારા ધનવંતરાય ગોવિંદલાલ, કંસારા ત્રિભોવનદાસ જુઠાભાઈ પરિવાર, કંસારા જયંતીલાલ ચત્રભુજ પરિવાર, કંસારા રાજેશભાઈ ચંપકલાલ, કંસારા સુરેશભાઈ નંદલાલભાઈ – જ્ઞાતિના અનમોલ રત્નોનું સન્માન આમંત્રિત મહેમાનો તથા મંડળના વડીલો દ્વારા કરવામાં આવ્યું. આ એક અત્યંત ભાવુક ક્ષણ હતી જેમાં મંડળના દરેક વડીલોને યાદ કરી, તેમણે આપેલ દીર્ઘકાલીન સેવાઓને બિરદાવવામાં આવી હતી.

"જ્ઞાતિ ગૌરવ" સન્માન સમારોહ શ્રી પોમલ હિતેશભાઈ મનહરલાલનું 'જ્ઞાતિ ગૌરવ' તરીકે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું તથા સુવર્ણ જયંતી મહોત્સવ-૨૦૧૯ના મુખ્ય ચેરમેન તરીકે હિતેશભાઈએ આપેલ યોગદાન તથા દરેક કાર્યક્રમનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી યોગ્ય સૂચન કરતા રહ્યા તે બદલ તેમના કાર્યોને બિરદાવ્યા હતા.

ત્યારબાદ તા. ૨૨-૧૨-૨૦૧૯ના રોજ બપોરે ૩.૦૦ કલાકે મંડળના ૫ વર્ષથી લઈને ૫૩ વર્ષ સુધીના કુલ ૧૭૦ ભાઈ-બહેનો દ્વારા "કૃષ્ણરંગમ" નાટક અત્યંત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને રજૂ કરવામાં આવ્યું. જેનો લાભ આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિજનોએ લીધેલ.

આ "કૃષ્ણરંગમ" નાટકની તૈયારી માટે જ્ઞાતિના ૧૭૦ ભાઈઓ-બહેનો છેલ્લા છ મહિનાથી અલગ અલગ જગ્યાએ પ્રેક્ટિસ કરતા હતા. આ એક અદ્‌ભુત કલાકૃતિ રજૂ કરી દર્શકો પણ મંત્રમુગ્ધ થઈને મીટ માંડીને એકિટસે "કૃષ્ણરંગમ"નો આનંદ માણી રહ્યા હતા. સમાજના વડીલો આ ૧૭૦ ભાઈઓ-બહેનોની એકતા, એકબીજાની પરસ્પર લાગણી અને મંડળ પ્રત્યે પોતાનો ભાવ જોઈને અત્યંત પ્રફુલ્લિત થઈ ગયા હતા અને તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા. ત્યારબાદ તા. ૨૯-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ "કૃષ્ણરંગમ"ના કુલ ૧૭૦ કલાકારો પરિવાર સહિત સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે સવારે ૮ વાગે ભેગા થયા હતા. બધા રાત્રે ૭ વાગ્યા સુધી ત્યાં રહ્યા અને અલગ અલગ રમતો રમ્યા. રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આમ, તા. ૫-૧-૨૦૧૯ના રોજ ચંપારણ મુકામે શરૂ થયેલ સુવર્ણ જયંતિ મહોત્સવ તા. ૨૯-૧૨-૨૦૧૯ના રોજ સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે પૂર્ણ થયેલ. સમગ્ર વર્ષ દરમ્યાન અલગ અલગ પ્રવૃત્તિનું આયોજન કરી અને મંડળના દરેક સભ્યોએ પરિવાર સહિત આનંદ ઉલ્લાસપૂર્વક ઉજવ્યો હતો.

**શ્રી ધનવંતરાય ગોવિંદલાલ કંસારા**
**પ્રમુખ**

**શ્રી રમેશભાઈ જયંતિલાલ કંસારા**
**ઉપપ્રમુખ**

**શ્રી મનિષભાઈ ભરતકુમાર કંસારા**
**માનદ્ મંત્રી**

# કંસારા સેવા સમાજ દ્વારા ચિંતન શિબિર 'સંવેદના-૨૦૧૯' કાર્યક્રમ યોજાયો



કંસારા સમાજના અનેકવિધ પ્રશ્નોના નિવારણ અર્થે એક વર્ષ પૂર્વે કેશોદ મુકામે કંસારા સેવા સમાજનો પ્રારંભ થયો. વિશિષ્ટ અને સમાજ હિતના કાર્યો કરવા માટે પ્રતિબધ્ધ આ સંસ્થા દ્વારા તા. ૨૯-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ કંસારા સમાજની અનેક સમસ્યાઓમાંની એક એવી વૈવાહિક સમસ્યાના સમાધાન માટે ચિંતન શિબિર યોજવાનું નક્કી થયું. આ માટે સમગ્ર દેશભરમાં સમાજના અગ્રણી - પ્રબુધ્ધ લોકોને, મંડળોને, વિશેષ આમંત્રણો મોકલાયા. ગામેગામથી આ બાબતે ખૂબ જ ઉત્સાહિત પ્રતિભાવો મળ્યા. આ મહાસંમેલનની યોગ્ય ફળશ્રુતિ મળે તે હેતુ સદા અગ્રણી કાર્યકર્તાઓ દ્વારા ઉત્સાહિત કાર્ય પ્રારંભ થયો.

તા. ૨૯-૧૨-૨૦૧૯ના ઉદયમાન સૂર્યનારાયણ કંસારા સમાજ માટે એક નવી આશાના કિરણ સાથે ઉદ્દીપ્ત થયા અને પ્રાતઃ ૧૦ વાગે કેશોદ મહિલા મંડળની બહેનો દ્વારા દીપ પ્રાગટ્ય - ગુરૂ વંદનાના સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ થયો.

સંવેદના ૨૦૧૯ ચિંતન શિબિરના પ્રારંભમાં સભા અધ્યક્ષ તરીકે જુનાગઢના અગ્રણી જ્ઞાતિજન ડૉ. ડી.એન. બારમેડા સાહેબની સર્વાનુમતે વરણી કરવામાં આવી તથા તેમને સન્માનિત કરવામાં આવ્યા.

કંસારા સેવા સમાજના આમંત્રણને માન આપી સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત તથા રાજસ્થાનથી સમાજના અગ્રણી પ્રબુધ્ધ નાગરિકજનો ઉપસ્થિત થયા હતા. જેમાં ભુજના મેયરશ્રી તથા જ્ઞાતિ અગ્રણી શ્રી લતાબેન સોલંકી, ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી હિતેશભાઈ સોની, શ્રી દોલતરામજી મહીચા કે જેઓ રાજસ્થાન બ્રાહ્મણ સુવર્ણકાર સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સેવારત છે, તથા રાજસ્થાનથી જ શ્રી સોહનલાલ મહીચા, શ્રી સંતોષજી હેડાવ, શ્રી ખીમરાજજી બારમેડા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.

ઉપરાંત શ્રી રૂપેશભાઈ પરમાર (કંસારા સેવા સમાજ પ્રમુખશ્રી), શ્રી નરેન્દ્રભાઈ સોની - ગાંધીનગર, શ્રી મધુસુદનભાઈ પરમાર - કેશોદ, શ્રી અંતુભાઈ પરમાર - સિહોર (પ્રમુખશ્રી મારૂ કંસારા હિતેચ્છુ મંડળ), શ્રી નલીનભાઈ પવાર - સિહોર (પ્રમુખશ્રી જ્ઞાતિ મંડળ), શ્રી હેમેન્દ્રભાઈ સોની - નખત્રાણા (ચેરમેન શ્રી ક્રેડિટ કો.ઓ.સો.), શ્રી દિનેશભાઈ સોની - અંજાર (પ્રમુખશ્રી જ્ઞાતિ ટ્રસ્ટ), શ્રી અશ્વિનભાઈ સોલંકી (પ્રમુખશ્રી યુવક મંડળ - ગોંડલ), શ્રી નીતિનભાઈ પરમાર (પ્રમુખશ્રી જેતપુર યુવક મંડળ), શ્રી ક્રિષ્નાબેન બારમેડા (પ્રમુખશ્રી જુનાગઢ મહિલા મંડળ), શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટી (પ્રમુખશ્રી, યુવક મંડળ જુનાગઢ), શ્રી કિશનભાઈ બુધ્ધભટ્ટી (દિવ્યદૃષ્ટિ એડિટર અને ઑનર - મોરબી), શ્રી ચંદ્રકાંતભાઈ પરમાર (રાજકોટ જ્ઞાતિ અગ્રણી) તથા રાજસ્થાન કચ્છ ગુજરાતથી પધારેલ અન્ય મહાનુભાવોને મંચસ્થ બિરાજમાન કરી સંસ્થાના અગ્રણી કાર્યકર્તાઓ દ્વારા ખેસ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ.

કંસારા સેવા સમાજના ઉપપ્રમુખ ડૉ. શૈલેષ બારમેડા દ્વારા સંસ્થાના વિવિધ કાર્યો સંદર્ભે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ તથા ઉપસ્થિત સૌ મહાનુભાવો તથા સમગ્ર સમાજનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ.

કાર્યક્રમના મુખ્ય હાર્દ સમાન એવા વૈવાહિક પ્રશ્નોના નિવારણ અર્થે યોજાયેલા ચિંતન શિબિરનું સંચાલન જુનાગઢના જ્ઞાતિ અગ્રણી તથા આ વિષય સંદર્ભે ગહન અભ્યાસ કરનાર શ્રી ઈશ્વરભાઈ મેવચાને સોંપવામાં આવ્યું.

પ્રારંભમાં શ્રી ઈશ્વરભાઈ મેવચા દ્વારા સમગ્ર ચિંતન શિબિરનાં વિષયની ગહનતાને ધ્યાને લઇ તે સંદર્ભે વિશેષ છણાવટ સાથે આ વિષયને સમાજ સમક્ષ મૂક્યો તથા વૈવાહિક પ્રશ્નોમાં પડતી મુશ્કેલીઓ, કારણો અને નિવારણ સંદર્ભે થનાર ચિંતન સભાના નિયમોની જાણ સમગ્ર સભાજનો સમક્ષ કરવામાં આવી.

જ્ઞાતિના યુવક - યુવતીઓને વૈવાહિક (સગાઈ, લગ્ન સંબંધી) પ્રશ્નોમાં પડતી મુશ્કેલીઓના અનેકવિધ કારણો જવાબદાર હોઈ શકે. આ મુદ્દાઓની ચર્ચા બેવડાય નહીં તે હેતુસર ઉપસ્થિત જ્ઞાતિ અગ્રણીઓને મુદ્દા સહ ચર્ચા, ચિંતન માટે મંચ પર આમંત્રિત કરવામાં આવ્યા.

પ્રારંભમાં સભા અધ્યક્ષ તથા જુનાગઢ જ્ઞાતિ અગ્રણી ડૉ. ડી.એન. બારમેડા દ્વારા શિક્ષણની અસમાનતાને કારણે થતી

વૈવાહિક પસંદગીની સમસ્યાના કારણો તથા ઉપાયો સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યારબાદ ભુજથી પધારેલ મેયરશ્રી લતાબેન સોલંકી દ્વારા સંયુક્ત કુટુંબ તથા વિભક્ત કુટુંબને કારણ સમક્ષ રાખી આજના યુવક-યુવતીઓને પસંદગીની સમસ્યાના વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ તથા સંયુક્ત કુટુંબમાં થતા વિવાહ વધુ ફળદાયી તથા લાભપ્રદ છે તેમ જણાવેલ.





જુનાગઢના વિદ્વાન અગ્રણી જ્ઞાતિજન શ્રી મથુરભાઈ મેવચા દ્વારા સંબંધોમાં અડચણરૂપ બનતી કુંડળી મેળવવાની સમસ્યા પર વિસ્તૃત વિચારો રજૂ કરેલ. આજના આધુનિક યુગમાં પણ પંસદગીના અન્ય સૌ કારણો મળતા હોવા છતાં કુંડળી મેળાપ ન થવાને કારણે વૈવાહિક સંબંધોથી વંચિત રહેતા યુવાનોની સમસ્યા સંદર્ભે વિસ્તૃત માર્ગદર્શન શ્રી મથુરભાઈ દ્વારા આપવામાં આવેલ.

સમાજની સળગતી સમસ્યાના નિવારણ સંદર્ભે - પોતાના વિચારોની રજુઆત અર્થે તથા સંબંધોને નવો આયામ આપવાના હેતુસર ખાસ રાજસ્થાનથી ઉપસ્થિત રહેનાર બ્રાહ્મણ સુવર્ણકાર સમાજના પ્રમુખશ્રી દોલતરામજી મહીચા દ્વારા ભૌગોલિક વિસ્તારની સમસ્યાઓને દૂર કરી સંબંધોની વિશાળતા વધારવા પર ખાસ ભાર દેવામાં આવેલ. ગુજરાતના અન્ય વિસ્તારો તેમજ રાજસ્થાનમાં વસતા આપણા જ જ્ઞાતિજનો સાથે સંબંધો વિકાસ પામે અને સમાજ વધુ વિશાળ અને સંગઠિત બને તો અનેક સમસ્યાઓ દૂર થઈ શકે તે વિષય પર વિચારો રજૂ કરેલ.

ઉપપ્રમુખ ડૉ. શૈલેષ બારમેડા દ્વારા સમગ્ર ચિંતન શિબિર યોજવાનું હાર્દ શું છે? તે વિશે વિસ્તૃત જાણકારી સમાજ સમક્ષ મૂક્યા બાદ એકવીસમી સદીમાં આજના યુવાનોના વિચારોને તેમજ તેમના ભાવનાત્મક પાસાઓને સમજવાની આવશ્યક્તા તથા સમાજમાં આવેલ વૈચારિક પરિવર્તનને ઓળખી, તે મુજબ યુવાનો - યુવતીઓને લાયકાત કેળવવા પર ભાર મૂકેલ.

ઉપરાંત અમદાવાદથી પધારેલ શ્રી નરેન્દ્રભાઈ મેવચા, રાજકોટથી ઉપસ્થિત શ્રી ચંદ્રકાંતભાઈ પરમાર, જુનાગઢથી ભાવેશભાઈ મેવચા તથા ભુજથી ઉપસ્થિત જ્ઞાતિ અગ્રણી શ્રી ચેતનભાઈ બારમેડા દ્વારા આર્થિક અસમાનતાને કારણે પડતી મુશ્કેલીઓ, ભૌગોલિક અંતરને કારણે આવતી અડચણો, ગૌત્ર સંબંધી મુશ્કેલીઓ તથા અન્ય જ્ઞાતિઓમાં થતા આંતરજ્ઞાતિય સંબંધોને કારણે ઉપસ્થિત થતી સમસ્યાઓ સંદર્ભે વિસ્તૃત અભિપ્રાયો રજૂ કરવામાં આવેલ.

કંસારા સમાજમાં સગાઈ લગ્ન સંદર્ભે પડતી મુશ્કેલીઓના ઉપરોક્ત કારણોની ચર્ચા - ચિંતન વિશેષ છણાવટ સાથે સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

ઉપરાંત અન્ય વિવિધ કારણો જેવા કે યુવકોની સંખ્યા સામે યુવતીઓની ઓછી સંખ્યા, ઉચ્ચ અભ્યાસ અને તેના કારણે ઉદ્‌ભવતી અપેક્ષાઓ, ધાર્મિક બાબતો, ઉંમરના તફાવત વગેરે અનેક મુદ્દાઓને ચિંતન શિબિરના સંચાલક તથા આ વિષયના નિષ્ણાત એવા શ્રી ઈશ્વરભાઈ મેવચા દ્વારા સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા તથા તેના નિવારણ સંદર્ભે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ.

સભા અધ્યક્ષશ્રીની અનુમતિથી ભોજન વિશ્રાંતિ બાજ સમાજના યુવક યુવતીઓ દ્વારા આ બાબતે વધુ ચિંતન થાય તે માટે સર્વ સંમતિ અપાયેલ.

સવારના ગરમાગરમ ચા-નાસ્તા અને બપોરના આલ્હાદક - સ્વાદિષ્ટ ભોજનની મહેમાનગતિ માણી સૌ સંતૃપ્ત થયા વિના રહે ખરા? કેશોદ સમાજના સમર્પિત કાર્યકર્તાઓને આ માટે

ધન્યવાદ આપીએ તેટલા ઓછા પડે.

ભોજન વિશ્રાંતિ બાદ કેશોદ મહિલા મંડળ દ્વારા ચિંતન શિબિરને અનુરૂપ વિષય પર એક પારિવારિક ભવ્ય નાટક "સંવેદના" રજૂ કરવામાં આવેલ. ખૂબ જ વ્યસ્ત સમય વચ્ચે પણ સમય કાઢીને આ નાટકના સ્ટોરી રાઈટર તેમજ કોરિયોગ્રાફર તરીકે સેવા આપનાર કંસારા સેવા સમાજના મંત્રી શ્રી ધવલભાઈ કંસારા અભિનંદનને પાત્ર છે.

સંવેદના નાટકની રજુઆત બાદ ચિંતન શિબિરના મહત્ત્વના ભાગરૂપ યુવક-યુવતીઓએ આ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા. જેમાં જસ્મીનભાઈ મેવચા (જામખંભાળિયા), દિવ્યેશભાઈ છત્રાળા (રાજકોટ), મેહુલભાઈ બુધ્ધભટ્ટી, પંકજભાઈ પરમાર, ભૂમિબેન મેવચા દ્વારા યુવક-યુવતીઓને વૈવાહિક સંબંધોમાં પડતી મુશ્કેલીઓ સંદર્ભે પોતાના મૌલિક વિચારો - સમસ્યાઓની રજુઆત કરેલ.

કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના પ્રબુદ્ધ જ્ઞાતિજનો વચ્ચે થયેલ આ ચિંતન - મનન સમગ્ર સમાજને જાગૃત કરનાર તથા ઉપયોગી સાબિત થશે તેમ સભા અધ્યક્ષ શ્રી ડી.એન. બારમેડા દ્વારા જણાવવામાં આવેલ.

ચિંતન શિબિરના સમાપન બાદ, સમાજ માટે ખૂબ જ ઉપયોગી તથા વિવિધ વિષયોને આવરી લઈ સમગ્ર સમાજને જોડતી કડીરૂપ એવી કંસારા સેવા સમાજની વેબસાઈટ www.kansarasevasamaj.orgનું વિમોચન કરવામાં આવેલ. આ વેબસાઈટ સમાજ માટે કઈ રીતે વિવિધ કાર્યો માટે ઉપયોગી છે તે વિશે વિસ્તૃત માર્ગદર્શન મંત્રી શ્રી ધવલભાઈ કંસારા દ્વારા આપવામાં આવેલ. આ વેબસાઈટને ડેવલપ કરવાનું ભગીરથ કાર્ય સમાજના યુવાન અને કોમ્પ્યુટર ટેકનોલોજીના નિષ્ણાત એવા શ્રી વિરાજભાઈ દ્વારા કરવામાં આવ્યું તથા વેબસાઈટ સમાજને સમર્પિત કરવામાં આવી. તેઓશ્રી અઢળક અભિનંદનને પાત્ર છે.

વેબસાઈટના વિમોચન બાદ કંસારા સેવા સમાજના કાર્યોને વિસ્તૃત અને સરળતાપૂર્વક કરવાના હેતુસહ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ. જેમ કે આરોગ્ય બાબતોની જાગૃતતા તથા તેને સંલગ્ન કાર્યો માટે મેડિકલ સમિતિ, શૈક્ષણિક બાબતોના પ્રચાર-પ્રસાર તેમજ વિસ્તાર માટે શૈક્ષણિક સમિતિ, સમાજના મહિલા ઉત્કર્ષના કાર્યો સંદર્ભે મહિલા સમિતિની રચના કરવામાં આવેલ છે. ઉપરાંત સમાજમાં વિભિન્ન વિષયો પર સર્જાતી સમસ્યાઓના નિરાકરણ માટે "સમાધાન પંચ"ની રચના કરવા માટે પ્રસ્તાવ રજૂ કરવામાં આવેલ, જેને સર્વ જ્ઞાતિજનોએ સહર્ષ સ્વીકારેલ છે.

આ મહા ચિંતન શિબિરમાં જે પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહી શક્યા ન હતા, પરંતુ તેમ છતાં પત્રો દ્વારા તેમણે ચિંતન શિબિર સંદર્ભે ઉપયોગી એવા વિચારો રજૂ કરેલ અને શુભેચ્છાઓ પાઠવેલ છે. આવા નોંધનીય પત્રો લખી મોકલનાર મહાનુભાવોમાં રાજકોટ સ્થિત પ્રો. ડૉ. મહેન્દ્રભાઈ છત્રાળા, શ્રી અમૃતલાલ મેવચા તથા રાજસ્થાનથી પણ પત્રો મળેલ છે. ઉપરોક્ત મહાનુભાવોના પત્રોની નોંધ લઈ કંસારા સેવા સમાજના કાર્યોમાં સહભાગી થવા બદલ અધ્યક્ષશ્રી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે મોરબીથી ઉપસ્થિત શ્રી કિશનભાઈ બુધ્ધભટ્ટી, હરીશભાઈ પવાર - સિહોર તથા પ્રકાશભાઈ મેવચા (પોરબંદર) દ્વારા જ્ઞાતિજનોને ઉદ્‌બોધિત કરવામાં આવેલ.

અંતે આભારવિધિમાં 'કંસારા સેવા સમાજ' સંસ્થાના પ્રમુખશ્રી રૂપેશભાઈ પરમાર દ્વારા ઉપસ્થિત સર્વે જ્ઞાતિ અગ્રણીઓ, સર્વે સહયોગીઓ, જ્ઞાતિબંધુઓ તેમજ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરેલ.

સંવેદના ૨૦૧૯ના સમગ્ર કાર્યક્રમના સંચાલન (એન્કરીંગ)ની જવાબદારી બખૂબી નિભાવી સર્વ શ્રોતાજનોને જકડી રાખનાર રાજકોટ નિવાસી શ્રી દિવ્યેશભાઈ છત્રાળાનો આભાર વ્યક્ત કરીએ તેટલો ઓછો ગણાય.

સંવેદના ૨૦૧૯ની પૂર્વ સંધ્યાએ કેશોદ યુવક મંડળનો ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. જેમાં કેશોદ જ્ઞાતિના નાના-મોટા સર્વેએ આનંદ ઉલ્લાસપૂર્વક ભાગ લઈ અનેક કૃતિઓ રજૂ કરી હતી તેમજ ઉપસ્થિત જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન પણ શ્રી દિવ્યેશભાઈ છત્રાળા દ્વારા કરવામાં આવેલ.

સંવેદના ૨૦૧૯ના કાર્યક્રમનુંએક વિશિષ્ટ નજરાણું હતું – જ્ઞાતિની જ બહેનો દ્વારા યોજાયેલ એક્ઝીબિશન કમ સેલ. જેમાં અનેકવિધ વસ્તુઓના પ્રદર્શન તથા વેચાણનો લાભ માત્ર જ્ઞાતિજનોએ જ નહીં પરંતુ કેશોદના નગરજનોએ પણ લીધેલ હતો અને આવા વિશિષ્ટ એક્ઝીબિશનના ખૂબ વખાણ થયેલ.

સંવેદન ૨૦૧૯ – સમગ્ર કંસારા સમાજ માટે અગત્યના અને વિશિષ્ટ પ્રશ્નોને વાચા આપતો સફળ કાર્યક્રમ યોજાયેલ.


આપ સર્વે જ્ઞાતિજનોના સહકાર થકી જ્ઞાતિના પ્રશ્નોના નિવારણ અર્થે સૌ પ્રતિબદ્ધ બનીએ, સંગઠિત બનીએ તેવી શુભેચ્છા સહ આભાર.

આ સમગ્ર કાર્યક્રમ નિહાળવા માટે Kansara seva samaj You-tube ચેનલ પર સબસ્ક્રાઈબ કરો અને સંપૂર્ણ કાર્યક્રમના વીડિયો નિહાળો. સંવેદના ૨૦૧૯ કાર્યક્રમના ફોટાઓ નિહાળવા માટે વેબસાઈટ www.kansarasevasamaj.org જુઓ. ■

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ






**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
- GE Centricity® **સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.**
- **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડ્રેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગ્રેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબસ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યરોલોજી
- ન્યરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL Certificate No. M-0500 | ACC International Centers Of Excellence | GreenOT Certified Green Operated On Theater

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000
www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)
www.cims.org
CIMS Hospital India App on:



શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ અમદાવાદ

# વાર્ષિક સ્નેહ મિલન



























Vishal Pomal
B. Com., LL.B
9666664564

Manish Pomal
M.B.A. Gemologist
9701234526

Ashok Kumar & Sons
JEWELLERS

# 3-3-157/158, Subhas Road, Secunderabad-3
Off: 040-27812756, Email: aksjewel@gmail.com

MT
મહેક ટ્રેડીંગ
બુલીયન મર્ચન્ટ

હરિશભાઇ નરોત્તમભાઇ સોની (ધાણેટીવાળા)
12 મીટર રોડ, પટણી બજાર, અંજાર (કચ્છ) 370 110.
Ph. No. 02836 - 241043, Mob. 99135 04898, 98258 37767

Arunbhai Soni
982424 14895
Riteshbhai Soni
90338 42533

02836 245572

BABUBHAI JEWELLERS
MANFARAWALA



Manufacturers & Dealers of Gold & Silver Ornaments
Lohar Chowk, 12 Mtr Road, Ganga Bazar, Anjar (Kutch)



Hitesh S. Pomal : 98791 22298
Nandish S. Pomal : 99242 19117
M/s. Soni Ramniklal Nanalal
Retailer of Gold and Silver Ornaments

Foram S. Pomal : 94280 33100
Showroom : 02836 246108
M/s. Mahalaxmi Jewellers
Wholesale of Gold Ornaments

Lalbahadur Shashtri Road, Anjar-Kutch-370110
Email: foramsoni2@gmail.com











Vinod Soni
98254 28255

VA

# M/s. Velji Anandji

**Dealers & Manufacturers of Gold Ornaments**

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

Nimesh Soni । Anand Soni
98254 91111 । 98797 98958

VC

# M/s. Vinodchandra & Co.

**Dealers & Manufacturers of Gold Ornaments**

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

સોની દિલીપ કાનજી
સોની ભરત કાનજી

મો. ૯૮૨૫૨ ૨૬૬૧૭
મો. ૯૮૭૯૫ ૯૯૩૫૧



# એસ. કે. જ્વેલર્સ

(ઢોરીવાળા)

**સોના ચાંદીના દાગીના વેપારી**

સરાફ બજાર, ભુજ-કચ્છ
ફોન : (ઓ) ૨૫૭૦૦૨ (રહે.) ૨૬૯૩૩૧

સ્વાસ્થ્ય સેવા | વંદે માતરમ્ | રાષ્ટ્ર સેવા

# ડૉ. અનિલ એસ. મેવાડા

એમ.બી.બી.એસ., એમ.એસ.

જનરલ અને લેપ્રોસ્કોપિક સર્જન

## હર્ષવર્ધન સર્જીકલ નર્સીંગ હોમ (મેવાડા હોસ્પિટલ)

રવેચી નગર, દૂધઈ રોડ, રેલ્વે ક્રૉસિંગ પાસે, ભચાઉ-કચ્છ
સંપર્ક: ૯૬૬૨૮ ૪૮૩૧૮, ૮૧૪૧૬ ૯૬૪૮૭
Email: anilsurgery@yahoo.in

# ગણેશ રીફાઈનરી

**વિકાસભાઈ**
ધોબી શેરી,
ભુજ-કચ્છ
૯૮૨૫૩ ૧૨૦૮૫

**બાબુભાઈ**
આશાપુરા કામ્પ્લેક્ષ,
ભુજ-કચ્છ
૯૮૭૯૮ ૦૦૯૦૫

# V P Jewellers

## વી.પી.જ્વેલર્સ

ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઈ પોમલ 98254 45364
મુકેશ સોની 98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

Sun
SUN BRAND TEJORI



# ચંદન ઈન્ડસ્ટ્રીઝ

AN ISO 9001:2008 CERTIFIED COMPANY

ભાવેશ પીઠવા
૯૮૨૫૧ ૮૭૫૬૭
Chandan.ind.sun@gmail.com

મેન્યુ.: તિજોરી, બેંક લોકર, સ્ટ્રોંગરૂમ ડોર તથા ફેબ્રિકેશન કામ કરનાર

કે-૨/૩, ઉદ્યોગનગર-૧, ત્રણ ખુણીયા પાસે, ગોંડલ (ગુજ.)
ફોન: ૦૨૮૨૫-૨૨૨૧૩૧

દરેક જાતનાં કાંસાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ કળશ, ધ્વજદંડ, નાગ, જળાધરી બનાવનાર તથા વેચનાર



જગદીશ હરિલાલ : ૯૯૭૯૯ ૨૧૨૫૧
સંદીપ હરિલાલ : ૯૪૨૬૪ ૩૦૩૬૮

# એમ.પી. કંસારા

મચ્છી પીઠ, અંજાર - કચ્છ ૩૭૦ ૧૧૦
ફોન: ૨૪૩૪૫૯

# મારૂ કંસારા સોની સમાજ : આદિપુર-ગાંધીધામ

સુનીલ એચ. સોલંકી - આદિપુર

## યુવા મંડળ - મહિલા મંડળ આયોજિત : "સ્નેહ મિલન ૨૦૨૦૨"




નવા વર્ષની નવી શરૂઆત અર્થે એક નાનકડા પ્રયાસ સ્વરૂપે શ્રી મારૂ કંસારા સોની સમાજ : આદિપુર - ગાંધીધામ યુવામંડળ અને મહિલા મંડળ આયોજિત એક સુંદર સ્નેહ મિલન તા. ૧-૧-૨૦૨૦ના રોજ આદિપુર (કચ્છ) મધ્યે લચ્છવાણી ધર્મશાળામાં યોજાયો હતો.

યુવા મંડળ અને મહિલા મંડળના સભ્યોના અથાગ પરિશ્રમ અને ચાહતથી આ કાર્યક્રમને રૂપ અપાયું હતું. જેની પૂર્વતૈયારી સ્વરૂપે યુવા મંડળના શ્રી સુનીલ હરેશભાઈ સોલંકી અને મહિલા મંડળના શ્રીમતી પૂનમબેન શૈલેષભાઈ બારમેડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર યુવા મંડળ અને મહિલા મંડળે પોતાના સમયનું પૂર્ણ યોગદાન આપી સૌને એકત્રિત કર્યા હતા.

આ કાર્યક્રમની એક ખાસિયત હતી કે કોઈ પાસેથી એક પણ રૂપિયાનો ફાળો એકત્રિત કર્યા વિના બંને મંડળોએ સ્વખર્ચે કાર્યક્રમની ગોઠવણી કરેલ હતી. જેનો મુખ્ય એક જ ઉદ્દેશ હતો કે આદિપુર - ગાંધીધામમાં રહેલ દરેક સોની ઘરેથી ઓળખાણ મળે અને બાળકોમાં રહેલ ટેલેન્ટને એક સ્ટેજ મળે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યના મંત્ર, સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી અને બાળકો દ્વારા અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. તેમજ ત્યાં ઉપસ્થિત પ્રત્યેક વ્યક્તિ ભાગ લઈ શકે તેવી રમતોની વ્યવસ્થા ખૂબ જ ધ્યાન દઈ કરવામાં આવેલ હતી.

કાર્યક્રમની શોભા વધારવા સોની સમાજના અગ્રણીઓ શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી વિનોદભાઈ સાકરિયા, શ્રી કિશોરભાઈ સોલંકી, શ્રી હરસુખભાઈ કોટડિયા, શ્રી નીલેશભાઈ લાયચા, શ્રી પ્રફુલ્લભાઈ બગ્ગા, શ્રીમતી ભારતીબેન બગ્ગા, શ્રીમતી ઉર્મિલાબેન બારમેડાએ મહેમાન તરીકે હાજરી આપી હતી.

કાર્યક્રમમાં ભાગ લેનાર ૦થી ૧૫ વર્ષના તમામ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કડકડતી ઠંડીમાં પણ આદિપુર - ગાંધીધામના લગભગ દરેક ઘરેથી આપણા સ્નેહીજન હાજર રહ્યા હતા, જે આ કાર્યક્રમની સૌથી સારી સફળતા રહી તેમજ 'શ્રી અખિલ મારૂ કચ્છ કંસારા સોની ઉત્કર્ષ સમાજની જૂની સમિતિના સભ્યોએ આદિપુર - ગાંધીધામના યુવા મંડળ - મહિલા મંડળના ઉત્સાહ અને કાર્યને બિરદાવતા આ ઉત્કર્ષ સમાજની ભાગદોડ યુવા મંડળ અને મહિલા મંડળને હસ્ત કરી, કાર્યક્રમના રૂપને ચાર ચાંદ લગાવી દીધા હતા. અને તે જોતાં જ કાર્યક્રમમાં સૌપ્રથમ સોની સમાજ માટે એક ત્વરીત કવિતા તૈયાર કરી કવિતા સોલંકી (આદિપુર) દ્વારા રજૂ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ જે હેતુથી આયોજિત કરાયો, એ હેતુ સર કરવા માટે દર ૩ મહિને આવો કાર્યક્રમ ગોઠવી તેમાં સ્ત્રીઓ, બાળકો, યુવાઓની પ્રતિભાને બહાર લાવવાનો નિર્ણય લીધા બાદ ભોજન સમારંભ પછી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાઈ હતી.

### સોની સમાજ

*નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,*
*સોની કુળમાં આ ભવતર ફરી મળે ન મળે.*
*પરિવાર છે આ સાચો, બની ફૂલોની એક માળ*
*વડીલોની છત્રછાયા, 'ઈશ' લે જેની સંભાળ.*
*સુગંધી સોનાની છે જ્યાં સવાર ખીલે,*
*સોનાના કિરણોનો છે જ્યાં પ્રકાશ પડે... નદીની૦*

*વારસામાં જ્યાં ઉતરે છે હર પેઢીના નિયમ*
*જાળવે છે જે સંતાનો ધરી શિરે એ નમન,*
*સંસ્કારોની એ વાણીને વાચા ત્યાં મળે*
*વહુ, દીકરી ને ભાઈચારામાં મીઠાશ ત્યાં ભળે... નદીની૦*

*હો પરંપરાની જ્યાં વાતો, પાછા કદી ન પડે*
*દુનિયાથી કદમ મિલાવી રિતરિવાજો ઘડે,*
*દીકરીના પગલાને લક્ષ્મીનું માન મળે,*
*વહુને પણ દીકરીનું છે જ્યાં સ્થાન મળે... નદીની૦*

*નવ વર્ષે નવ મિલનનો છે પ્રયાસ થયો*
*વાવેલા એક સપનાનો છે આ વિકાસ થયો,*
*યુવા મંડળ - મહિલા મંડળનો જ્યાં સાથ મળે*
*સોની સમાજ ઉત્કર્ષને ત્યાં હાથ મળે.*
*નદીની રેતમાં રમતું નગર મળે ન મળે*
*સોની કુળમાં આ ભવતર હર જન્મોમાં મળે.*

*કવિતા ભદ્રા સોલંકી "કવન" - આદિપુર, કચ્છ*

# શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ

**પરેશભાઈ બુધ્ધભટ્ટી - પ્રમુખ**

## શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ આયોજીત શૈક્ષણિક ઇનામ વિતરણ કાર્યક્રમ



શ્રી મારૂ કંસારા યુવક મંડળ - જુનાગઢ આયોજીત તા. ૧૩-૧૦-૨૦૧૯ રવિવારના રોજ બપોરના શ્રી પંચાવ જમણવાર અને સાંજના શૈક્ષણિક ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રાત્રિના શરદોત્સવનું આયોજન શ્રી મયારામ દાસજી આશ્રમ - ગીરનાર રોડમાં રાખવામાં આવેલ. આ આયોજનનું સંકલન પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટી, વિજયભાઈ પરમાર, મધુભાઈ પરમાર, રાધેભાઈ ડી. સોલંકી, વ્રજેશભાઈ હેડાઉ, રાજેશભાઈ એમ. બુધ્ધભટ્ટી, મહેશભાઈ છત્રાળા, કરશનભાઈ બુધ્ધ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ક્રિષ્નાબેન ડી. બારમેડા દ્વારા સંભાળેલ.

સવારે ૧૧ વાગે શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ આયોજીત વેસ્ટમાંથી બેસ્ટ આઈટમો પોતાના હસ્તે બનાવવાની હરીફાઈ રાખેલ. જેમાં અનેક બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

જ્ઞાતિ શ્રી પંચાવ જમણવાર બપોરના ૧થી ૩ના સમયમાં રાખેલ. તેમાં મહિલા મંડળના સભ્યોએ સેવા આપેલ. પંચાવ જમણવારને સફળ બનાવવા ભૂપેન્દ્રભાઈ પરમાર, ભાવેશ બુધ્ધ, રાજેશ બુધ્ધ, મનુભાઈ બુધ્ધ, નીરવ પરમાર, હઠાભાઈ સોલંકી, વૃંદાવનભાઈ બુધ્ધ, મિરલ પરમાર, અમિત બુધ્ધ, મયુર પરમાર, પ્રકાશભાઈ પરમાર વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ.

શ્રી મારૂ કંસારા યુવક મંડળના પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટીના પ્રેસ રીપોર્ટના અંગત સંબંધોથી સાંજના ૫.૩૦ કલાકે શ્રી લેઉઆ પટેલ સમૂહ લગ્નના આયોજક દ્વારા આપણી જ્ઞાતિની બે બહેનોને સ્વનિર્ભર કરવા "ફ્રી"માં આખા આટાના સીવવાના સંચા નંગ-૨ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. તેમાં શ્રી લેઉવા પટેલના સમૂહ લગ્નના પ્રણેતા શ્રી હરસુખભાઈ વઘાસીયા, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન વઘાસીયા, મંજુબેન વઘાસીયાના હસ્તે ચંદ્રિકાબેન પ્રભુદાસ સોલંકી અને પૂનમબેન મનોજભાઈ પરમારને આપવામાં આવેલ. પ્રીતિબેન વઘાસીયા, હરસુખભાઈ વઘાસીયાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે ઓટલા પરિષદ, પંચાત છોડીને સૌ બહેનોને પોતાના ઘરની આર્થિક સ્થિતિ મજબૂત કરવા, વધારવા કામ કરવું જરૂરી છે. તેથી સૌ બહેનોએ સ્વનિર્ભર થવું ખાસ જરૂરી છે.

શૈક્ષણિક ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શ્રી ડૉ. ડી.એન. બારમેડા, પ્રમુખ શ્રી પરેશભાઈ બુધ્ધભટ્ટી, કેશોદ પ્રમુખ શ્રી રૂપેશભાઈ, વેરાવળના શ્રી મનુભાઈ સોલંકી, સિવિલ એન્જીનિયર શ્યામલ સોલંકી, શ્રી કરશનભાઈ બુધ્ધ, તાલાલાના શ્રી પ્રદીપભાઈ પરમાર, કેશોદના ચેતનભાઈ પરમાર, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ક્રિષ્નાબેન ડી. બારમેડા વગેરે ઉપસ્થિત રહેલ. સ્ટેજ પરથી પોતાના પ્રવચનમાંથી ડૉ. ડી. એન. બારમેડાએ જણાવેલ કે આજના યુગમાં ભણવું જરૂરી તેમજ પગભર ઊભા થવું પણ એટલું જ જરૂરી છે. શ્રી મનુભાઈ સોલંકી, રૂપેશભાઈ પરમાર, ચેતનભાઈ પરમાર વગેરેએ જ્ઞાતિનાં ઉત્કર્ષ અંગે વાતો કરેલ. શ્યામલ રાધેભાઈ સોલંકીએ વિદ્યાર્થીઓને કેવી રીતે અભ્યાસ કરવો, ઓછી મહેનતે વધારે આવક કેવી રીતે થઈ શકે, તે અંગે માર્ગદર્શન આપેલ. તેમજ આજના સમયમાં આપણી જ્ઞાતિમાં સગાઈ - લગ્ન કયા કારણોસર તૂટી રહ્યા છે તેની વિગતવાર છણાવટ કરેલ.


શૈક્ષણિક ઈનામ વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન સંકલન શ્રી રાજેશભાઈ બુધ્ધભટ્ટી, શ્રી રાધેભાઈ સોલંકી, શ્રી ભૂપેન્દ્રભાઈ પરમારે સંભાળેલ. ધોરણ-૧થી કોલેજ સુધીના સ્પોન્સર નીચે મુજબ હતા : (૧) ગો.વા. લાભકુંવર એન. પરમાર તથા નંદલાલ ત્રિભોવન પરમાર, (૨) ધોરણ ૮થી ૯ : ગો.વા. જેન્તીલાલ શામજી સોલંકી - વેરાવળ. (૩) ધોરણ ૧થી ૭ : ગો.વા. નરભેરામ ગોકળદાસ બુધ્ધભટ્ટી, (૪) કોલેજ ગ્રેજ્યુએટને શિલ્ડ : ગો.વા. જગદીશભાઈ તથા રમેશભાઈ નરભેરામ બુધ્ધભટ્ટી તેમજ ગો.વા. હસમુખભાઈ જે. હેડાઉ, દિવાળીબેન તથા દામોદરદાસ સુંદરજી સોલંકી, ગો.વા. નરભેરામ બુધ્ધભટ્ટી, કાકુભાઈ બુધ્ધભટ્ટી તરફથી વિશેષ ઈનામો આપવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમમાં મેંદરડાથી આવેલ બાળકો સોલંકી દૃષ્ટિ, તેજસ સોલંકી, વ્રજ, ક્યુટીએ 'છોગાળા મારા...' અને 'દરિયા કિનારે આયા કરો...'ના ગીત પર સુંદર ડાન્સ કરેલ.

શરદ પૂર્ણિમાની રાતે શ્રી મારૂ કંસારા મહિલા મંડળ આયોજીત, યુવક મંડળના સહકારથી રઢીયાળી રાતે સુંદર લાઈટીંગ, વિશાળ પટાંગણ, ચિંતન સોલંકીના સ્યામલ ડી.જે. સાઉન્ડ સાથે વેરાવળથી આવેલ રસીકભાઈ સોલંકી અને રાજેશ બુધ્ધભટ્ટીએ સુમધુર અવાજમાં ફિલ્મી ગીતો સંભળાવેલ.

શરદ પૂર્ણિમા હોઈ રાસોત્સવ શ્યામલ ડી.જે.ના અનેક પ્રકારના રાસ-ગરબા, પંજાબી ગીતો, લોક ગીતોના સૂરોનાં તાલે બાળકો, યુવક-યુવતીઓ, ભાઈ-બહેનો વિવિધ ડ્રેસ પહેરીને હર્ષોલ્લાસ સાથે ખૂબ જ રાસની રમઝટ રાત્રિના ૧ વાગ્યા સુધી બોલાવેલ. યુવા મંડળ તરફથી અલ્પાહાર રાખવામાં આવેલ. રાત્રિના અલ્પાહાર (ભોજન)માં શ્રી મયારામદાસ આશ્રમમાં બહારગામથી અભ્યાસ કરવા રહેતા ૯૦ વિદ્યાર્થીઓને પણ જમાડવામાં આવેલ. યુવક મંડળના પ્રમુખ શ્રી પરેશભાઈ તથા અન્ય હોદ્દેદાર-કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ. આમ, જ્ઞાતિજનોએ સવારના ૧૧થી રાત્રિના ૧ વાગ્યા સુધી યુવક મંડળ - મહિલા મંડળના કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

# આપણાં પરિવારો – (૨૪)

પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ




આપણે 'વિરાસત વિશેષાંક' (ઓક્ટો./નવેમ્બર-૨૦૧૫) માં ઉલ્લેખ કરી ગયેલ છીએ તે શ્રી ઈન્દુલાલ કે. બુધ્ધભટ્ટી રચિત "શ્રી આઈ સતીમાં મેઘબાઈમાં" નામની ૧૪ પેજની બુકલેટમાં જણાવ્યા પ્રમાણે કંસારા જ્ઞાતિએ ભુજમાં સંવત ૧૬૪૪, કારતક સુદ-૧૧ સોમવારના રોજ એટલે કે ઈ.સ. ૧૫૮૭, ૧૪ ઓક્ટોબરના રોજ વહેલી સવારે બુધ્ધભટ્ટી ખેતશી કુબેરજીની આગેવાનીમાં ૫૦-૬૦ કુટુંબોએ માં કાલીકા માતાજીની મૂર્તિ સાથે પ્રવેશ કરેલ અને પોષ સુદ-૧૪, તા. ૧૬-૧૨-૧૫૮૭ના રોજ માતાજીની સ્થાપના કરેલ.

આ બુધ્ધભટ્ટી અટકના શ્રી પ્રાગજીભાઈ સાથે મેઘબાઈ પરણ્યા અને તેમને ટોકરશી, રાજપાલ અને દામજીભાઈ નામે પુત્રો થયા. જેમાંથી દામજીભાઈનો વંશવેલો આગળ વધ્યો. મેઘબાઈ સતી થયા. તેમના પુત્રના નામ પરથી બુધ્ધભટ્ટીઓમાં તેમના વંશવારસો દામાણીવાળા કહેવાયા. આપણે આજે વાત કરવી છે આ દામાણીવાળા બુધ્ધભટ્ટી કુટુંબમાં દામજીભાઈના ચાર પુત્રો કુંવરજી, કરશનજી, દયાળજી અને લધાજી માંથી કુંવરજીના વંશના સાત પુત્રોમાંના એક દેવકરણના વંશમાં રણછોડભાઈને ત્યાં જન્મેલ ત્રણ મેઘાવી પુત્રોના પરિવારની. તેમના મોટા પુત્ર કેશવજી અને તેમના પત્ની કેસરબેન. તેમને ત્યાં પાંચ પુત્રોમાં રતિલાલ, હરિલાલ, ઈન્દુલાલ, પ્રીતમલાલ અને શશીકાંતભાઈ.

શ્રી હરિલાલભાઈ બુધ્ધભટ્ટીને ૧૯૫૦ના અરસામાં જ્યારે કોલસાની ખાણોનું હજુ રાષ્ટ્રીયકરણ થયેલ ન હતું ત્યારે ખાનગી માલિકીની કોલસાની ખાણમાં નોકરી મળતા તેમણે વેસ્ટ બેંગાલના આસનસોલ મુકામે પ્રયાણ કર્યું અને ત્યાં સ્થિર થયા. તેમણે ૧૯૮૭માં ઈસ્ટર્ન કોલ માઈન્સમાંથી સેલ્સ મેનેજર તરીકે નિવૃત્તિ લીધી. સ્વ. હરિલાલભાઈના પત્ની દયાબેન, જેઓ મહામંડળના ભૂતપૂર્વ પ્રમુખ અને ભુજની જ્ઞાતિ તેમજ અન્ય સમાજ સેવાઓમાં અગ્રણી એવા પ્રભુદાસભાઈ ખેતશીના મોટા બહેન થાય. તેઓ અમદાવાદમાં સ્થિર થયેલ છે અને તેમની ચાર પુત્રીઓમાંથી બેના લગ્ન થઈ ગયેલ છે. સૌથી મોટા બહેન જ્યોતિબેન અમદાવાદમાં કોટડિયા પરિવારમાં રાજેશભાઈ સાથે પરણાવેલ છે અને બીજી સુરતમાં અંજારીયા પરિવારમાં કેતનભાઈ સાથે પરણાવેલ છે. બીજી બે પુત્રીઓમાં મોટા બહેન ઈલાબેન, ગુજરાતીઓના માનીતા સામયિક 'ચિત્રલેખા'ની અમદાવાદમાં ઓફિસમાં જનરલ મેનેજરપદે કાર્યરત છે. જ્યારે અલકાબેન (સીમાબેન) તેમના માતુશ્રીની સંભાળ ઘેર રહીને કરે છે અને બંને બહેનો તેમની સાથે જ રહે છે. તેમના પુત્ર શ્રી હિતેશ હરિલાલ બુધ્ધભટ્ટી દિલ્હીમાં રહે છે. આજે આપણે પરિચય મેળવીશું આ હિતેશભાઈનો.



તેમનો જન્મ આસનસોલ - વેસ્ટ બેંગાલમાં થયેલ અને તેમણે દસમું ધોરણ સેન્ટ પેટ્રીકની એચ. એસ. સ્કૂલમાંથી ૧૯૮૮માં પાસ કરેલ. તેમના પિતાશ્રી તેજ વરસમાં નિવૃત્ત થતા, તેઓ અમદાવાદ આવ્યા. જ્યાં શ્રી હિતેશભાઈએ બારમું ધોરણ પાસ કર્યું અને ત્યારબાદ કેમેસ્ટ્રીના વિષય સાથે એમ.જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ - અમદાવાદથી બી.એસ.સી. પાસ કરી ગ્રેજ્યુએટ થયા. ત્યારબાદ તેમણે અમદાવાદની પ્રખ્યાત અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન નામની સંસ્થામાંથી ૧૯૯૭માં મેનેજમેન્ટનો સર્ટીફિકેટ કોર્સ કર્યો. હિતેશભાઈના લગ્ન ૨૦૧૦માં થયેલ છે. તેમના પત્ની શ્રીમતી નીતુબેન બુધ્ધભટ્ટી એક એન્ટરપ્રિન્યોર છે. તેઓ માર્કેટીંગ અને કોમ્યુનિકેશન કન્સલ્ટન્ટ તરીકે પોતાનો કારોબાર સંભાળે છે. આ પહેલાં તેમણે બેન્કિંગ ક્ષેત્રે સીટી બેંક, હોંગકોંગ એન્ડ શાંઘહાઈ બેન્કિંગ કોર્પોરેશન અને કોટક મહેન્દ્ર જેવી બેંકોમાં કામ કરી દસેક વરસનો અનુભવ મેળવેલ છે.

- **મેનેજમેન્ટ ક્ષેત્રે ઝળકતો બુધ્ધભટ્ટી પરિવારનો તારલો :**

એક નીવડેલ, બાહોશ અને પરિણામલક્ષી મીડિયા, ટેલિકોમ, ઈલેક્ટ્રોનિક્સ અને ઓફિસ ઓટોમેશનમાં ૨૫ વરસોના બહોળા અનુભવી હિતેશે તેમના પરિવર્તનના ચેમ્પિયન અને આગવી રીતે કામ કરવાના સ્પેશિયાલિસ્ટ તરીકેની ઓળખ સાથે તેમણે કી એકાઉન્ટ મેનેજમેન્ટ, સ્ટ્રેટેજીક પ્લાનિંગ, માર્કેટીંગ, બિઝનેસ ડેવલપમેન્ટ, બિઝનેસ ઓપરેશન્સ અને પ્રોડક્ટ મેનેજમેન્ટના ફિલ્ડમાં માસ્ટરી મેળવેલ છે. હિતેશ હાલે નંબર વનની પોઝીશનમાં 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' (બેનેટ કોલમેન એન્ડ કું. લિમિટેડ)માં બ્રાંચ હેડ તરીકે દિલ્હી ખાતે ફરજ બજાવે છે.

તેમણે ૧૯૯૩થી ૧૯૯૮ દરમ્યાન એર કન્ડિશનિંગના વ્યવસાયમાં થર્ડ વેવ સિસ્ટમ્સ પ્રા.લિ. - અમદાવાદમાં એરકંડિશનરો અને ઓટોમેશન પ્રોડક્ટ્સ માટે વેચાણની જવાબદારી સંભાળેલ અને ત્યારબાદ ૧૯૯૮થી ૨૦૦૨ સુધી રાજસ્થાનમાં હિટાચી એરકંડિશનરોનું મલ્ટી બ્રાન્ડેડ આઉટલેટો મારફતે વેચાણની જવાબદારી રાજસ્થાન રાજ્યના બ્રાંચ હેડ તરીકે સંભાળેલ.

તેમના પ્રોફેશનની યાત્રામાં આગળ વધતાં ૨૦૦૨થી ૨૦૦૬ ના ચાર-પાંચ વરસો ટાટા ટેલિસર્વિસીસ લિમિટેડ - અમદાવાદના એન્ટરપ્રાઇઝ બિઝનેસ હેડ તરીકે મોટા કોર્પોરેશનોમાં ટાટા ટેલિકોમ સર્વિસીસના ગુજરાતમાંના વેચાણની જવાબદારી સંભાળેલ.

તેમણે ૨૦૦૬થી ૨૦૦૮ દરમિયાન બીગ ૯૨.૭ એફ.એમ. રેડિયો (અનિલ ધીરૂભાઈ અંબાણી ગ્રુપ) અમદાવાદમાં ગુજરાતના ક્લસ્ટર હેડ તરીકે કાર્ય કરે છે. જેમાં તેમની જવાબદારીમાં જાહેરાતની આવક વધારવી, રેડિયો સાંભળનાર શ્રોતાઓની સંખ્યામાં વધારો કરવો અને બ્રાન્ડને ઉપર ઉઠાવવી, નિમણૂંકો તેમજ સંપૂર્ણ ઓપરેશન્સની જવાબદારી સંભાળેલ.

શ્રી હિતેશભાઈની અત્યાર સુધીની તેમના પ્રોફેશનની યાત્રામાં તેમની સફળતાના ચિહ્ન તરીકે તેમને અનેક માન અકરામો મળેલ છે. તેમણે ૨૦૦૮થી માર્ચ ૨૦૧૮ સુધી 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં પ્રિન્ટર અને પબ્લિશર, ગુજરાતના બ્રાંચ હેડ તરીકે ફરજ બજાવેલ અને ત્યારબાદ ઑપરેશન હેડ તરીકે નોઇડા અને ગુરૂગ્રામમાં આવેલ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ની વિશાળ ઓફિસોમાં કાર્યરત છે. ટાઈમ્સ ગ્રુપના કામો મેનેજ કરવા માટે તેમણે બહોળા પ્રમાણમાં મુસાફરી કરેલ છે. આ દરમિયાન તેમની કદર કોર્પોરેટ ટીમના કાસ્ટ એક્સેલન્સ તરીકે થયેલ છે.

તેમણે 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' ગ્રુપમાં કરેલ કામગીરીની કદર તરીકે તેમને મળેલ નોંધનીય માન-અકરામો આ મુજબ છે.

- **સફળતાના ચિહ્નો :**

★ ચેરમેનનો ઍવોર્ડ ફોર એક્સેલન્સ બે વખત – ૨૦૧૫ અને ૨૦૧૯માં પ્રાપ્ત થયેલ છે.

★ યુરેકા ઍવોર્ડ ફોર ઇનોવેશન ૨૦૧૭માં મળેલ.

★ નેશનલ કોસ્ટ એક્સેલન્સ ઍવોર્ડ ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૯માં મળેલ છે.

★ વધારે ક્ષમતા ધરાવતા સ્ટાફ મેમ્બર્સ માટેની બીસીસીએલ ટોપ ગન ક્લબની મેમ્બરશિપ પ્રદાન થયેલ છે.

★ તેઓ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના એવા પ્રથમ એમ્પ્લોઇ છે, જેને અંકટાડ - યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ફોર ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટમાં એન્ટ્રપ્રિન્યોરશિપની ટ્રેનિંગ માટે ૨૦૧૮માં મોકલવામાં આવેલ.

આ સિવાય હિટાચી કંપનીમાં તેઓ સૌથી નાના (યંગેસ્ટ) બ્રાંચ હેડ તરીકે ૨૦૦૧માં ત્રીસ વરસની ઉંમરે કાર્યરત હતા. જ્યારે બીગ એફ.એમ. રેડિયોમાં તેમણે એક વરસની અંદર ગુજરાતમાં ઝડપથી વિકસતા સ્ટેશનનું માન મળેલ. તો ટાટા ટેલિ સર્વિસીસ લિમિટેડમાં મોટા કોર્પોરેશનોમાં રિલાયન્સ અને એરટેલ જેવી કંપનીઓની હરીફાઈ સામે સિંહફાળો હાંસલ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ. આમ, તેઓએ જે જે કંપનઓમાં કામ કર્યું ત્યાંથી તેઓ નામ કમાઇને બહોળો અનુભવ મેળવતા રહેલ છે.

ઉપરની હકીકતો જોતા કહી શકાય કે હરિલાલભાઈએ આસનસોલ સુધીની સફર ખેડી અને તેમના પુત્ર, પુત્રવધૂ તેમજ પુત્રીએ બુધ્ધભટ્ટી પરિવારનો વારસો મેનેજમેન્ટ ક્ષેત્રે જાળવી રાખેલ છે.

***દામાણી બુધ્ધભટ્ટી પરિવારની દીકરી - અમદાવાદ જ્ઞાતિમાં સિનિયર મોસ્ટ વડીલ ઉંમર વરસ ૯૨નું તાજેતરમાં જ થયેલ અવસાન.***

આપણે ઉપર કુંવરજીના વંશમાં દેવકરણની પેઢીની વાત કરી. તેમના ભાઈ ડોસાજીને બે પુત્રો નાનજી અને લધાભાઈ. જેમાંથી નાનજીભાઈના પુત્ર પ્રાગજીભાઈ (ઘી કાંટાવાળા)ના પરિવારની વાત આપણે વિરાસત વિશેષાંકમાં કરેલ છે. અહીં વાત કરીશું નાનજીભાઈના ભાઈ લધાભાઈના પુત્ર ગોવિંદજી અને તેમના પુત્ર પુરૂષોત્તમભાઈની દીકરી (સ્વ.) નર્મદાબેનની.

તેમનો જન્મ કરાંચીમાં દામાણી બુધ્ધભટ્ટી પરિવારમાં. સતીમાતાની પાંચમી પેઢીએ ગોવિંદજી લધાના પાંચ પુત્રો નામે પ્રેમજીભાઈ, પરષોત્તમભાઈ, હરિરામભાઈ, દેવરામભાઈ અને દેવજીભાઈમાંથી પરષોત્તમભાઈ અને રતનબેનના સૌથી મોટા પુત્રી એટલે નર્મદાબેન ઉર્ફે પુંજીબેન. તેમને એક બહેન અને પાંચ ભાઈઓ હતા અને ભુજમાં અંજારીયા ફળિયામાં રહેતા હતા. ૧૯૪૭ના ભાગલાના અરસામાં પરષોત્તમભાઈના ભાઈ પ્રેમજીભાઈ શરૂઆતમાં માધાપર અને ત્યારબાદ અમદાવાદમાં તેમના પિત્રાઈ પ્રાગજી નાનજીના મકાનમાં સેટલ થયા. જ્યારે અન્ય ભાઈઓ માધાપરમાં જ રહ્યા અને પરષોત્તમભાઈ ભુજમાં પ્રાગજી નાનજીની ડેલીમાં રહેવા આવ્યા.

શ્રીમતી નર્મદાબેન મોહનલાલ પોમલ આપણી અમદાવાદ જ્ઞાતિમાં સિનિયર મોસ્ટ વડીલ ઉંમર વરસ ૯૨, જેમનું તા. ૨૭-૧૦-૨૦૧૯ (દિવાળીના દિવસે) અવસાન થયેલ. તેઓ આ ઉંમરે પણ વ્હીલચેરમાં બેસીને સવાર-સાંજ તેમના નરોડાના નિવાસ સ્થાનની આજુબાજુમાં તેમના પુત્ર સાથે બહાર ચક્કર લગાવીને અડોશી-પડોશી સાથે બે વાત કરવાનો શોખ તેમજ ચશ્માની મદદ વગર વાંચવાનો તેમનો શોખ તેમની તનદુરસ્તી અને મનદુરસ્તીની સાક્ષી પૂરતા હતા. ખાસ તો તેઓ ધાર્મિક પુસ્તકો જ વાંચતા અને માળા ફેરવતા તેમજ પોતાની દુનિયામાં સમય વ્યતીત કરતા. સેતુના એપ્રિલ-મે ૨૦૧૯ના અંકમાં તેમના વિશે તમે તેમનો ટુંકો પરિચય મેળવેલ. પરંતુ અહીં તેમના પરિવારને આવરી લેતી

માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

પુંજીબેનને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ. મોટા પુત્ર સૂર્યકાંતભાઈએ અમદાવાદની એક ખ્યાતનામ એડવરટાઈઝીંગ કંપનીમાં સેવા આપીને થોડા સમય પહેલા જ નિવૃત્તિ લીધેલ છે. જયારે અન્ય બે ભાઈઓ પ્રવીણભાઈ અને દશરથભાઈ છે. ત્રણેય ભાઈઓ આજુબાજુમાં જ નરોડાની એક સોસાયટીમાં રહે છે. તેમના મોટા બહેન વસંતબેન મનસુખલાલ બુધ્ધભટ્ટી ભુજમાં રહે છે, જયારે બીજા નંબરના બહેન ઉર્મિલાબેન ભચાઉમાં રહે છે. તેઓના લગ્ન ચમનલાલ કંસારા (સોલંકી) સાથે થયેલ છે. જેઓ શિક્ષક તરીકે નિવૃત્તિ બાદ એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરે છે અને R.S.S.ના પ્રચારક છે. તેમના પુત્ર જીજ્ઞેશ કંસારા (સોલંકી) બેંક ઓફ ઈન્ડિયામાં મેનેજર તરીકે બળદિયામાં કાર્યરત છે.

'જ્ઞાતિસેતુ' પરિવાર સ્વર્ગસ્થના કુટુંબીજનોએ ગુમાવેલ માતુશ્રીની છત્રછાયા બદલ શોક વ્યક્ત કરે છે અને નશ્વર દેહ છોડી ગયેલ આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે.

■ ***End Piece :***

***– એ સંબંધ જે તમારા પરિવારને વાસ્તવમાં એક-બીજાને બાંધે છે તે લોહીનો સંબંધ નથી, તે સંબંધ તો એક-બીજાની જિંદગી પ્રત્યે આદર અને ખુશીનો સંબંધ છે.***

## કચ્છ ગુજરાત સોનાચાંદી સુવેનિયર

કચ્છ જીલ્લા સોના-ચાંદી મહામંડળ દ્વારા ટુંક સમયમાં કચ્છ ગુજરાત સોના-ચાંદી સુવેનિયર બહાર પાડવામાં આવશે. જેમાં કચ્છ અને કચ્છ બહારના સોના-ચાંદીના વેપારીઓ, કારીગરો, મેન્યુફેક્ચર્સ, હોલસેલરો તેમજ સોના-ચાંદીના વ્યવસાયને મદદરૂપ વ્યવસાયોની અનેક જાહેરાતોનો સમાવેશ થશે.

કચ્છ જીલ્લાના દરેક વિસ્તારના બુલિયન પ્રમુખો, મંત્રીઓ, ખજાનચી, ફેડરેશનના હોદ્દેદારો તથા સોના-ચાંદી મહામંડળના હોદ્દેદારો, પ્રતિનિધિઓ, કારીગર સેલ તેમજ વિવિધ પાંખના ૨૫૦થી વધુ ફોટાઓ વિના મૂલ્યે છાપવામાં આવશે.

સોના-ચાંદી મહામંડળનો પ્રવૃત્તિ અહેવાલ તથા વિવિધ માહિતીસભર આ પુસ્તકમાં કચ્છી અસલી દાગીનાના ફોટા, તેમના કારીગરોની માહિતી વગેરે છપાશે.

પરિણામે કચ્છનો વ્યવસાય કચ્છ બહાર વિકાસ પામશે. કચ્છના દરેક વિસ્તારમાં આવેલા સોના-ચાંદીના વેપારીઓ અને કારીગરોના લીસ્ટ ધ્યાન ખેંચશે. પરિણામે કારીગરો, વેપારીઓ, હોલસેલરો નજીક આવશે અને ધંધાનો વિકાસ થશે. આ અંકમાં આપની જાહેરાત ત્વરીત નોંધાવો.

***સંપર્ક :*** **હીરાલાલ સોની**
પ્રમુખ - કચ્છ જીલ્લા સોના ચાંદી મહામંડળ
પાંજી ધોકાન (જ્વેલર્સ), ગંગા બજાર,
નખત્રાણા, કચ્છ-૩૭૦ ૬૧૫.
**મો. (વોટ્સએપ) : ૯૮૭૯૧ ૨૨૧૬૦**

*દરિયો પણ અજીબ રીત નિભાવે છે, શ્વાસ હોય ત્યાં સુધી ડૂબાડે છે અને શ્વાસ છૂટે પછી કિનારો બતાવે છે.*

## લક્ષ્યચંડી મહાયજ્ઞ

### GLOBAL INNOVATION CONCLAVE


૧૮થી ૨૨ ડિસેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ઉંઝા ખાતે લક્ષ્યચંડી મહાયજ્ઞનો અદ્દ્ભુત કાર્યક્રમ યોજાયો હતો. આ યજ્ઞમાં જે આયોજન થયું હતું એ અદ્વિતીય હતું. લગભગ દોઢ વર્ષ પહેલા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થળ તરીકે ઉંઝા પાસે આવેલ ઊમિયાધામ રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશેષતાઓ વિશે આપણને એમના વીડિયો યુ-ટ્યુબ અને વોટ્સએપ પર જોવા મળ્યા હતા. લગભગ ૫૦૦ એકરના વિસ્તારમાં અંદાજે રોજના ૩થી ૫ લાખ મુલાકાતીઓ આવ્યા હતા. એટલે કે પાંચ દિવસના કાર્યક્રમમાં ૧૫ લાખ લોકોએ આ મહાયજ્ઞની મુલાકાત લીધી હતી.

અહીં જુદા જુદા વિષયોની થીમ ઉપર પેવેલિયન બનાવાયા હતા. એમાં એક થીમ હતો "ગ્લોબલ ઈનોવેશન કોન્ક્લેવ." આ વિષય ઉપર અમારી સંસ્થા 'ગુજરાત ઈનોવેશન સોસાયટી'ને પાંચ દિવસ જુદા જુદા વિષયો ઉપર ઈનોવેશનને લગતી માહિતી આપવાની હતી. અહીં આવતા મુલાકાતીઓ એક ડૉમમાં આવે અને ઈવોનેશન અંગેની ચર્ચાઓમાં ભાગ લેતા. અમારી સંસ્થામાં અમે ૧૬ મુખ્ય બોર્ડ મેમ્બરોએ પોતપોતાના વિષય પર વ્યાખ્યાન આપ્યા હતા અને આ વ્યાખ્યાનને અંતે જે પણ વ્યક્તિને પોતાનો અંગત પ્રશ્ન હોય, તે અમને પૂછતા અને તેમને અમે માર્ગદર્શન આપતા હતા. મોટાભાગે ગ્રામીણ વિસ્તારોમાં ખેતીને લગતા સંશોધનો અને વેપાર નવી ટેકનોલોજીથી કરવામાં આવે અને આ ટેકનોલોજીના અનેક ફાયદાઓ વિશે જ્ઞાન આપવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજનમાં અંદાજે ૩૨૦૦ યુવાનો અને પાટીદાર સમાજના આગેવાનો સહિત ૬૦૦૦ કાર્યકરોએ પોતાનું યોગદાન આપ્યું હતું. ૫૦૦ એકરની જમીનનાં ખેડૂતોએ એક વર્ષ સુધી કોઈપણ પાક લીધો નહીં અને જમીનનું યોગદાન આપ્યું. ગીનીસ બુકમાં અનેક વિશ્વ રેકોર્ડ નોંધાયા.

# આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ભુજના ફોટોગ્રાફર એલ. એમ. પોમલના નામે માર્ગનું નામકરણ







કચ્છના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ફોટોગ્રાફર અને આર્ટિસ્ટ સ્વ. એલ. એમ. પોમલના નામે માર્ગનું તાજેતરમાં તા. ૧૧-૧-૨૦૨૦ના રોજ નામકરણ કરાયું હતું. નગરપાલિકા દ્વારા દરબારગઢ ચોકથી પાળેશ્વર ચોક સુધીના રસ્તાને ઓળખ અપાઈ હતી. તક્તીનું અનાવરણ નગર અધ્યક્ષા લતાબેન સોલંકીએ કર્યું હતું.

સ્વ. એલ. એમ. પોમલની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે નામકરણનો કાર્યક્રમ ભુજમાં દરબારગઢ રોડ ઉપર આવેલા તેમના સ્ટુડિયો એલએમમાં યોજાયો હતો.

નગર અધ્યક્ષા લતાબેન સોલંકી, મહંત કિશોરદાસજી, કારોબારી ચેરમેન ભરતભાઈ રાણા, કચ્છમિત્રના મેનેજર શૈલેષભાઈ કંસારા, ઈશ્વરભાઈ દેસાઈ, ગોદાવરીબેન ઠક્કર, ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, દિલીપભાઈ વૈદ, દલપતભાઈ દાણીધારિયા અને અન્ય મહેમાનોનું હર્ષદભાઈ પોમલ અને માધવજી પોમલ પરિવારના સદસ્યો દ્વારા સ્વાગત કરાયું હતું.

દીપ પ્રાગટ્ય બાદ મહંત કિશોરદાસજી કબીરપંથીએ આશીર્વચન પાઠવ્યા હતા. શૈલેષભાઈ કંસારાએ એલ. એમ. પોમલ સાથેના સંબંધોને વાગોળ્યા હતા અને તેમની કલાને બિરદાવી હતી. વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રીએ જણાવ્યું હતું કે, શ્રી પોમલ જ્યારે કલર ફોટોગ્રાફી નહોતી થતી ત્યારે વોટર કલરથી જી, બ્રિજ, ચિત્રલેખા જેવા મેગેઝિનો માટે મુખપૃષ્ઠ તૈયાર કર્યા હતા. તેમને રાષ્ટ્રીય કક્ષાએ સન્માન મળવું જોઈએ.

ફોટોગ્રાફી સોસાયટી ઓફ કચ્છના પ્રમુખ પ્રકાશ ગાંધી, ભરતભાઈ રાણા, ગોદાવરીબેન ઠક્કરે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. નગર અધ્યક્ષા લતાબેન સોલંકીએ લાલજીભાઈ પોમલે સુરખાબ પક્ષીની અદ્‌ભુત ફોટોગ્રાફી કરી કચ્છને વિશ્વ નકશામાં મૂક્યું તે વાત જણાવી, આવા મહાન કલાકારની ભુજના માર્ગને નામ આપી કાયમી યાદગીરી જાળવી તે બદલ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે નગર અધ્યક્ષા, મહંત અને કા. ચેરમેનને શાલ ઓઢાડી આરતીબેન, નીતાબેન, રાજુભાઈ, જમનાદાસભાઈ અને ઝવેરીલાલ સોનેજીએ સન્માન કર્યું હતું.

શતાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગે સ્મૃતિગ્રંથ, ફોટો ગેલેરી, સ્પેશિયલ કવર અને માર્ગ નામકરણના કાર્યક્રમમાં સહયોગ આપવા બદલ દિનેશભાઈ એચ. મહેતાને સ્મૃતિચિહ્ન અને શાલથી વિશિષ્ટ સન્માન હર્ષદભાઈ અને કુટુંબીજનો દ્વારા કરાયું હતું. આભારવિધિ સંજય ઠાકરે અને સંચાલન દિનેશ મહેતાએ કર્યું હતું. કંસારા જ્ઞાતિના મંત્રી શાંતિલાલ સોની, આશુતોષ ગોર, હર્ષદ બુદ્ધભટ્ટી, જગદીશભાઈ સોની, વીરેન્દ્ર આચાર્ય, કૌશિક શાહ, મોહન પોમલ, નટવરલાલ વ્યાસ, હસમુખ મચ્છર, પ્રદીપ કંસારા વગેરે હાજર રહ્યા હતા.

***સૌજન્ય : "કચ્છમિત્ર"***

***આ અગાઉ સ્વ. એલ. એમ. પોમલની સ્મૃતિમાં પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા ખાસ ફ્રેન્કિંગ કવરનું લોકાર્પણ પણ થયેલ છે જેનું સમગ્ર સમાજને ગૌરવ છે.***

# કંસારા જ્ઞાતિરત્ન - વઢવાણના પનોતા પુત્ર : પરમાર ત્રિભોવનદાસ દામોદરદાસ

સંકલન : અમિત મનસુખલાલ કંસારા

## પરમાર ત્રિભોવનદાસ દામોદરદાસ (ટી.ડી. કંસારા)એ આપણી જ્ઞાતિના લાયક સંતાનોને બેંકમાં નોકરીઓ અપાવી ઐતિહાસિક સેવા કરી હતી

વઢવાણની ધરતી પર એવા રત્ન જન્મ્યા, જેમણે કરેલ સેવાને કોઈ આંબી શકે નહીં. તેવા હતા ટી.ડી. કંસારા. તેમનો જન્મ વઢવાણમાં રહેતા દામોદરદાસ પરમારના ઘરે થયો હતો.

કંસારા દામોદરદાસભાઈ વઢવાણમાં ચાંદીકામ (કડલા) કરતા હતા.



ટી.ડી. કંસારા દાજીરાજ હાઈસ્કૂલમાં ભણતા હતા. ધોળકિયા જમનાદાસ માણેકચંદના ખાસ મિત્ર હતા. તેઓ બંને સાથે ભણતા હતા.

એકવાર ટી.ડી. કંસારા ચાલુ ક્લાસે, પીરિયડ ચાલતો હોવા છતાં તેઓ બહાર નીકળ્યા અને તેજ વખતે તેમના પ્રિન્સિપાલ કે.એન. શાહ રાઉન્ડમાં નીકળ્યા હતા. પ્રિન્સિપાલનો પ્રભાવશાળી દેખાવ હતો. જેમકે ભરાવદાર અને ઊંચું શરીર, માથે પાઘડી અને ધોતી, કાળો કોટ એ એમનો પહેરવેશ. ઉપરાંત બારેમાસ છત્રી ઓઢીને જ શાળાએ આવતા કે.એન. શાહ જેવા પ્રભાવશાળી પ્રિન્સિપાલ (હેડમાસ્તર) ભાગ્યે જ જોવા મળે.

એ જ્યારે ઓફિસમાંથી બહાર રાઉન્ડમાં નીકળ્યા ત્યારે ટી.ડી. કંસારા ક્લાસની બહાર હતા. ત્યારે પ્રિન્સિપાલે હાંકોટો કરીને પૂછ્યું, 'કેવા છો?' ત્યારે ટી.ડી. કંસારાએ કીધું કે, 'કંસારા છું.' ત્યારે હેડમાસ્તર બોલ્યા કે, 'ભણ્યો ભણ્યો, કંસારા શું ભણતા'તા. ઘરે જઈને વાસણ ટીચી ખા.'

આ શબ્દો ટી.ડી. કંસારાએ સાંભળ્યા. આમ તો સ્કુલમાં તેમની અટક પરમાર હતી, પરંતુ આ સાંભળ્યા બાદ તેમણે તેમની અટક બદલીને કંસારા કરી અને ત્યારથી જ તેમણે નક્કી કરી લીધું કે હવે ભણીને દેખાડી દઉં કે કંસારા પણ ભણી શકે છે. એટલે એમણે અટક પરમારમાંથી કંસારા કરી નાખી અને પછી મેટ્રીક સુધી દાજીરાજ હાઈસ્કૂલમાં ભણ્યા. ત્યારબાદ વધુ અભ્યાસ કરવા અમદાવાદ ગયા. ત્યાં એમણે કૉલેજ કરી. અમદાવાદમાં તેઓ તેમના ખાસ મિત્ર ચરોતરના પાટીદાર મિત્ર સાથે ભણતા હતા.

તેમણે ગ્રેજ્યુએશન અમદાવાદમાં કર્યું. પછી તેમને ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લેન્ડની સ્કોલરશિપ મળી હતી. સ્કોલરશિપમાં ફક્ત શિક્ષણ માફી મળે. જમવા તથા રહેવા માટેનો ખર્ચ ખુદ ઉઠાવવો પડે. આખા ગુજરાતમાંથી ફક્ત ૧૦ જ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ મળી હતી. તેમાંના એક હતા ટી.ડી. કંસારા. પરંતુ તેમની પાસે પૈસા ન હોવાથી તે ખૂબ જ ઉદાસ ફર્યા કરતા. ત્યારે એક દિવસ તેમના તે ચરોતરના પાટીદાર ખાસ મિત્રએ કહ્યું કે, ટી.ડી., આમ ઉદાસ કેમ છું? ત્યારે તેમને બહુ કીધા પછી તેમણે વાત કરી કે આમ મને સ્કોલરશિપ મળી હોવાથી લંડન જવાનો ચાન્સ છે પણ આગળ ભણવા માટે પૈસા નથી. ત્યારે તે પાટીદાર મિત્રએ પૂછ્યું, તારે ખરેખર ભણવું છે? ત્યારે ટી.ડી. કંસારાએ કીધું કે, 'હા મારે ભણવું છે.' ત્યારે તે મિત્રએ કહ્યું કે, 'તો હું તારા ભણવાનો ખર્ચ આપું.' ત્યારે ટી.ડી. કંસારા ભણવા માટે તૈયાર થયા. ત્યાર પછી તે પાટીદાર મિત્ર એના ગામ જઈને તેમના પિતાને કહ્યું કે, બાપા, મારે પરદેશ ભણવા જવાનો ચાન્સ છે. સરકાર તરફથી મને પાસ કર્યો છે, પણ આપણી પાસે પૈસાની જોગવાઈ છે કે કેમ તેના પર બધો આધાર છે. ત્યારે તેના પિતાએ કહ્યું કે જો તારે ખરેખર પરદેશ ભણવા જવું હોય તો તારા માટે ગમેતેમ કરીને હું પૈસા ભેગા કરી દઉં. ત્યારે ટી.ડી. કંસારાના પાટીદાર મિત્રએ તેના પિતાને વાત કરી કે મારો એક ખાસ મિત્ર છે, જે ભણવામાં ખૂબ તેજસ્વી અને લાયકાતવાળો છે. એને લંડન ભણવા જવાનો ચાન્સ છે. પરંતુ તેની પાસે પૈસાની કોઈ સગવડતા નથી. જો તમારાથી થઈ શકે તો માનજો કે તમે તમારા દીકરાને પૈસા આપ્યા છે. ત્યારે તે મિત્રના પિતાએ કીધું કે તારો ખાસ મિત્ર હોય અને પૈસાનો વેંત ન થાય તો હું કરી આપીશ. ત્યારે તે મિત્રના પિતાએ પોતાનું ખેતર વેચીને પૈસા લાવી આપ્યા અને ત્યારબાદ ટી.ડી. કંસારા પરદેશ ગયા અને ત્યાં ભણ્યા. ભણીને પછી તે ભારત પાછા ફર્યા.

ભારત આવ્યા બાદ તે બેન્ક ઓફ ઇન્ડિયામાં સર્વિસમાં રહ્યા. ૨-૩ મહિના તેમણે ત્યાં નોકરી કર્યા બાદ તેમના ધ્યાનમાં આવ્યું કે તેમના કરતા ઓછું ભણેલા છે તે લોકો ઓફિસર છે કારણકે તેઓ અંગ્રેજ છે. આ પછી તેમણે બેંક પાસે આની

રજુઆત કરી કે હું આટલું બધું (અંગ્રેજ ઓફિસર કરતા વધુ) ભણ્યો છું, છતાં મને ફક્ત સામાન્ય ક્લાર્કની નોકરીમાં રાખ્યો છે. ત્યારે મેનેજરે કહ્યું કે, અમે કોઇ ઇન્ડિયનને ઓફિસરમાં રાખતા નથી. તમારે અહિંયા રહેવું હોય તો રહો, નહિં તો રાજીનામું મૂકી દો. ત્યારબાદ ટી.ડી. કંસારાએ મહાત્મા ગાંધીજી (ગાંધીબાપુ)ને ટપાલ લખી કે હું આટલું ભણેલો છું, તો પણ મને એક સામાન્ય ક્લાર્કની નોકરીમાં રાખ્યો છે અને અંગ્રેજ નોકરિયાત મારાથી ઓછું ભણેલા છે છતાં તેમને ઓફિસરમાં રાખેલ છે, ઇન્ડિયનને રાખતા નથી. પછી ગાંધીજીએ તેમના પત્રનો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, તું નોકરીમાં રાજીનામું મૂકીશ નહીં. જો તું રાજીનામું આપીશ તો પછી તને રાખશે નહીં. કોને રાખવા, કોને ન રાખવા એ એમનો અધિકાર છે. પણ કોઈને પણ નોકરીમાં રાખ્યા પછી ફરીયાદ વગર નોકરીમાંથી છુટા કરવાનો કોઇને અધિકાર નથી. માટે તું ચાલુ નોકરીએ એમની સામે લડ. એટલે ટી.ડી. કંસારા સ્થાનિક કોર્ટમાં તથા હાઈકોર્ટમાં ન્યાયાધીશો સામે લડ્યા. પરંતુ તે લોકો પણ અંગ્રેજો જ હતા. એટલે બેન્કની તરફેણમાં નિર્ણય રજૂ કરતા. તેમ છતાં ટી.ડી. કંસારા હાર ન માન્યા. તેઓ સુપ્રીમ કોર્ટમાં ગયા. તે સમયમાં ભારતની સુપ્રીમ કોર્ટ લંડનમાં હતી. ત્યાં તેઓએ કેસ દાખલ કરાવ્યો અને લડ્યા. ત્યાંના ન્યાયાધીશો પણ અંગ્રેજ જ હતા પણ તેઓ તટસ્થ હતા. માટે તેમણે બેંક ઓફ ઇન્ડિયાની મેઇન ઓફિસ લંડનમાં હતી, ત્યાંના જનરલ મેનેજરને કહ્યું કે ટી.ડી. કંસારાના કેસનો જવાબ આપો. ત્યારે તે જનરલ મેનેજરે ભારતન બેન્ક ઓફ ઇન્ડિયાના જનરલ મેનેજર પાસે રીપોર્ટ માંગ્યો. ત્યારે તે ભારતની બેંકવાળા મેનેજર મુંઝાયા અને તરત જ તેમણે ટી.ડી. કંસારાને ઓફિસરમાં લઇ લીધો. થોડા સમય બાદ તેમના પાટીદાર મિત્ર લગ્નના સાત આઠ વર્ષ બાદ બીમારીના કારણે ગુજરી ગયા. તે મિત્રને ત્રણ સંતાન હતા : એક છ વર્ષનો, એક ચાર વર્ષનો અને એક બે વર્ષનો. ટી.ડી. કંસારા તેમના મિત્રના મૃત્યુના સમાચાર સાંભળી તરત જ મિત્રના પિતા પાસે ગયા અને પોતાના મિત્રના બધા જ ક્રિયાકર્મ પૂર્ણ થયા ત્યાં સુધી ત્યાં જ રોકાયા. તે બધું જ પૂર્ણ થયા બાદ તેઓ મિત્રના પિતાના ખોળામાં માથુ મૂકીને બોલ્યા કે તમારે એક જ દીકરો નથી, તમારે બે દીકરા છે. હું પણ આજથી તમારો જ દીકરો છું, માટે મને તરછોડશો નહીં.

એકવાર ટી.ડી. કંસારા પોતાની ખાટ પર બેઠા હતા ત્યારે તેમણે તેમના પત્નીને કહ્યું કે, અહિંયા બેસ, મારી બાજુમાં, ખાટ પર. પછી તેમણે તેમના પત્નીને કહ્યું કે, અત્યારે તો હું પિત્તળની સાંકળવાળી ખાટ પર બેઠો છું. ભવિષ્યમાં કદાચ સોનાની સાંકળવાળી ખાટ પર પણ બેઠો હોઈશ, તો તું મારી પડખે હોઈશ, બીજું કોઈ નહીં હોય. માટે મારે શું કરવું અને શેમાં પૈસા વાપરવા એમાં તારે ધ્યાન રાખવું નહીં.

આ બધી વાતો આજથી ૭૦ વર્ષ પહેલાની છે. જ્યારે તેમના મિત્ર ગુજરી ગયા હતા ત્યારે તેઓ તે મિત્રના પિતાને દર મહિને ૨૦૦ રૂપિયા મોકલતા. તે ઉપરાંત છોકરાઓની નિશાળની ફી, ચોપડા બધું અલગથી મોકલતા. છોકરાઓ કોલેજમાં આવ્યા પછી પણ વધારાનો ખર્ચ મોકલતા. જ્યારે તે છોકરાઓ ઉચ્ચ ડિગ્રી લઇને સારી નોકરીમાં જોડાયા ત્યારે તેમણે ટી.ડી. કંસારાને કહ્યું કે બાપુજી, હવે અમારે પૈસાની જરૂર નથી અને હવે તમે પૈસા મોકલશો નહીં. તમે અમારામાં જે સંસ્કાર રોપ્યા છે તેના થકી અમે બીજાને પણ ભણાવીશું.

ટી.ડી. કંસારાએ પોતાના ૩૦ વર્ષના નોકરી સમય (કાર્યકાળ) દરમ્યાન આપણી સમસ્ત જ્ઞાતિના લાયક સંતાનોને બેંકમાં નોકરીઓ અપાવી હતી. તેમના જીવનમાં તેમણે મારૂ કંસારા, ગુજરાતી કંસારા, રાજસ્થાની કંસારા, કશું જ જોયું નથી. કંસારા – એ કોઈપણ ઘટકનો હોય તો તેને નોકરીમાં રાખ્યા છે. આમ તેમણે રાજસ્થાની કંસારાના ૧૦૦ છાકરાઓને બેન્કની નોકરીમાં રાખ્યા છે. જ્યારે ટી.ડી. કંસારા રીટાયર્ડ થયા ત્યારે તેમને માનપત્ર દેવા માટે ઇંગ્લેન્ડની બેંક ઓફ ઇન્ડિયાના જનરલ મેનેજર તેમના વિદાય સમારંભમાં મુંબઇ આવ્યા હતા. ત્યારે તે વિદાય સમારંભમાં અંગ્રેજ જનરલ મેનેજરે ટી.ડી. કંસારાનું સન્માન કરતા કહ્યું કે, ભારતમાં બેંક ઓફ ઇન્ડિયાને ભારતની સર્વોપરી બેંકનો દરજ્જો ટી.ડી. કંસારાને આભારી છે, જે બેંક ઓફ ઇન્ડિયા કદી ભૂલી શકશે નહીં.

જ્યારે ટી.ડી. કંસારા નિવૃત્ત થયા ત્યારે ભાવનગર મુકામે હાલના પ્રમુખ અશ્વિનભાઈના પિતાશ્રી જ્ઞાતિરત્ન લાલજીભાઈ ગોકળદાસના પ્રમુખ સ્થાને ભવ્ય સન્માન થયું હતું. વઢવાણના પચ્ચીસ આગેવાનોએ ભાવનગર જઇને કાર્યક્રમમાં તેમનું સન્માન કર્યું હતું. જ્ઞાતિરત્ન વઢવાણના પનોતાપુત્ર ટી.ડી. કંસારાને કોટી કોટી વંદન.

*(માહિતી : મોહનલાલ કંસારા)*

## અભિનંદન

**શ્રીમતી હર્ષા પરેશકુમાર કંસારા (દિલ્હી)**ને રાજકીય સર્વોદય કન્યા વિદ્યાલય (Govt. of NCT – Delhi) તરફથી વર્ષ ૨૦૧૮-૧૯માં સેકન્ડરી લેવલ એજ્યુકેશન, અંગ્રેજી અધ્યાપન માટે Best Performance Award એનાયત થયેલ છે.

***શ્રીમતી હર્ષાને 'સેતુ પરિવાર'ના હાર્દિક અભિનંદન.***

Prakashbhai Soni 98793 22373
Nikul Soni 99254 66200

**Narmada JEWELLERS**

*Manufacturer of Gold & Silver Ornaments*

916

Shivaji road,
Nr. Custom chawk circle, Anjar.

---

**Ketan Enterprise**

TYRE | BATTERY | ALLOY WHEEL

MRF apollo BRIDGESTONE CEAT Continental GOODYEAR JKTYRE

કેતન સી. પરમાર
૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

---

જગદીશભાઈ કંસારા ૯૮૨૫૪ ૬૧૯૨૦
મધુકાંતભાઈ કંસારા ૯૮૨૫૯ ૭૯૬૫૦

**આશા મોલ્ડીંગ વર્કસ્**

શુદ્ધ કાંસાના બી.એમ.કે. માર્કાનાં મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર

મચ્છી પીઠ, અંજાર - કચ્છ । ફોનઃ ૨૪૩૪૫૯

---

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum
Pure for Sure

**PRADEEP AGENCIES**
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

---

સોની નરેશ દામજીભાઈ

**પાર્થ જ્વેલર્સ**

સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

---

ભ્રેવીનભાઈ 94280 33303
મેવીનભાઈ 99253 55505

**મે. સોની મોહનલાલ પ્રાગજીભાઈ**

હીરાલાલભાઈ 98791 22160
સ્વ.રમેશભાઈ

**પાંજી દોકાન**

સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર.

ગંગા બજાર, ચૈતન્ય હનુમાનજીની બાજુમાં, નખત્રાણા-કચ્છ. 97252 22160

---

**વૈશાલી જ્વેલર્સ**

સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

---

સોની શાંતિલાલ એચ. ૯૮૨૪૨ ૯૯૨૫૦
સોની હરિશ એચ. ૯૮૨૫૨ ૨૪૫૩૫
સોની બિમલ એસ. ૯૬૦૧૩ ૨૮૦૨૨

*Roshni Design*

**દિવ્યા જ્વેલર્સ**

શાસ્ત્રી રોડ, અંજાર (કચ્છ)

સોને મઢેલા ફેન્સી ચુડા બનાવનાર

# શ્રધ્ધાંજલિ



**સ્વ. નર્મદાબેન (પુંજીબેન) મોહનલાલ સોની (પોમલ)**
સ્વ. ૨૭-૧૦-૨૦૧૯ (દિવાળી)

ફૂલો ક્યારેય બીજીવાર નથી ખિલતા, જન્મો ક્યારેય બીજીવાર નથી મળતા,
મળવા ખાતર તો હજારો મળે છે પણ,
અગણિત ભૂલો માફ કરવાવાળા મા-બાપ ક્યારેય બીજીવાર નથી મળતા.

**પ્રવિણભાઈ મોહનલાલ સોની | માયાબેન પ્રવિણભાઈ સોની**

**વસંતબેન | ઉર્મિલાબેન | દિપ્તીબેન**

**મીતા'સ કોર્નર**

# ન આસ્તિક, ન નાસ્તિક – માત્ર વાસ્તવિક

**મીતા એન. સોલંકી**

*હેલ્લો ફ્રેન્ડ્સ, કેમ છો?*

આજે એક ફ્રેન્ડ રસ્તામાં મળી. વાતવાતમાં એક વાત મેં નોટીસ કરી કે દરેક વાતમાં સ્ત્રીસહજ ભયનો ઓથાર દેખાતો હતો. સતત અસલામતીની લાગણી તમને ભય પમાડ્યા કરતી હોય છે. આવા ભય સ્થાનોમાં ખાસ તો અજાણ્યા સ્થળ, વ્યક્તિઓ, પરિસ્થિતિની કલ્પના મુખ્યત્વે ભાગ ભજવતી હોય છે.

કુટુંબ જીવનની ખાસિયત છે કે આપણે જીવનમાં જાતજાતની અસલામતીની અનુભૂતિ થતી હોય છે.

આ અસલામતીના વિચારથી જ આપણે તાળાઓ લગાવીએ, વીમા ઉતરાવીએ, ચોકીદારો રાખીએ, લોકર્સના ખાતા ખોલાવીએ, ચોર ન આવે તે માટે એલાર્મ સિસ્ટમ કરાવીએ – આવી અનેક બાબતો સલામતી માટે પ્લાન કરતા હોઈએ છીએ.

અસલામતી જો લાગણીની બાબતની હોય તો મનોશારીરિક રોગ પણ આમાંથી જન્મ લેતા હોય છે.

પ્રેમ સંબંધોમાં માનવી સૌથી વધુ અસલામતીની લાગણી અનુભવે છે. તમે જે વ્યક્તિને દિલ-ઓ-જાનથી ચાહતા હો તે વ્યક્તિ બીજાને ચાહવા લાગશે તો? આવા કાલ્પનિક ભયના કારણે અસ્વસ્થતાનો જન્મ થાય છે અને માલિકીભાવનો પ્રવેશ થાય છે. પ્રિય પાત્ર હાથમાંથી સરકી જશે તો? એવા ભયથી ગુસ્સો, શંકા, અવિશ્વાસ, ઈર્ષ્યા વગેરે નકારાત્મક કે સ્વપ્નમાં પણ ભયના ઓથાર નીચે જીવો છો. પરિણામ? શારીરિક અસ્વસ્થતા.

માત્ર પતિ-પત્ની જ નહીં, બાળકો મોટા થઈને મા-બાપને તરછોડશે તો? એવા પણ વિચારોથી અસલામતી અનુભવાતી હોય છે. આ અને આવા અનેક કાલ્પનિક કારણોથી આનંદ, સુખ, સગવડની સીધી સાદી શાંતિવાળી જિંદગીને રફેદફે કરી નાખતા હોઈએ છીએ.

હું માનું છું કે આનો કોઈ ઈલાજ નથી! જે વાસ્તવમાં અસ્તિત્વ જ નથી ધરાવતા, એ પ્રોબ્લેમનો શું ઉકેલ હોય?

પ્રત્યેક માનવીની અંદર ભય કે અસલામતીની લાગણી થોડેઘણે અંશે રહેલી જ હોય છે.

એક વાત સાચી છે કે જેને પોતાના પર વિશ્વાસ હોય એ જ બીજા પર વિશ્વાસ મૂકી શકે છે. અવિશ્વાસ રાખીને દુઃખી થવું એના કરતા વિશ્વાસ રાખીને અનુભવ લેવો સારો. અવિશ્વાસ - કે - અસલામતી ના અનુભવાતી હોય તો પ્રેમની લાગણી પૂરવાથી આપીને મેળવાશે જ.

નાની નાની બાબતોનો ભય પામવાનો કોઈ ફાયદો નથી.

સુખી જીવનની વાસ્તવિક્તા માટે કાલ્પનિક ભયથી દૂર રહેવું સારું.

કુદરતે જે મોટા મોટા સઘળા કાર્યો જ કરવાનો પાવર કહો કે વીટો એ પોતાના જ હસ્તક રાખ્યો છે.

જે થવાનું હશે એ થશે જ! પરિસ્થિતિ પ્રમાણે સમાયોજન કરતા રહીએ તો જીવનમાં ખાસ અસલામતી નથી રહેતી.

સલામતીની લાગણીને પ્રબળ કરવા સમજણ હોવી ખૂબ જરૂરી! માટે જ શિર્ષક મુજબ : ન નાસ્તિક રહેવું, ન આસ્તિક રહેવું. બસ વાસ્તવિક રહીએ તો જગ જીત્યા!!

## પ્રતિભાવ

નમસ્કાર. અહોભાવની લાગણી થાય એવો અંક "સ્વાસ્થ્ય લાભ" આપવા બદલ 'જ્ઞાતિસેતુ'ની ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ.

નવા વર્ષે આપ સૌનું સ્વાસ્થ્ય સુંદર રહે તેવી અભ્યર્થના સાથે જણાવીશ કે આ દીપોત્સવી અંક કાયમી સાચવવા યોગ્ય બનાવ્યો.

સમાજના તબીબી ક્ષેત્રે કાર્યરત જ્ઞાતિજનો પાસેથી માહિતીનો અખૂટ ભંડાર એક અંકમાં સમાવેશ કરવામાં જે જહેમત સેતુ ટીમે કરી છે એ સલામીને પાત્ર છે. ફરી ફરીને ધન્યવાદ.

*મીતા એન. સોલંકી - ભુજ*

## લગ્ન વિષયક



| | |
|---|---|
| *નામ* | : અર્પણા દિનેશભાઈ કંસારા |
| *જન્મ* | : તા. ૧૨-૦૯-૧૯૮૭ |
| *સમય* | : સવારે ૮.૧૫ (રાજકોટ) |
| *હાઈટ* | : ૫'૩" |
| *વજન* | : ૭૩ કિ.ગ્રા. (મંગળ છે) |
| *અભ્યાસ* | : B.Com., ફેશન ડિઝાઈનીંગ INIFD – અમદાવાદ |
| *માસિક આવક* | : રૂા. ૧૫,૦૦૦/- |
| *જ્ઞાતિ* | : મારૂ કંસારા (પરમાર) રાજકોટવાળા |
| *પિતા* | : દિનેશભાઈ જયંતિલાલ ચત્રભુજ કંસારા |
| *વ્યવસાય* | : જય સિલ્વર (ચાંદીના આર્ટીકલ્સ)<br>૧, સુપર મોલ, સી.જી. રોડ, લાલ બંગલો, અમદાવાદ. |
| *માતા* | : જશવંતીબેન દિનેશભાઈ કંસારા (ગૃહિણી) |
| *ભાઈ* | : કૌશિક ડી. કંસારા (પરીણિત) |
| *બહેન* | : વનશ્રી ડી. કંસારા |
| *ઈમેઈલ* | : info@jaysilver.in |
| *સરનામું* | : 'મનોરથ', ૩, દેવાલયમ બંગ્લોઝ, ઈસ્કોન આંબલી રોડ,<br>આંબલી BRTS સામે, આંબલી, અમદાવાદ-૫૪. |
| *મોબાઈલ* | : ૯૩૨૮૨ ૩૩૩૩૭ (દિનેશભાઈ)<br>૮૯૦૫૦ ૩૩૩૩૭ (કૌશિકભાઈ) |
| *મોસાળ* | : રમણિકલાલ વનમાળીદાસ છત્રાળા (ધોરાજીવાળા) |

# જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી

મહેશભાઈ મોહનલાલ કંસારા - ભુજ

કચ્છમાં દર વર્ષે ચારથી પાંચ હજાર કેન્સરના દર્દીઓ ઉમેરાય છે. આવા દર્દીઓની સારવાર માટે કચ્છની અંદર કોઈ મોટી હોસ્પિટલ કે સ્પેશિયાલિસ્ટ ન હતા. આવા સંજોગોમાં છેલ્લા છ વર્ષથી સમગ્ર કચ્છના દર્દીઓ તેમજ તેમના પરિવારજનોના આંસુ લૂછવાનું કાર્ય કરી સમગ્ર કચ્છ માટે ઉમદા વૈદ્યકીય સારવાર આપવાનું કાર્ય માંડવી - ભુજ હીવે પર આવેલ જનકલ્યાણ મેડિકલ સોસાયટી અને નવનીત કેન્સર રીસર્ચ હોસ્પિટલ એન્ડ ડાયાલિસીસ - માંડવી દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાની અંદર કેન્સર માટેની સારવારના કાર્યને સેવા સમજી 'હોસ્પિસ' (કેન્સરના છેલ્લા સ્ટેજના દર્દીઓ)ની સારવાર, સેવા કરતી સમગ્ર ગુજરાતમાં આવી હોસ્પિટલ જવલ્લે જ ઉપલબ્ધ છે. તેમાંની કચ્છ સ્થિત એક આ સંસ્થા છ વર્ષથી કાર્ય કરી એક વિશિષ્ટ હોસ્પિટલ તરીકે નામના મેળવી છે.

આ સંસ્થાની સ્થાપના ૧૯૯૩માં કરવામાં આવી. તેનો મુળભૂત હેતુ કેન્સરનું શિક્ષણ, કેન્સરનું નિદાન, સારવાર, આર્થિક સહાય તેમજ કેન્સર અંગે લોકોમાં અવેરનેસ લઈ આવવા માટે નાના ગામડાં સુધી પહોંચી કેમ્પો યોજી, કેન્સર ન થાય તે માટે ઓડિયો વિઝ્યુઅલ ચિત્ર પ્રદર્શની દ્વારા માર્ગદર્શન આપી લોકોને જાગૃત કરી અને વ્યસનોથી બચાવવા માટેનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ બધા વિચારોને સાકાર કરવા માટે આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૯માં અદ્યતન મશીનરી સાથે સમગ્ર કચ્છમાં સૌપ્રથમ અઢાર બેડના જનકલ્યાણ કેન્સર રીસર્ચ હોસ્પિસ અને ડાયાલિસિસ સેન્ટરની શરૂઆત કરવામાં આવી. કેન્સરના લાસ્ટ સ્ટેજની પીડાથી કણસતા તેમજ અસહ્ય વેદના સહન કરતાં લાચાર અવસ્થામાંના કે જ્યાં તેમના માટે કેન્સરની કોઈ દવા લાગુ પડતી નથી. આવા અંતિમ તબક્કાના દર્દીઓને સાંત્વના, સંવેદના અને સહાનુભૂતિનો સહારો આપી મૃત્યુ સુધી પીડામુક્ત જીવન લંબાવવાની સારવાર એટલે 'હોસ્પિસ' સેન્ટર દ્વારા મદદરૂપ બનવાનો આ સંસ્થા દ્વારા પ્રયાસ થઈ રહ્યો છે.

અમદાવાદ, રાજકોટ કે મુંબઈમાં જે ચાર્જથી કિમોથેરાપી આપવામાં આવે છે તેના કરતા ખૂબ જ ઓછા ચાર્જમાં કિમોથેરાપી અહીં આપવામાં આવે છે. મોટા શહેરોમાં જે કેન્સર અંગેના ઑપરેશનો ખૂબ જ ખર્ચાળ રીતે થાય છે, તેની જગ્યાએ આવા ઑપરેશનો અમદાવાદ અને રાજકોટના ઓન્કો સર્જન મારફતે નજીવા ચાર્જથી કરી આપવામાં આવે છે. જેમાં ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં રહેવાનું, બપોરે બે વ્યક્તિઓને જમવાનું, ડૉકટરની ફી, નર્સિંગ ચાર્જ વગેરે માત્ર પચાસ રૂપિયામાં કરી આપવામાં આવે છે. આ જ સંસ્થા દ્વારા કેન્સર અંગેની દવાઓમાં પચાસ ટકા રાહત આપવામાં આવે છે. ટૂંકમાં મોટા શહેરોમાં જે ઉચ્ચ સારવાર આપવામાં આવે છે, તેજ સારવાર આ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે અને તે પણ નજીવા ચાર્જથી.

કિડની ફેલ્યોરના દર્દીઓને અઠવાડિયામાં બે કે ત્રણ વખત ડાયાલિસિસ કરાવવું પડે છે. એટલે કે એક મહિનામાં આઠથી બાર વખત ડાયાલિસિસ થાય છે. જે અંગેનો સામાન્ય માસિક ખર્ચ ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોને આર્થિક રીતે પરવડતો નથી. ત્યારે આ સંસ્થા દ્વારા ભારતનું એકમાત્ર સંપૂર્ણ રીતે ફ્રી ડાયાલિસિસ સેન્ટર ચલાવવામાં આવે છે. આ સંસ્થા દ્વારા H.P.V. (Human Pepeloma Virus Vaccine) નામના વેક્સીન રાહત દરે આપવામાં આવે છે, જે વેક્સીન ભવિષ્યમાં પણ ગર્ભાશયના મુખનું કેન્સર ન થાય તેના માટે આપવામાં આવે છે. જે ૧૦ વર્ષથી ૪૫ વર્ષ સુધીની ઉંમરે લેવાતી હોય છે.

આ સંસ્થામાં દરિદ્ર નારાયણની સેવા ''જન સેવા એ જ પ્રભુસેવા''ને લક્ષ્યમાં રાખીને સમાજના નબળા વર્ગની સારવાર અને સહાય આપવાના ઉમદા હેતુથી સરાહનીય અને પ્રશંસનીય રીતે થઈ રહી છે. આ યજ્ઞરૂપી કાર્યને વેગવાન બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટી શ્રી કિરણભાઈ વી. સંઘવી સવારે આઠથી સાંજે આઠ વાગ્યા લગી આ સંસ્થામાં હાજર રહે છે અને તેમના જણાવ્યા પ્રમાણે આ સંસ્થામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં એક પણ દર્દી આર્થિક સંજોગો થકી સારવાર લીધા વિના પરત ગયેલ નથી.

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના જ્ઞાતિજનો માટે રાહત દરે સારવાર ઉપલબ્ધ

*અત્રે એ ઉલ્લેખનીય છે કે માંડવી સ્થિત આ જનકલ્યાણ મેડિકલ સોસાયટી દ્વારા થઈ રહેલ સેવા યજ્ઞનો લાભ આપણા જ્ઞાતિજનો પણ મેળવે તેવા સંદર્ભનો પત્ર આપણી જ્ઞાતિના શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ કાયમી મેડિકલ ફંડ સમિતિ - ભુજને મળેલ છે. જેના અનુસંધાને કેન્સરના ગરીબ દર્દીઓને માત્ર પચાસ રૂપિયાના ટોકન ચાર્જથી સારવાર, નિઃશુલ્ક ડાયાલિસિસ, રાહત દરેક દરેક પ્રકારના ઑપરેશન અને મેડિકલ બીલમાં પચાસ ટકા રાહત સેવા ઉપલબ્ધ રહેશે. જે માટે માત્ર જરૂરિયાતમંદ વ્યક્તિએ સમાજ દ્વારા જ્ઞાતિના લેટરપેડ પર એક અરજી કરવાની રહેશે.*

## સાભાર સ્વીકાર

શ્રી બળવંતભાઈ જે. કંસારા તરફથી વર્લ્ડ ટેબલ ટેનિસ સ્પર્ધામાં Bronze Medal મેળવવાની ખુશીમાં 'જ્ઞાતિસેતુ'ને રૂા. ૧,૦૦૦/- ભેટ સ્વરૂપે આપેલ છે જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

# શવાસનનું અદ્‌ભુત વિજ્ઞાન

આજના પ્રગતિશીલ યુગમાં માનસિક તણાવ ડગલે ને પગલે જોવા મળે છે. અનેક પ્રકારની શારીરિક અને માનસિક બીમારીઓનાં મૂળ આ તનાવમાં પડેલા છે. તનાવનાં વિવિધ કારણોમાં અસલામતી અને અળગાપણાની ભાવના મોખરે છે.

વૈજ્ઞાનિકોએ આ વિષયમાં ઊંડો અભ્યાસ કર્યો છે. અસલામતી અને અળગાપણાની ભાવનાથી શરીર અને મનમાં થતી પ્રક્રિયાઓને ચેતનાની અનુભૂતિ દ્વારા સલામતી અને ઐક્યની ભાવનામાં પલટાવી શકાય છે. તેમ થતાં વ્યક્તિ ઘણા રોગોમાંથી મુક્ત થાય છે. બીજાં કેટલાંક લાભદાયી પરિવર્તનો કરવા આંતરિક શક્તિ પ્રાપ્ત કરે છે અને શાંતિનો અનુભવ કરે છે. ચેતનાની અનુભૂતિ કરાવવાનું સામર્થ્ય સવાશનમાં છે. વધુમાં શવાસનથી વ્યક્તિની આત્મશક્તિનો વિકાસ થાય તે ભૌતિક સમૃદ્ધિમાં પણ મદદરૂપ બની વ્યક્તિને જગતમાં ટોચ ઉપર મૂકી શકે છે.

- **ચેતના :**

ચેતના એ આપણા અસ્તિત્વનું હાર્દ છે. સમગ્ર વિશ્વ એ ચેતનાનો આવિષ્કાર છે. આપણું શરીર, મન અને બુદ્ધિ એ આપણી ચેતનાને આવરી લેતાં બહારનાં આવરણો છે. વાસ્તવમાં આપણે એ મહાન તત્ત્વ-ચેતના છીએ. સામાન્યપણે આપણે આ સત્યથી અજાણ હોઈએ છીએ. કારણકે આપણું ધ્યાન હંમેશાં શરીર, મન અને બુદ્ધિને લગતી બાબતોમાં જ રાચતું હોય છે. આ અળગાપણું લાવે છે.

પ્રાણીઓમાં આસપાસની સૃષ્ટિનું ભાન તો હોય છે પણ પોતાનું – સ્વનું ભાન હોતું નથી. એટલે અંશે પ્રાણીઓમાં ચેતના ઓછી છે. વનસ્પતિમાં આનાથી પણ ઓછી છે. જડ પદાર્થોમાં તેનાથી પણ ઓછી છે. તેમ છતાં ચેતના વધતે ઓછે અંશે સર્વત્ર છે. માનવી પોતાની ચેતના વિશે સભાન રહેવાની શક્તિ ધરાવે છે. આપણે આપણા વિચારો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ અને આપણે ઈચ્છીએ તે ઉપર ધ્યાન લઈ જઈ શકીએ છીએ.

આપણે શરીર અને મનને શાંત પાડીએ તો શરીર અને મનને ચેતનવંતુ રાખનારી ચેતનાનો અનુભવ થાય છે. એ ચેતના આપણા સહુની એક છે. વિશ્વને ચેતનવંતુ રાખનારી ચેતનાનો પ્રભાવ આપણામાં ઐક્યની - જોડાણની ભાવના જન્માવે છે અને આપણી શક્તિઓને ખીલવે છે. માત્ર સાત મિનિટના શવાસનથી ચેતનાના ગુણોનો પ્રભાવ આપણી પ્રવૃત્તિઓમાં લગભગ ચારથી પાંચ કલાક રહે છે. શવાસનમાં શરીર અને મનને શાંત કરવાની અદ્‌ભુત શક્તિ છે. તે વ્યક્તિને મૂળ તત્ત્વ સુધી પહોંચાડી શાશ્વત સુખ અને શાંતિનો અનુભવ કરાવે છે.

- **અસલામતીની ભાવના**

માનવ શરીરે પોતાના અસ્તિત્વ માટે કેટલીક સ્વયં સંચાલિત યંત્રરચનાઓ વિકસાવી છે. ભય વખતે અનુકંપી (સિમ્પેથેટિક) ચેતાતંત્ર કાર્યાન્વિત બને છે. તે વ્યક્તિને ભય સામે લડી લેવા અથવા ભયથી દૂર નાસી જવા તૈયાર કરે છે. ભય દૂર થતાવેંત પરાનુકંપી (પૈરાસિમ્પેથેટીક) ચેતાતંત્રનું કાર્ય શરૂ થાય છે. આથી વ્યક્તિ શાંત પડે છે. આજે હવે જંગલી પ્રાણીઓનો ભય રહ્યો નથી ત્યારે માનવીએ ઘણા કાલ્પનિક ભય ઊભા કર્યા છે. "ધંધામાં સફળતા મળશે કે નહીં? કૉલેજમાં એડમિશન મળશે કે નહીં?" આવા ઉપરાઉપરી વિચારોથી ભયની ગ્રંથિ સતત ઉત્તેજિત રહ્યા કરે છે. એનાથી માનસિક તણાવ ઉત્પન્ન થાય છે. પરિણામે અનુકંપી ચેતાતંત્ર વારંવાર સક્રિય બને છે. તેમ થતાં ઉત્તેજીત થયેલી ગ્રંથિઓ રસાયણોનો વધારે પડતો સ્રાવ રક્ત પ્રવાહમાં ઠાલવે છે. આ કારણે વ્યક્તિ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હૃદયરોગ, માઈગ્રેન, એસિડિટી, ડિપ્રેશન જેવા અનેક રોગોનો ભોગ બને છે. તેની રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે અને શરીરના ઘસારાની ક્રિયાને વેગ મળે છે.

- **અળગાપણાની ભાવના (આઇસોલેશન) :**

સામાન્યપણે આપણે શરીર અને મનને લગતી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહીએ છીએ. આ પ્રવૃત્તિઓ આપણને આપણામાં રહેલી પરમશક્તિથી અલગ કરે છે અને અળગાપણું લાવે છે. અળગાપણાની ભાવનાથી વ્યક્તિના સ્વભાવમાં ઉગ્રતા, વેરવૃત્તિ, સ્વાર્થીપણું વગેરે જન્મે છે. આ બધાને કારણે ભાવાત્મક તનાવ ઉત્પન્ન થાય છે. આજના યુગમાં ભાવાત્મક તનાવ સૌથી વિશેષ જોવા મળે છે. ભાવાત્મક તનાવ વખતે અનુકંપી ચેતાતંત્રની પ્રક્રિયા સતેજ થતાં ચેતાતંત્ર (નર્વસ સિસ્ટમ)માં સંતુલન ખોરવાય છે. તેમ થતાં તનના અને મનના આરોગ્યને હાનિકારક અસરો પહોંચે છે.

શવાસનમાં તેનાથી ઊલટું બને છે. શવાસનથી ચેતાતંત્રમાં સંતુલન પ્રાપ્ત થાય છે, તનાવ ઘટે છે અને વ્યક્તિમાં સલામતી અને ઐક્યની ભાવના ખીલે છે.

- **શવાસનનું વિજ્ઞાન :**

જ્યારે મનમાં કોઈ પણ પ્રકારનો તણાવ હોય ત્યારે શરીરના સ્નાયુઓ આપણી જાણ બહાર સૂક્ષ્મ રીતે સંકોચાઈ કદમાં ટૂંકા થાય છે. આ સ્નાયુઓને હળવાશથી થોડા ખેંચી, લંબાવીએ કે તરત જ તનાવનાં ચિહ્નમાં ખાસ્સો ઘટાડો થાય છે. આને muscle to mind control કહે છે. જ્યારે થોડા ખેંચીને લંબાવેલા સ્નાયુને આપણે શિથિલ કરીએ છીએ ત્યારે મન વધુ શાંત થવા લાગે છે. મન ફક્ત મગજમાં નથી, પણ શરીરના અણુએ અણુમાં વ્યાપેલું છે. તેથી મનને શાંત કરવા શરીરને શાંત કરવું જરૂરી છે. શરીરના સ્નાયુઓને વારાફરતી ખેંચી તેને ઢીલા

છોડવાની, શિથિલ કરવાની કસરતો શવાસનની ભૂમિકા તૈયાર કરે છે. સ્નાયુઓ શિથિલ થતાં મન શાંત થાય છે. મન શાંત થતાં શરીર વધુ શિથિલ થાય છે. આ સુખદ ચક્ર છે. આ પ્રક્રિયા દરમિયાન મન સ્નાયુ ખેંચવાની અને શિથિલ થવાની ક્રિયામાં પરોવાયેલું રહે તે અગત્યનું છે. શવાસન અને ધ્યાન શાશ્વત વર્તમાન ક્ષણના આનંદને માણવામાં સહાયભૂત થાય છે.

માનવીના શરીરનું સંચાલન મૂળભૂત રીતે મગજ, કરોડરજ્જુ અને જ્ઞાનતંતુના બનેલા ચેતાતંત્ર દ્વારા થાય છે. તણાવ વખતે તેમાં અનુકંપી ચેતાતંત્ર સક્રિય બને છે. શવાસન દરમિયાન પરાનુકંપી ચેતાતંત્ર કાર્યાન્વિત થાય છે અને બંને વચ્ચે સંતુલન પ્રાપ્ત થાય છે. પરિણામે એડ્રેનલિન, નોરએડ્રેનલિન અને કોર્ટિકોસ્ટેરોઇડ જેવા હોર્મોનના સ્રાવ ઘટી નોર્મલ થાય છે. લેક્ટીક એસિડ બનવાનું પ્રમાણ ઘટે છે. રોગપ્રતિકારક શક્તિ વધે છે. વળી મગજમાંથી એન્ડોર્ફિન્સ અને ન્યુરો પેપ્ટાઇડ્ઝના સ્રાવ ઉત્પન્ન થાય છે. તેનાથી શાંતિ અને આનંદનો અનુભવ થાય છે. આ જૈવ રાસાયણિક ફેરફારોથી સ્વાસ્થ્યની પુનઃપ્રાપ્તિ થાય છે.

- **શવાસનના ઉપયોગો :**


શવાસન અને ધ્યાનના ફાયદાઓ સમજાયા પછી તેનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યો છે. આરોગ્ય ક્ષેત્રે હૃદયરોગ, કેન્સર તેમજ ઘણા દર્દોમાં તે લાભદાયી પુરવાર થયેલ છે. વ્યક્તિમાં તનાવ ઘટાડવા, કાર્યક્ષમતા વધારવા, ઉત્પાદન વધારવા ઘણા ક્ષેત્રમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. રમતવીરોમાં તેનાથી સહનશક્તિ અને સહકારવૃત્તિ વધતાં જોવામાં આવ્યા છે. આથી વિશ્વ આરોગ્ય સંસ્થાનું ધ્યાન ખેંચાયું છે કે વિદ્યાર્થીઓનેજો શવાસન કરાવવામાં આવે તો તેમની એકાગ્રતામાં વધારો થાય. યાદશક્તિ અને ગ્રહણશક્તિ વધે. તેમનામાં પડકારો ઝીલવાની ક્ષમતામાં વધારો થાય. તેમની વિચારસરણી હકારાત્મક બનતાં વિકાસ અને પ્રગતિ ઝડપી બને. સગર્ભા સ્ત્રીઓ માટે પણ શવાસનની ભલામણ કરવામાં આવી છે. તેનાથી માતાના ઉદરમાં વિકસતા બાળક ઉપર મંગલ અસર થાય છે.

- **શવાસન કરવાની રીત :**


શવાસન કરવું ખૂબ જ સરળ છે. તે બેસીને પણ કરી શકાય. શવાસન સફળ રીતે કરવા માટે સૌપ્રથમ આપણું બધું ધ્યાન શરીર ઉપર કેન્દ્રિત કરવાનું હોય છે. આ સમયે બીજા વિચારો આવે તે સ્વાભાવિક છે. પણ તે નકાર્યા વિના વિચારો ઉપર ધ્યાન ન આપતાં શરીર ઉપર ધ્યાન આપવું. વિચારો ઉપર ધ્યાન નહીં આપો તો તે આપોઆપ શમી જશે. તે પછી શ્વાસ સાથે એકરૂપ થતાં શવાસનના લાભ મળવા શરૂ થઈ જાય છે.

શવાસન માટે જમીન પર ચત્તા સૂઈ જાઓ. પગના બે પંજા વચ્ચે એકાદ ફૂટ જેટલું અંતર રાખો. બંને હાથ શરીરથી થોડાક દૂર રાખી હથેળી આકાસ તરફ અને મુઠ્ઠી અડધી વાળેલી રાખો. વધુ શિથિલિકરણ માટે નીચે જણાવેલ અંગોને વારાફરતી ખેંચી એ ખેંચાતાં અંગો પર ધ્યાન લાવી, ખેંચાણનો અનુભવ કરી ઢીલાં મૂકતા જાઓ. દરેક ક્રિયા ઉતાવળ કર્યા વગર કે જોર કર્યા વગર બબ્બે વખત લયબદ્ધ રીતે કરો.


✦ બંને પગના પંજાને આગળની તરફ ખેંચી ઢીલા છોડી દો.




✦ ડાબા પગનાં આંગળાંથી ઠેઠ થાપા સુધી સ્નાયુઓને ખેંચી ઢીલા છોડી દો. આ પ્રમાણે જમણા પગને પણ બે વખત કરો.




✦ કમર નીચેના અને થાપાના સ્નાયુઓનું સંકુચન કરી ઢીલા છોડી દો.




✦ ફેફસામાં હવા ભરી છાતીના સ્નાયુઓમાં ખેંચાણ અનુભવી, તેને શિથિલ કરો.




✦ બંને હાથની મુઠ્ઠીઓ વાળી પંજાથી ખભા સુધીના સ્નાયુઓમાં ખેંચાણ અનુભવી શિથિલ કરો.



✦ ગરદનને ડાબેથી જમણે અને જમણેથી ડાબે લઈ જઈ, જે સ્થિતિમાં ફાવે તેમ ગરદનને રહેવા દો.



- ✦ જડબાને ધીરેથી પૂરેપૂરું ખોલો. સ્નાયુઓમાં ખેંચાણનો અનુભવ કરી ઢીલું છોડી દો. દાંત ભીંસાય નહીં તે પ્રમાણે જડબું હળવેથી બંધ થવા દો.
- ✦ આંખો ધીરેથી ખોલો, પૂરી ખોલો, ભ્રમર અને કપાળના સ્નાયુઓમાં ખેંચાણનો અનુભવ કરી ઢીલા છોડી દો. આંખોને હળવેથી બંધ થવા દો.



આમ આખા શરીરને શિથિલ કર્યા બાદ શરીરને ભૂલી શિથિલ અવસ્થામાં પડ્યા રહો. અહીં તમારું મન પણ શાંત થઇ ગયું છે. ખાસ ખ્યાલ રાખો કે શ્વાસ જેમ ચાલે છે તેમ ચાલવા દો. તેની ગતિમાં કોઈ ફેરફાર કરવાનો નથી. તેને માત્ર જોયા કરો. એક પણ શ્વાસ તમારા ખ્યાલ વિના ન અંદર જાય કે ન બહાર આવે તેની તકેદારી રાખો.

એવું બને કે ચિત્ત શ્વાસોચ્છ્વાસ ઉપરથી ખસી અન્ય વિચારોમાં સરકી જાય. તેનો ખ્યાલ આવે કે તરત તેને હળવેથી પાછું શ્વાસોચ્છ્વાસના નિરીક્ષણમાં જોડી દો. શરીરના પ્રત્યેક સ્નાયુ શિથિલ થતાં, શ્વાસ સાથે એકરૂપ બનતાં, શ્વસન પોતાની મેળે ઉદરીય બને છે. ઉદરીય શ્વસન શિથિલીકરણને વધુ ઊંડું બનાવે છે. આવી પ્રગાઢ શાંતિની સ્થિતિમાં થોડી મિનિટ પડ્યા રહો. આ શવાસન છે. મન શાંત અને શ્વાસ સાથે એકાગ્ર છે. આ પરમ શાંતિ અને આનંદની, ચેતનાની અનુભૂતિની ક્ષણો છે. આ ક્ષણે કેટલીક વિશિષ્ટ ઘટનાઓ ઘટે છે.

તમે તમારું ધ્યાન જ્યારથી એક પછી એક ખેંચાતા અને શિથિલ થતાં સ્નાયુઓ ઉપર લઇ જાઓ છો ત્યારથી શવાસનની શરૂઆત થાય છે અને શ્વાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી તે સંપૂર્ણ થાય છે. શવાસનમાંથી બહાર આવવા એક-બે ઊંડા શ્વાસ લઇ હળવેથી હાથપગ હલાવી પડખું ફરી બેઠા થાઓ.

- **શવાસનમાં વિશિષ્ટ શું બને છે?**

- ✦ વ્યક્તિનો તનાવ પ્રત્યે પ્રતિભાવ બદલાય છે. વ્યક્તિના વિચારો, વૃત્તિઓ, ભાવનાઓમાં પરિવર્તન આવે છે. ક્રોધ, વેરભાવ શમે છે.
- ✦ શવાસનમાં વર્તમાનમાં રહેવાનો મહાવરો થાય છે.
- ✦ શવાસન દરમિયાન વ્યક્તિને પોતાની સાચી ઓળખ થાય છે અને અહેસાસ થાય છે કે જે શાશ્વત અને અવિનાશી છે તે પોતે છે. તેને મૃત્યુનો ભય ક્યાંથી હોય!
- ✦ શવાસન દરમિયાન શરીરને નિષ્પ્રાણ જેવું બનાવવાનો અનુભવ થતો હોવાથી પણ મૃત્યુનો ડર ઘટી જાય છે.
- ✦ શવાસનમાં વ્યક્તિ પોતાની આકાંક્ષાઓનું મનોપટ પર ચિત્ર ખડું કરી તે ફળીભૂત થાય તો કેવો આનંદ થાય તે અનુભૂતિ જો વારંવાર કરે તો એ આકાંક્ષાઓ ફળીભૂત થવામાં સહાય થાય.
- ✦ શવાસન દરમિયાન ધ્યાન વખતે વ્યક્તિ પોતા માટે, સહુ કોઈ માટે, પોતાના પ્રતિસ્પર્ધી કે વિરોધી માટે પણ પ્રેમ અને કરુણાથી ભરપૂર શુભ ભાવના રાખે તો તે અન્યોને કલ્યાણકારી નીવડે તે કરતાં વધુ વ્યક્તિને પોતાને શ્રેયકર નીવડે છે.
- ✦ આ ક્ષણ માનવીય ગુણોમાં પરિવર્તન માટે ટર્નિંગ પોઇન્ટ બની રહે છે.

- **શીઘ્ર શવાસન :**

શરીરનાં બધાં અંગો વારાફરતી ખેંચી શિથિલ કરી શવાસન કરવા માટે સમય ન હોય તો શીઘ્ર શવાસન કરીને શવાસનનો લાભ લઈ શકાય.

આરામથી ચત્તા સૂઈ શરીર ઉપર ધ્યાન કેન્દ્રિત કરી હાથ, પગ અને ધડના સ્નાયુઓને એક સાથે ખેંચી, સ્નાયુઓ શિથિલ કરી મૂળ સ્થિતિમાં આવી જાઓ. ફરી એ પ્રમાણે કરો. થોડી મિનિટ શિથિલ અવસ્થામાં શ્વાસ સાથે એકાગ્ર થઈ પડ્યા રહો. પછી એક-બે ઊંડા શ્વાસ લઇ હળવેથી હાથપગ હલાવી પડખું ફરી બેઠા થાઓ.

***સૌજન્ય : ડૉ. રમેશ કાપડિયા***
***"સ્વાસ્થ્ય સુધા"***

*મને સમજાતું જાય છે કે માત્ર પોતાની જાતમાંથી સામર્થ્ય પ્રાપ્ત થશે, નહીં કે બીજાઓ પાસેથી. સાચી શાંતિ ત્યારે જ આવશે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતમાં જ શાંતિને શોધે... મારે મારા પોતાના જ રસ્તે જવાનું છે એ બાબત મને બળ આપે છે... માત્ર મનથી ભાંગીને પણ ઘણા બધાં લોકો મૃત્યુ પામે છે... મુશ્કેલી આ જ છે કે લોકો પોતાનો સંતાપ બીજાને બભે નાખતા રહે છે... જગતના તમામ જખમોને રૂઝવવા માટેનું ઔષધ બનવાની આપણી તત્પરતા હોવી જોઈએ.*

# પુત્રવધૂ

**વૈશાલી પરેશ પરમાર - ભુજ**

આપણે સૌ જે પ્રસંગની રાહ જોઈ રહ્યા છીએ તે આપણા સોની જ્ઞાતિના સમૂહલગ્નમાં જોડાયેલા છે, તેમનો ખૂબ ખૂબ આભાર કે તેઓ જ્ઞાતિ માટે એક સારૂં કાર્ય કરી રહ્યા છે.

હવે આપણે વાત કરીએ સમૂહ લગ્નની. તો "સમૂહ લગ્ન" – શબ્દમાં જ સમાજને એક મેસેજ આપે છે. સમૂહમાં એટલી શક્તિ છે, જે એકલામાં નથી. એકને એક સાથે મળીને અગિયાર બની જાય છે. એટલે જ આપણે ક્યાંક પૈસા મૂકવામાં દસ નહીં પણ અગિયાર મૂકવાનો રીવાજ છે.

આપણે લગ્નની વાત કરીએ તો જીવનની આ એક ધન્ય પળ હોય છે. આ સમયમાંથી પસાર થતો વ્યક્તિ આસમાનમાં ઉડતો હોય છે. આજે ઇન્ટરનેટના જમાનામાં પોતાનું વૉટ્સએપ ખોલીને પહેલા પોતાના જીવનસાથીને જોવાની જાણે તાલાવેલી હોય છે. આ દિવસો ગોલ્ડન પીરિયડ કહેવાય છે. લગ્ન કરી પોતાના જીવનસાથીને લઇ ઘરે આવે છે અને છોકરીને એક નવું નામ મળે છે – પુત્રવધૂ.

કોઈએ સમજીને જ આ નામ રાખ્યું હશે. પુત્રવધૂ એટલે કે 'પુત્રથી વધુ.' પુત્રથી પણ વધારે એમને પ્રેમ આપો.

જે દીકરાને તમે ખૂબ તકલીફ વેઠીને મોટો કર્યો, તમારા મોજશોખને મૂકીને એને ભણાવ્યો અને પગભર બનાવ્યો. માં દીકરા વચ્ચેનો આ પ્રેમ ૨૫ વર્ષ સુધી આમ જ ચાલતો રહ્યો પણ હવે એ પ્રેમના ભાગીદાર બનવાવાળી વ્યક્તિ પણ ઘરમાં આવી રહી છે. મા ની જગ્યા હવે ધીમે ધીમે પત્ની લઈ રહી છે. તેના દરેક કામકાજમાં તેને સહકાર આપી રહી છે. દીકરાના દિલમાં માં માટે જે ૧૦૦% પ્રેમ હતો, તેની ૭૦% જગ્યા હવે પત્નીએ લઈ લીધી છે અને ૩૦% જગ્યા મા માટે બાકી છે. પણ આજની જનરેશનમાં ઘણી શક્તિ છે. આ જનરેશન ગેપને હરાવી પ્રેમને ૧૭૦% કરી નાખવાની શક્તિ છે. એને તમે સમજો અને આ પરિવર્તનને અપનાવો.

આજની નારી દેશ પણ ચલાવી શકે છે તેમજ દરેક ક્ષેત્રમાં પોતાનું આગવું પ્રભુત્વ ધરાવે છે. તેવી જ રીતે ઘર ચલાવતી સ્ત્રી પણ એક મહાન કાર્ય કરે છે. તેને લક્ષ્મીનું સ્વરૂપ માનવામાં આવે છે. જમવામાં મિષ્ટાન્ન ન હોય તો ચાલે, પણ જો શાકમાં મીઠું ન હોય તો ન ચાલે. ઘરમાં પુત્રવધૂનું સ્થાન આ મીઠા જેવું છે. તેના વગર ઘર ફિક્કુ લાગે છે. ખરેખર તો સાસુએ દીકરા દીકરી કરતા પણ પુત્રવધૂને વધુ પ્રેમ આપવો જોઈએ કારણકે દીકરી પરણીને સાસરે ચાલી જાય છે, દીકરો કામધંધા માટે ઘરથી બહાર હોય છે. સાસુનો પડછાયો જો હોય તો તે છે પુત્રવધૂ. તે હંમેશાં સાસુ સાથે જ રહે છે.

જ્યારે આપણે ઘરની બહાર જઈએ ત્યારે ઘરને તાળુ મારીએ છીએ અને એ ચાવીને સંભાળીને આપણી પાસે રાખીએ છીએ. આપણા ઘરની પુત્રવધૂ, એ આપણા ઘરની ચાવી છે અને આપણે તેને સંભાળવાની છે. નહિંતર આપણા ઘરનું તાળું ખૂલતું નથી. તાળું ગમે તેટલું મજબૂત હોય તો પણ ચાવી વગર તેની કોઈ કિંમત નથી. એ નાની એકલી ચાવી બધાને સાચવી લેશે અને બધાને ઘરમાં સમાવી લેશે.

અત્યારે કળિયુગ ચાલે છે. પણ આજની ભણેલી છોકરી કોઈ એવું નથી ઇચ્છતી કે માં દીકરાને જુદો કરી દઉં. એ પણ જાણે છે કે "સંપ ત્યાં જંપ." આજની પેઢીની દીકરીઓ ખરેખર સમજુ અને પ્રામાણિક છે. વડીલો, આજની છોકરીને અપનાવો અને સમજવાની કોશિશ કરશો તો તે ઘરને સ્વર્ગ બનાવી દેવાનું સામર્થ્ય ધરાવે છે.

આજના સાસુ એ માળાના એ પહેલા મોતી જેવા છે. માળાના મોતી પર બીજા મોતી આવતા જાય છે અને પહેલા મોતી પર ભાર વધતો જાય છે. પણ માળા એ રીતે જ બને છે. તેવી રીતે ઘરની જવાબદારીનો ભાર ભલે તમારા પર આવી જાય પણ આખી માળા બનીને સુંદર લાગે તેમ પરિવારથી ભર્યું ઘર સુંદર લાગે છે. આ ભગવાનની એક ગીફ્ટ છે. તેને ભારની દૃષ્ટિએ ન જોવી જોઈએ. તમારો આ જ દૃષ્ટિકોણ તમારા જીવનને સુંદર બનાવી દેશે.

બંને પેઢી સાથે ચાલો. પરિવારના દરેક સભ્યો એકબીજા માટે પ્રેમ, સમય, માન આપો. પછી જોજો, ૧૭૦%થી પણ વધુ પ્રેમ તમને મળશે. નદીનું પાણી જેમ વહેતું રહે એમ આપણું જીવન પણ પ્રવાહની જેમ આનંદમાં વહેતું રહેશે.

જે ઘરમાં સાસુ અને પુત્રવધૂ ખુશ હશે તે ઘરમાં જાણે લક્ષ્મી અને મહાલક્ષ્મીનો સંગમ હશે. તે ઘર સ્વર્ગથી પણ સુંદર લાગશે. તો આપણે પણ આપણા ઘરને સ્વર્ગથી સુંદર બનાવીએ. નાના મોટા પડકારોનો સામનો કરી આપણા સંબંધને વધુ મજબૂત બનાવીએ એવી અભ્યર્થના સાથે દરેક સ્ત્રીને મારા નમન... ■

*ઘણાં માણસો ફક્ત મનોરથોની દુનિયામાં જ જીવતા હોય છે. એમનું મન રોજ નવા નવા નિશ્ચયો કરતું હોય છે. આજે આ કરવું છે, કાલે પેલું કામ પતાવવું છે અને એટલે આટલા વખતમાં આ વસ્તુ પાર પાડવી છે. એવા એવા વિચારોનું ભરતકામ એ કર્યા જ કરે છે. પણ આવી દોરંગી દુનિયામાં વાસ કરનારા માનવીઓમાં એક ખાસ ખૂબી હોય છે. તે એ કે એમનું મન દોડે છે, બુદ્ધિ દોડે છે પણ હાથ પગ કંઈ કામ કરતા નથી.*

# मेरा व्याकुल मन - कल रात डेढ बजे

डॉ. आरोही परमार

यह मामला ७ सात साल पहले का है. उस समय खंभात की दावत होटल में रसोइए के रुप में काम करनेवाले एक सज्जन की मां का... मुझे उनका नाम या चेहरा याद नहीं है, मुझे सिर्फ उस हृदयकंपन की याद है जो मैंने उस दिन के बाद कभी नहीं महसूस किया!

अन्डर ग्रेज्युएशन कॉलेज के दूसरे वर्षमें, हमें क्लिनिकल केस स्टडी करने के लिए एक दिन में एक घंटे के लिए अस्पताल जाने मिलता था। सर्दियों के दिनो में, मैं अपने क्लिनिक में अनमोल उबाउ व्याख्यान बंक कर, अक्सर अस्पताल की बाल्कनी में खडे रहकर भविष्य के बारे में सपने देखा करती थी।

"मेरा अस्पताल का केबिन आलीशान होगा. हर एक पेशन्ट को चेक करने बाद हाथ धोने के लिए एक पूरी तरह से स्वचालित पारदर्शी बायसीन होगा... केबिन में बैठे बैठे, घरमें एक कैमरा के कनेक्शन ओ.पी.डी. में लगाकर माता-पिता का भी ध्यान रखा जाएगा।... कुछ जरुरतमंद पेशन्ट की दवाइयां "एम.आर." से हजार प्रिस्क्रिप्शन / महिना का जूठा वादा कर ऐठ लिया करुंगी...!"

सपने देखने में कौन भला रोक सकता है...???

लेकिन मुझे उस दिन रोका... एक आवाजने! पीछे से आई एक बूढी आवाज जो मानो, निराशाओं से डूबे हुए मन से निकलकर... सीधा ही आ पहुंची मेरे कानो में... "बेटा, आप यहां मेरे पास आ सकते हैं??? एक ७० वर्षीय दादीजी, जो बालकनी के दरवाजे के पास एक कोने के बिस्तर पर सो रहे थे, मुझे सपनों की दुनिया से वापस अस्पताल खिंच लाए।

"हाँ अम्मा... आ गई। बोलो, क्या काम है?"

दादीजीने आसपास देखकर सुनिश्चित किया की कोई सुन ना रहा हो। मेरे सभी सहपाठी एक वैज्ञानिक के धैर्य से सर को घिरे हुए थे... सर एस.एल.आर. परीक्षण सीखा रहे थे. दादीजी को समज आ गया था कि मुझे स्पष्ट रुप से उसमें कोई दिलचस्पी नहीं थी।

"बेटा, खुदा तुमको खुश रखे... तुम मेरी बेटी, क्या मुझे झहर का एक इंजेक्शन लगा सकती हो?" यह कहते हुए वक मेरा हाथ दबाने लगी और रोने लगी... २१ साल की उम्र में, मुझे नहीं पता था कि ऐसी स्थिति में क्या करना रहता है...? मैं अभिभूत थी! मैंने चार से पाँच मिनिट तक उनके हाथ पर हाथ रखा और उन्हें रोने दिया। फिर मैंने मूर्खतापूर्ण जवाब दिया: "अगर मेरे सर मुझे इस तरह देखते हैं, तो मुझे पनिशमेन्ट मिलेगी। आप कृपया चुप रहिए... मैं आपको लंच ब्रेक पर देखने आउंगी।" अगले पैंतालीस मिनट के लेक्चर मे, मैं ४५ विभिन्न विचारों से घिरी हुई थी। अटेंडेंस पर रोल नंबर २५ आने पर मैं 'यस यस सर...' चिल्ला ना सकी।

जैसे ही बैल बजी, में भागते हुए दूसरी मंझिल फीमेल वोर्ड पहुंची...। वे इन्तजार कर बैठे हुए थे। उन्हें नहीं पता था कि ब्रेक किस समय होगा, लेकिन उन्हें उम्मीद थी कि मैं जरुर आउंगी। एक दूसरे को महसूस करने का संबंध हमारे बीच पहले पाँच मिनिट के भीतर बन चूका था।

मुझे देखते ही उनकी भावनाओं को रुकाया हुआ आंसुओ का पूल तूट गया! कुछ मिनटों तक वह रोती रही. मैं बिना कहे समझ चूकी थी, उनका दर्द मन से जुडा हुआ था। अक्सर बूढे पेशन्ट मेरे सामने रोते आये हैं। अंदाजा अब आपने भी लगा लिया होगा, की अपनोने दिया हुआ दर्द कई बार बुढों को अन्जान के सामने रोने पर मजबूर कर देता है..! रोते हुए कह रही थी वह – "मेरी बीमारी की वजह से सब छोड़कर चले गये हैं... मेरा ४० साल का बेटा ही एक बचा है घरमें। मुझे नहाने के बाद कपडे पहनाते वक्त आंखे बंद कर लेता है... अब मैं ऐसे नहीं जी सकती हुं... मुझे मार दो बेटा, तुम्हारे उपर कुछ नहीं आयेगा."

क्या बोलती मैं..???

कुछ दवाइयों के पैसे, मम्मीने घर से दिया हुआ ब्लेन्केट और हररोज मिलने आने का वादा कर.. मैं निकल गई। हम हररोज मिलते रहे... कुछ दिनों बाद बाजुवाले पेशन्ट से पता चला... वो हर वक्त मेरे बारे में बात किया करती थी।

उनके चेहरे पर अब हसी आने लगी थी, लेकिन दिल उतना ही कमजोर होता जा रहा था... मेरे सर, जो की उनके कन्सल्टिंग डॉक्टर थे, उनको ऐसा लगता था कि वह मेरी फेमिली रिलेटीव है... मुझे अपनी कैबिन में बुलाकर कहा... "आरोही, अपनी दादीजी को तुरंत हायर सेन्टर पर रीफर करना होगा... वो अब ज्यादा दिन नहं देख पाएगी!"

उनका लडका देर शाम को उन्हें लेने पहुंच जाएगा ऐसा मुजे नर्सने बताया। होस्टेल हमारी ७ बजे बंद हो जाती थी, मैं जाते वक्त उन्हें मिल नहीं पाई...

कइ दिनों तक उस बेड पर कोई नहीं आया! दादीजी मेरा दिया हुआ ब्लेन्केट वहीं छोडकर गई थी! मैंने भी वो नहीं उठाया...

इस के बाद, कुछ हफ्तो में महा शिवरात्री पर्व था।

उसके दूसरे ही दिन मुझे बहुत बैचेनी हो रही थी। सुबह पांच बजकर दस मिनिट पर मैं पसीने से लथपथ डर से उठ गई। मेरी सांस फूल रही थी। वही दादीजी सपने में आए थे, बूरी तरह घायल, पूरा सरीर उनका सफेद कपडों से लिपटा हुआ... मुझे कह रहे थे, "तुम, मेरी बेटी, क्या मुझे झहर का एक इंजेक्शन लगा सकती हो...???"

मेरे पास उनका कोइ कोन्टेक्ट नंबर नहीं था। मैं बस सोच रही थी, की जल्द ही होस्पिटल के पुराने रेकार्ड में उनका नम्बर निकालकर बात करुं...

आधे ही घंटे में एक अननोन नंबर पर से मुझे कोल आया... दादीजी के ४० वर्षीय बेटे का था।

"मैडम... मम्मी अब नहीं रही..." खूब रो रहे थे वो...

मेरी सांस रुक सी गई... मैं कुछ बोल नहीं पाई, सिर्फ इतना पूछा... "कब हुआ यह...???"

मुझे जवाब मिला... "आज सुबह पांच बजकर दस मिनट..."

*(संपूर्ण सत्य घटना)*

## કંસારા સમાજનું વિશિષ્ટ ગૌરવ
## રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય વિરલ સિદ્ધિ




"When there is a Will, there is a way" – આ ઉક્તિ અનુસાર જીવનમાં ધંધાકીય ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે અથવા રમતગમત ક્ષેત્રે સંપૂર્ણ પ્રયત્ન અને પરિશ્રમ કરવાથી તેનો રસ્તો આપોઆપ મળી જાય છે અને લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

આવા જ એક ઉદાહરણરૂપ આપણા કંસારા સમાજના અમદાવાદના શ્રી બળવંતભાઈ જગજીવનદાસ કંસારાએ ૭૦ વર્ષની ઉંમરે ITTF દ્વારા આયોજીત નવેમ્બર-૨૦૧૯માં દોહા (કતાર) ખાતે રમાયેલ વર્લ્ડ વેટરન્સ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ૭૦થી ૭૪ વર્ષ વયમાં ડબલ્સ ઈવેન્ટમાં Bronze Medal મેળવી, વિદેશની ધરતી પર ભારતીય ધ્વજ ફરકાવવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. દિવ્ય ભાસ્કર, સંદેશ, ફૂલછાબ તથા અન્ય દૈનિક પત્રોમાં પણ આ સમાચાર પ્રસિધ્ધ થયેલ છે.

તેઓ છેલ્લા ચાર-પાંચ વર્ષથી ખેલ-મહાકુંભમાં ૬૦+ વય જુથમાં રાજ્ય કક્ષાએ પસંદગી પામતા રહે છે. તેમની ટીમે ૨૦૧૮માં ઇંદોર ખાતે રમાયેલ નેશનલ માસ્ટર ચેમ્પિયનશિપમાં પણ Bronze Medal મેળવેલ છે. તદુપરાંત ૨૦૧૭માં શ્રીલંકા ખાતે રમાયેલ South Asia Veterens ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ અને છેલ્લે તાજેતરમાં વર્લ્ડ લેવલે ડબલ્સ ઈવેન્ટ્સમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

વ્યક્તિ અને વિકાસને ઉંમર સાથે સંબંધ નથી હોતો. આ ઉંમરે શ્રી બળવંતભાઈનો રમત પ્રત્યેનો અભિગમ તથા લક્ષ્ય પ્રાપ્ત કરવાનો પરિશ્રમ દાખલારૂપ છે.

યુવાનો, વિદ્યાર્થીઓ અને વડીલોને પણ પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂં પાડનાર બળવંતભાઈ કંસારાને આપણી જ્ઞાતિ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. તેઓ રમતગમત ક્ષેત્રે તેમના અનુભવના માર્ગદર્શનનો લાભ કંસારા સમાજને આપતા રહે અને રમત પ્રત્યેનો તેમનો અભિગમ જળવાઈ રહે તેવી શુભેચ્છા.

## જ્ઞાતિ ગૌરવ



**મોહિત સોની** એ 2 x 2 અને 3 x 3 ક્યુબ સોલ્વ કરવામાં માસ્ટરી હાંસલ કરેલ છે.

***2 x 2 ક્યુબ કોમ્પિટીશનમાં મેળવેલ સિધ્ધિઓ :*** ● ૨૦૧૭માં સુરત ખાતે રેડિયન્ટ ઇંગ્લીશ એકેડેમિ દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ૭.૦૪ સેકન્ડનો સમય લઈ ત્રીજો ક્રમાંક. ● ૨૦૧૭માં અમદાવાદ ખાતે ઇન્ડિયન ક્યુબ એસો. દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ૭ સેકન્ડનો સમય લઈ પ્રથમ ક્રમાંક. ● ૨૦૧૮માં અમદાવાદ ખાતે વર્લ્ડ ક્યુબ એસો. દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ૩.૧૮ સેકન્ડનો સમય લઇ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

***3 x 3 ક્યુબ કોમ્પિટીશનમાં મેળવેલ સિધ્ધિઓ :*** ● વર્ષ ૨૦૧૭માં અમદાવાદ ખાતે ઇન્ડિયન ક્યુબ એસો. દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ૨૦ સેકન્ડનો સમય લઇ દ્વિતીય ક્રમાંક ● વર્ષ ૨૦૧૮માં મિનરલ ચેસ એકેડેમિ દ્વારા વડોદરા ખાતે યોજાયેલ સ્પર્ધામાં ૨૦ સેકન્ડનો સમય લઇ દ્વિતીય ક્રમાંક.

***3 x 3 ક્યુબ કોમ્પિટીશન (One Handed) :*** વર્ષ ૨૦૧૭માં સુરત ખાતે રેડિયન્ટ ઇંગ્લીશ એકેડેમિ દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ૧ મિનિટ ૭ સેકન્ડનો સમય લઇ તૃતીય ક્રમાંક મેળવેલ.

***'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.***

**ફાગુન મેહુલકુમાર સોની**એ 3 x 3 ક્યુબ સોલ્વ કરવામાં



માસ્ટરી હાંસલ કરેલ છે. તા. ૧૮-૧૦-૨૦૧૯ના રોજ આઈ.આઈ.ટી. - ગાંધીનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં ભાગ લઈ માત્ર ૨૫.૦૩ સેકન્ડ્સમાં ક્યુબ સોલ્વ કરી આપેલ. 3 x 3ના ક્યુબમાં તેમનો બેસ્ટ રેકોર્ડ માત્ર ૧૮.૮૪ સેકન્ડ્સનો છે. તેઓ 3 x 3 ઉપરાંત 2 x 2, 4 x 4 અને મિરર ક્યુબ પણ ખૂબ ઝડપથી સોલ્વ કરી શકે છે. 2 x 2 ક્યુબ માટે તેમનો બેસ્ટ રેકોર્ડ માત્ર ૫.૮૬ સેકન્ડ્સ છે.

***'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.***



**પ્રીશા આનંદકુમાર કંસારા (સિહોર)** Std.-1 ની પરીક્ષામાં ૯૭.૦૭% ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલ છે.

***'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.***



## ડૉ. વિનોદ કંસારા

**M.B.B.S., M.S.**

ડૉ. વિનોદ કંસારાએ અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી M.B.B.S.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ અમદાવાદની એન.એચ.એલ. મેડિકલ કોલેજમાંથી જનરલ સર્જરીમાં માસ્ટર ડિગ્રી M.S. (General Surgery) પ્રાપ્ત કરેલ છે.

તેઓએ અમદાવાદની વી.એસ. હોસ્પિટલ તથા એસ.સી.એલ. જનરલ હોસ્પિટલમાં ત્રણ વર્ષ રેસિડેન્ટ ડોક્ટર તરીકે અનુભવ મેળવેલ છે. હાલમાં તેઓ મુંબઈ ગ્લોબલ હોસ્પિટલ ખાતે સુપર સ્પેશિયાલિટી DNB - Urology Surgery વિષય પર કોર્સ કરી રહેલ છે. ડૉ. વિનોદ કંસારાના પરિવારનું મૂળ વતન રાજસ્થાનમાં દેવગઢ (જી. રાજસંમદ) છે.

***તેમની ઉજ્જવળ કારકિર્દી માટે 'જ્ઞાતિસેતુ' પરિવારની શુભેચ્છા.***

## MATRIMONIAL



| | |
|---|---|
| **Name** | : **SACHIN** Dilipbhai Soni |
| **Birth Date** | : 18-11-1988 |
| **Birth Time** | : 01.30 a.m. |
| **Birth Place** | : Kathlal, Kheda |
| **Caste** | : Pomal (Soni) |
| **Education** | : CA, B.Com. |
| **Occupation** | : CA Practice |
| **Height** | : 5'10" |
| **Income** | : Rs. 85,000 per Month |

***FAMILY DETAILS***

| | |
|---|---|
| **Father** | : Dilipbhai D. Soni (Business) |
| **Mother** | : Chandrikaben D. Soni |
| **Sister** | : Payal D. Soni<br>Married to Dhaval Soni (London) |
| **Contact No.** | : 99982 96086, 94295 85562, 94292 04002 |
| **Address** | : 58, Laxminarayan Society, B/h. Shilpa Medical, Hirawadi Road, Hirawadi, Ahmedabad-382 350 |

## ભાવ પ્રતિભાવ

સતત ૧૫ વર્ષથી પ્રકાશિત થતા પારિવારિક સામાયિક "જ્ઞાતિસેતુ"એ સમગ્ર કચ્છી કંસારા સમાજને પ્રકાશિત અને ઉજ્જવળ કરેલ છે. સાથે સાથે વતનથી દૂર વસેલા કચ્છી કંસારા સમાજના સભ્યોની કુટુંબ ભાવનાને લાગણીના સેતુથી જોડી 'જ્ઞાતિસેતુ' સામાયિકના નામની સાર્થકતા સિધ્ધ કરેલ છે.

વિશેષ જણાવવાનું કે ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૯ 'જ્ઞાતિસેતુ'ના સ્વાસ્થ્ય વિશેષાંક એક જ બેઠકે વાંચી જવાનું મન થયું અને વાંચીને ખૂબ જ આનંદ થયો.

આ વિશેષાંકે કચ્છી સમાજના વ્યક્તિઓએ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં જે જે ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી છે તેને ઉજાગર કરી સમાજ સુધી પહોંચાડવાનું સુંદર આવકારદાયક કાર્ય કરેલ છે.

કચ્છી કંસારા સમાજમાં આટલા બધા ડૉક્ટરો, મેડિકલ તજજ્ઞો સ્વાસ્થ્ય ક્ષેત્રે નિષ્ણાતોએ જે કાઠું કાઢ્યું છે તે જાણીને અચરજ સાથે આનંદ થયો. ખરેખર આ આપણા સમાજની પ્રગતિનો માઈલસ્ટોન ગણાય.

દેશની સાથે સાથે પરદેશમાં પણ પોતાની કારકિર્દી ઉજ્જવળ કરનાર ડૉક્ટરોની વિગત જાણી તથા દરેક રોગોના અનેકવિધ ડૉક્ટરો અને સ્પેશિયાલિસ્ટ છે તેની વિગતવાર માહિતી જાણી. પણ વિશેષ આનંદની વાત એ છે કે તેઓએ પણ સમાજને પોતાની સેવા તથા માર્ગદર્શન આપવાની વિશેષ ભાવના અને તત્પરતા બતાવી છે તે સરાહનીય છે.

આ અંકમાં વાંચકોને પણ સ્વાસ્થ્ય અંગેની ટીપ્સ આપી છે. સાથે સાથે સમાજ દ્વારા સંચાલિત મેડિકલ માર્ગદર્શન સહાય યોજનાની સંપૂર્ણ માહિતી આપી કોના દ્વારા કેવી રીતે સહાય મળશે તે ફોન નંબર સાથે સરળ રીતે આપીને આંગળી ચિંધ્યાનું પુણ્ય પ્રાપ્ત કરેલ છે અને આ અંકને સંગ્રહવાલાયક બનાવ્યો છે.

મેડિકલ ક્ષેત્રે સિધ્ધિ મેળવનારની આટલી ઝીણવટભરી માહિતી એકઠી કરીને તેઓની સિધ્ધિ બિરદાવી છે અને સાથે સાથે સમાજને ઉપયોગી થાય તેવી માહિતી પૂરી પાડી છે. તે માટે સંપાદક મંડળને સો સો સલામ.

આમ અનેકવિધ પ્રવૃત્તિઓને આવરી લઈ સમાજને એક તાંતણે બાંધવાનો સતત પ્રયત્ન ૧૫ વર્ષથી કરી રહેલ "જ્ઞાતિસેતુ"ના તંત્રી મંડળના તમામ હોદ્દેદારો તથા સેવાભાવી ભૂતપૂર્વ અને વર્તમાન કચ્છી કંસારા સમાજના હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન.

***બળવંત જે. કંસારાના જયશ્રીકૃષ્ણ***
***મો. ૯૩૭૫૫ ૯૩૭૪૫***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *આયોજીત* ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૯

અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં કાયમી વસવાટ કરતા કચ્છીઓની જ્ઞાતિ સમાજના અથવા તો વિસ્તારની રીતે ફેલાયેલા નાના-મોટા લગભગ ૪૦ જેટલા ઘટક સમાજો છે અને દરેક સમાજ પોતાની રીતે જ્ઞાતિઓના મેળાવડા, સાંસ્કૃતિક કાર્યક્રમો, શૈક્ષણિક સન્માન વગેરે પ્રકારના જાગૃતિના કાર્યો યોજતા આવે છે.

તદુપરાંત અત્રે કચ્છી સમાજ પણ છે કે જે કચ્છની બધી જ જ્ઞાતિઓને આવરી લે છે અને કોઈપણ જ્ઞાતિના કચ્છી પરિવાર તેના સભ્ય બની શકે છે.

દરેક જ્ઞાતિ સમુદાયના યુવાનો પરસ્પર એકબીજાની નજીક આવે એ હેતુથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદે તાજેતરમાં એક ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન ગોઠવેલ હતું. જેને દરેક જ્ઞાતિ તરફથી સારો એવો સહકાર સાંપડેલ હતો. આ ટુર્નામેન્ટમાં ૬ જ્ઞાતિઓની ૮ ટીમોએ ભાગ લીધેલ હતો કે જે ડિસેમ્બર-૨૦૧૯ની ૨૦થી ૨૨ તારીખો દરમ્યાન પાર્થ પાર્ટી પ્લોટ (વૈષ્ણોદેવી સર્કલ પાસે) ખાતે યોજાયેલ હતી.

પ્રથમ બે દિવસ ૫-૫ લીગ મેચ "ડે મેચ" તરીકે યોજાયેલ હતી. જ્યારે બે સેમિ ફાઈનલ તથા ફાઈનલ મેચ ત્રીજા દિવસે રવિવારે "નાઈટ મેચ" તરીકે યોજવામાં આવેલ હતી. આ મેચ દરમ્યાન દરેક સમાજના આગેવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દરેક ક્રિકેટ ટીમના યુવા ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડેલ હતું.

ફાઈનલ મેચમાં વિનર ટીમ તરીકે કચ્છ કડવા પાટીદાર સમાજની ટીમ-૧ આવેલ હતી કે જ્યારે રનર અપ તરીકે કચ્છ વાગડ લોહાણા મહાજનની ટીમ આવેલ હતી.

મેચ દરમ્યાન અમ્પાયર, સ્કોરર વગેરેની પ્રોફેશનલ સેવા લેવામાં આવેલ હતી કે જ્યારે લાઈવ કોમેન્ટ્રી સમાજના જ સભ્યોએ માઈક પર આપી, આખી ટુર્નામેન્ટને જીવંત બનાવી દીધેલ હતી. ફાઈનલ મેચ રાત્રે ૨ વાગે પૂર્ણ થયેલ હતી કે જે સમયે મેન ઑફ ધ મેચ, મેન ઑફ ધ સીરીઝ, વિનર ટીમ વગેરેને સમાજના અલગ અલગ મહાનુભાવો દ્વારા ઍવોર્ડ આપવામાં આવેલ હતા.

આ ટુર્નામેન્ટમાં ૮ જેટલી ટીમોને તેમની જ્ઞાતિએ અથવા તો જે-તે સમાજના મહાનુભાવોએ સ્પોન્સર કરેલ હતી. જ્યારે સંપૂર્ણ ટુર્નામેન્ટના મુખ્ય સ્પોન્સરર તરીકે "નવનીત ગ્રુપ" રહેલ હતું. સાથે સાથે સહયોગી દાતાશ્રીઓ તરીકે શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર પબ્લિકેશન્સ), શ્રી મુકેશભાઈ પ્રભુલાલ હાલાણી (જય અંબે ઈન્ડસ્ટ્રીઝ - બાવળા), શ્રી ચમનભાઈ વલમજીભાઈ પલણ (રાધાવલ્લભ ગ્રુપ) અને શ્રી જગદીશભાઈ રવજીભાઈ અનર (જે.આર.જે. ફુડ્સ) રહેલ હતા.

ટુર્નામેન્ટ દરમ્યાન એનર્જી ડ્રિંક્સ (ફુલ્પી જેલી ડ્રિંક) મનીષ શાંતિલાલ મહેતા તરફથી, ટુર્નામેન્ટના દરેક ખેલાડીને ચોકલેટ ટોફીના ગીફ્ટ પેકેટ્સ જે.આર.જે. ફુડ તરફથી તથા વિનર અને રનર અપ ટીમના દરેક ખેલાડીને રૂા. ૫૦૦/-ની કિંમતના ગીફ્ટ વાઉચર KALOPSIA તરફથી પ્રોત્સાહન સ્વરૂપે આપવામાં આવેલ હતા.

ટુર્નામેન્ટ દરમ્યાન શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ શાહ, શ્રી ચીમનભાઈ પલણ, શ્રી કૌશિકભાઈ મજીઠિયા, શ્રી નરસિંહભાઈ પટેલ, શ્રી દક્ષેશ સંઘવી, શ્રી વીનિતભાઈ મજીઠિયા, શ્રી ગિરીશભાઈ રૈયા, શ્રી કીર્તિભાઈ બારૂ, શ્રી જયેશભાઈ ઠક્કર, શ્રી હિતેશભાઈ રાજદે, શ્રી યોગેશભાઈ ઠક્કર, શ્રી કીર્તિભાઈ વોરા, 'પાટનગર પ્રભાત'ના તંત્રી શ્રી વિનોદભાઈ ઉઢેચા, શ્રીમતી શીલ્પિબેન શાહ, શ્રી હીરેન પલણ, શ્રી મુકેશભાઈ હાલાણી, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી કિરણભાઈ મહેતા, શ્રી હીરેન વોરા વગેરે મહાનુભાવો તથા વિવિધ ઘટક સમાજના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

અન્ય ઍવોર્ડની સાથે નીચે મુજબના ઍવોર્ડ પણ યુવા ખેલાડીઓને એનાયત કરવામાં આવેલ હતા.

*મેન ઑફ ધ ફાઈનલ મેચ : શ્રી દીપેશ પટેલ (ક.ક.પા. સમાજ ટીમ-૧)*

*બેસ્ટ બેટ્સમેન ઑફ ધી ટુર્નામેન્ટ : શ્રી પાર્થ પટેલ (ક.ક.પા. સમાજ ટીમ-૧)*

*બેસ્ટ બોલર ઑફ ધી ટુર્નામેન્ટ : શ્રી નિકુલ ઠક્કર (ક.વા. લોહાણા મહાજન ટીમ)*

*બેસ્ટ ફિલ્ડર ઑફ ધી ટુર્નામેન્ટ : શ્રી રજત પટેલ (ક.ક.પા. સમાજ ટીમ-૧)*

*મેન ઑફ ધી સીરીઝ : શ્રી પાર્થ પટેલ (ક.ક.પા. સમાજ ટીમ-૧)*

ઉપરોક્ત ટુર્નામેન્ટના આયોજન માટે ઘટક સમાજના વિવિધ ટીમોના ખેલાડીઓની ત્રણથી ચાર વખત મીટિંગ મળેલ હતી કે જેમાં વિગતવાર આયોજન નક્કી કરવામાં આવેલ હતા. ટી શર્ટ અને કેપની જવાબદારી શ્રી હર્ષભાઈ મોરબિયાએ પાર પાડેલ હતી, જ્યારે ગ્રાઉન્ડ મેનેજમેન્ટ તથા અન્ય જવાબદારી શ્રી અંકિત ઠક્કર તથા શ્રી વૃશાંક હાલાણીએ નિભાવેલ હતી.

આ ટુર્નામેન્ટનું સૌથી અગત્યનું જમા પાસુ એ રહેવા પામેલ, કે આ ટુર્નામેન્ટના કારણે અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી જ્ઞાતિ સમાજોના યુવા કાર્યકરો એકબીજાની ખૂબ જ નજદીક આવી જવા પામેલ હતા કે જેનો લાભ ભવિષ્યના કોઈ આયોજનમાં મેળવી શકાશે.

SHIV™

innovation is our most important asset



WE AT SHIVAM STEEL
BELIEVE THAT BUYING
A SHIV SAFE WILL
PROVIDE YOU WITH
PEACE OF MIND.



chaitanya 9428011134

Accreditation Institute for Assessment Body (Europe)
AIAB QM 005
An ISO 9001:2015 Certified Company
CE

SHIVAM STEEL

MFG. OF : SAFE , STRONG ROOM DOOR , BANK LOCKERS
1, Udhyog Nagar, Shade No. K-11, Jetpur Road, Gondal - 360 311 Gujarat (INDIA)
t : +91 2825 222047, m : +91 98252 15047, w : www.shivsafe.in, e : shivamsteel47@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00